પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૩-૦૩-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ




RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૬૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# યુએઈમાં ફસાયેલા લોકો ચાર ફલાઈટસમાં ભારત આવ્યાં

## ઈન્ડિગો જેદ્દાહથી મુંબઈ, દિલ્હી, હૈદ્રાબાદ અને અમદાવાદ માટે વિશેષ રાહત ફલાઈટ ચલાવશે

નવી દિલ્હી, તા. ૩

આજે ઇઝરાયલ-ઈરાન યુદ્ધનો ચોથો દિવસ છે. ભારતના શિયા સમુદાયે ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મોતનો વિરોધ ચાલુ રાખ્યો છે. જમ્મુ અને કાશ્મીરમાં શ્રીનગર સતત બીજા દિવસે બંધ રહ્યું છે.

ઇઝરાયલ-ઈરાન યુદ્ધ વચ્ચે રાહતની વાત એ રહી કે સોમવારે મોડી રાત્રે UAEમાં ફસાયેલા ભારતીયો પાછા ફર્યા. તેમને લઈને દિલ્હી, મુંબઈ, ચેન્નઈ અને બેંગલુરુ માટે ૪ ફ્લાઈટ્સ પહોંચી. મિડલ ઈસ્ટની પરિસ્થિતિ અને ખામેનીના મૃત્યુ બાદ દુનિયાભરમાં પ્રદર્શનો થઈ રહ્યા છે. ભારતમાં પણ કાશ્મીરથી લઈને કોચી સુધી શિયા સમુદાયે પ્રદર્શનો કર્યા. કાશ્મીરમાં પોલીસે ટીયર ગેસના




ગોળા છોડીને ભીડને વિખેરવી પડી. જોકે, ભારત સરકારે તમામ રાજ્યોને ઉશ્કેરણીજનક ભાષણો માટે એલર્ટ રહેવા જણાવ્યું છે. આ તરફ, એવિએશન કંપની ઈન્ડિગો ૩ માર્ચે સાઉદી અરબના જેદ્દાહથી હૈદરાબાદ, મુંબઈ, દિલ્હી અને અમદાવાદ માટે ૧૦ વિશેષ રાહત ફ્લાઈટ્સ ચલાવશે. જ્યારે, એર ઈન્ડિયા એક્સપ્રેસ મસ્કટ માટે ઉડાન શરૂ કરી રહી છે. આ દરમિયાન, અબુ ધાબીની ઈતિહાદ, દુબઈની અમીરાત અને ફ્લાયદુબઈએ પસંદગીની ફ્લાઈટ્સ શરૂ કરી દીધી છે. અબુ ધાબી એરપોર્ટથી ઈતિહાદની ૧૫

અનુસંધાન પાના ૭ પર

## ભારતમાં પેટ્રોલ-ડીઝલ તથા ગેસના ભાવો વધશે નહીં

નવી દિલ્હી, તા. ૩

ખાડીના દેશમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ક્રુડતેલના ભાવ ૮૦ ડોલર પ્રતિબેરલ પહોચતા દેશમાં ચિંતા વધી છે પણ સરકાર પરીસ્થિતિ સંભાળી લેવાનો વિશ્વાસ અને તૈયારી દર્શાવે છે તથા હાલ ક્રુડતેલના ભાવમાં વધારો છતા ગેસ-પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ વધારો થશે નહી.

સરકારના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ મોંઘા ક્રુડતેલ અને રૂપિયો મોંઘો બનતા અને લોજીસ્ટીક ખર્ચ વધતા ક્રુડતેલની પડતર મોંઘી પડશે પણ જે કંઈ ખોટ સર્જાશે તે રીફાઈનરીઓ તથા ઓઈલ કંપનીઓ અને સરકાર ભોગવી લેશે.

લોકો પર કોઈ બોજો આવે નહી તે નિશ્ચિત કરશે. આમેય હવે આગામી સમયમાં ચુંટણીઓ આવી રહી છે તેથી સરકારને પેટ્રોલ-ડિઝલ તથા ગેસના સીધા ભાવવધારો રાજકીય રીતે પોષાય તેમ નથી.

## યુદ્ધના કારણે ભારતની ક્રુડતેલ અને ગેસ આયાતની ચિંતા વધી

### ભારત સરકાર રશિયા સહિતના વેકલ્પીક રૂટથી ક્રુડતેલનો પુરવઠો મેળવશે

નવી દિલ્હી, તા. ૩

અમેરિકા-ઈઝરાયેલ એ ઈરાન પર કરેલા હુમલાના પગલે ક્રુડતેલના ભાવમાં વધારા સાથે તેના પુરવઠો મળવાની સપ્લાય ચેઈન પણ ખોરવાઈ શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલા લાંબા ચાલશે તેવો ખુલ્લો સંકેત આપી દીધો છે અને યુદ્ધ વિસ્તરતુ જાય છે.

ખાસ કરીને ગલ્ફના દેશો જે આ કોચ કૃષિક્ષેત્રના મધ્યમાં છે તે વિશ્વભરમાં જે ક્રુડતેલ પુરા પાડે છે અને દુનિયાની સૌથી મોટી ક્રુડતેલ રિફાઈનરી અરામકોને પણ ડ્રોન હુમલા બંધ કરવી પડી છે તો કતારના વિશ્વના સૌથી મોટા ગેસ યુનિટને પણ ઈરાને 'હીટ' કરતા તે બંધ કરવાની ફરજ પડી છે. જેના કારણે ભારતની ચિંતા વધી છે. પણ જો તાત્કાલીક પરીસ્થિતિ



સુધરે નહી તો દેશની ક્રુડ તેલ સપ્લાયને અસર થઈ શકે છે.

જો કે સરકાર વિવિધ વિકલ્પો પર વિચારણા કરી રહી છે. જેમાં ઘર આંગણે પુરવઠો જાળવી રાખવા હાલ રીફાઈનરીમાં જે પેટ્રોલ-ડિઝલ નિકાસ કરે છે તે બંધ કરી આ પુરવઠો દેશ માટે અનામત રાખવા અને દેશમાં જ ગેસ ઉત્પાદન વધારવા સહિતના વિકલ્પ પર કામ કરે છે.

જો કે સરકાર અને રિફાઈનરીઓ કહે છે કે ઈંધણની કોઈ કમી નથી પણ રીફાઈનરીમાં ક્રુડતેલ મેળવવા જે હાર્મુસ જળમાર્ગ પર આધારિત છે તે માર્ગ યુદ્ધના કારણે હાલ લગભગ બંધ જેવી સ્થિતિ છે તેથી વૈકલ્પિક માર્ગ ચકાસી રહી છે.

ક્રુડતેલના ભાવ વધારાથી જો કે તાત્કાલીક કોઈ શકયતા નથી પણ સરકાર ફરી એક વખત રશિયન ક્રુડતેલ જે સલામત માર્ગે આવે છે તેથી આયાત વધારવા તથા માંગ-પુરવઠાની સ્થિતિનું 'મેનેજમેન્ટ' એટલે કે પુરવઠો મળતો રહે પણ ઉપલબ્ધ જથ્થાના આધારે તે માર્કેટમાં મુકવામાં આવે તે ઉપરાંત ખાસ કરીને એલપીજી (રાંધણગેસ)ના રેશનીંગ જેવા વિકલ્પ પર પણ વિચારણા કરી રહી છે.

જો કે આ સંબંધમાં કોઈ ગભરાટ ફેલાય નહી તે જોવા સરકાર ખૂબ જ સાવધાનીપૂર્વક આગળ વધશે. ભારત તેની ક્રુડતેલ આવશ્યકતાના ૯૦% આયાત કરે છે અને અરામકો તથા કતારની ગેસ યુનિટ પર હુમલા બાદ ગઈકાલે પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંઘ પુરીએ તાત્કાલીક એક બેઠકનું આયોજન કર્યુ હતું અને ક્રુડતેલ પેટ્રોલીયમ પેદાશોની માંગ-પુરવઠાની સ્થિતિની સમીક્ષા કરી હતી.

ભારતને એલપીજીની ૬૦-૬૫% અને

અનુસંધાન પાના ૭ પર

## રીયાધમાં અમેરિકી દૂતાવાસ પર ઈરાનનો મોટો હુમલો

### યુદ્ધ વધુ ભીષણ બનતા ટ્રમ્પે કહ્યું મોટા હુમલા આવી રહ્યા છે

તહેરાન, તા. ૩

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલાના આજે ચોથા દિવસે આ યુદ્ધ વધુ ભીષણ બને તેવા સંકેત છે. એક તરફ ઈરાને ગલ્ફમાં રીયાધમાં અમેરિકી દૂતાવાસ પર દુબઈ સહિતના વિસ્તારોમાં હવે ખુદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કુટુંબની માલીકીની સંપતિઓ પર પણ હુમલા કર્યો છે. ગલ્ફમાં વધુ અમેરિકી સૈનિકોના મોત થયા છે.

તો હવે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુંકાર કરતા જણાવ્યું છે કે ઈરાને અમારી ચેતવણી માની નથી અને જરૂર પડે અમો ઈરાનમાં સેના પણ ઉતારશું. તેઓએ સીએનએન સાથેની વાતચીતમાં ચેતવણી આપતા જણાવ્યુ કે ઈરાન પર હવે સૌથી મોટો હુમલો કરવા જઈ રહ્યા છે.

અમેરિકાથી વધુ લડાયક વિમાનો ચીનુક હેલીકોપ્ટર તથા લડાયક વિમાનોમાં હવામાંજ ઈંધણ ભરી શકાય તેવા નવ રીફયુલર પણ રવાના થયા છે તો બીજી તરફ ઈઝરાયેલના




વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતાનયાહુ એ જારી કર્યુ કે અમો હવે યુદ્ધમાં નિર્ણાયક સ્થિતિ બનાવવા જઈ રહ્યા છે. કોઈ યુદ્ધ અંતવિહીન હોઈ શકે નહી. ટ્રમ્પે ઈરાનમાં સતાપલટા અંગેના યુદ્ધના જવાબમાં વહેલા લશ્કરી પગલા પુરા થયા બાદ તે અંગે જારી કરશે તેવુ જણાયુ હતું.

બીજી તરફ ઈરાને પણ ટ્રમ્પનો પડકાર ઉપાડી લેતા કહ્યું કે અમો તૈયાર છીએ. કોઈપણ હુમલાને પહોંચી વળાશે. ઈરાને રીયાધમાં અમેરિકી રાજદૂત કચેરીને નિશાન બનાવી ડ્રોન હુમલો કર્યો હતો અને રાજદૂત કચેરીમાંથી આગ-ધુમાડા નિકળતા જોવા મળ્યા હતા તો ગલ્ફમાં અમેરિકી મથકો પર રીયાધમાં ડિપ્લોમેટીક કવાટર પણ ઈરાનનું નિશાન બન્યા છે.

મધ્યપુર્વેમાં યુદ્ધ ક્ષેત્ર સતત વધી રહ્યા છે તો બીજી તરફ ઈરાનના ટેકામાં મધ્યપુર્વના અનેક સંગઠનો પણ આવી ગયો છે. ઈરાને હીઝબુલ્લા સાથેનું આક્રમણ તેજ બનાવી દક્ષિણ વૈરૂતમાં ભારે બોમ્બમારો કર્યો છે.

આ યુદ્ધમાં ઈરાનને પણ તેના નાગરિકોની ભારે ખુવારી સહન

અનુસંધાન પાના ૭ પર

## ચીન અંડરસી નેવિગેશન બંધ કરી રહ્યું હોવાની યુએસની ચેતવણી

### અંડરસી એનડવાન્ટેજ યુદ્ધ માટે નિર્ણાયક પરિબળ છે : રીચાર્ડ સેફ

નવી દિલ્હી, તા. ૩

બે વરિષ્ઠ યુએસ નેવી અધિકારીઓએ કાયદા ઘડનારાઓને જણાવ્યું હતું કે ચીન અમેરિકાના લાંબા સમયથી ચાલતા દરિયાઈ પ્રભુત્વને નબળું પાડવા માટે મોટા પાયે રોકાણ કરી રહ્યું છે. તેઓએ "પાર્ટ ઓફ યોર વર્લ્ડ: યુએસ-ચાઇના કોમ્પિટિશન અંડરસી" શીર્ષક હેઠળ યુએસ-ચાઇના ઈકોનોમિક એન્ડ સિક્યુરિટી રિવ્યુ કમિશનની સુનાવણીમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા. યુએસ નેવી સબમરીન ફોર્સના કમાન્ડર વાઈસ એડમિરલ રિચાર્ડ સેફે જણાવ્યું હતું કે અમેરિકાનો અંડરસી એડવાન્ટેજ મજબૂત રહે છે, પરંતુ દબાણ હેઠળ છે. રિચાર્ડ સેફે જણાવ્યું હતું કે અમેરિકાનો અંડરસી એડવાન્ટેજ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ડિટરન્સ અને યુદ્ધ લડાઈ ક્ષમતાનો નિર્ણાયક અને કાયમી સ્ત્રોત રહ્યો છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આ એડવાન્ટેજ જાળવવામાં નહી આવે, તો તે સંવેદનશીલ છે. સેફે કહ્યું હતું કે ચીન અમેરિકાની "સ્ટીલ્થ ક્ષમતા" ને નબળો પાડવાનું કામ કરી રહ્યું છે. તેમણે સબમરીનના ઝડપી આધુનિકીકરણ, મજબૂત એન્ટિ-સબમરીન યુદ્ધ ક્ષમતાઓ અને દરિયાઈ તળિયાના સેન્સિંગ નેટવર્કનો ઉલ્લેખ કર્યો હતો, જેને ક્યારેક "ગ્રેટ વોલ ઓફ ધ અંડરસી" તરીકે ઓળખવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે બેઈજિંગના રોકાણોનો હેતુ મુખ્ય દરિયાઈ માર્ગો પર, ખાસ કરીને ચોકપોઈન્ટ્સ નજીક અને ફર્સ્ટ આઈલેન્ડ ચેઈનની અંદર યુએસની કાર્યવાહીની સ્વતંત્રતા ઘટાડવાનો છે. સેઈફે સબમરીન ક્ષેત્રમાં ચાર મુખ્ય ફાયદાઓ ઓળખી કાઢ્યા: સ્ટીલ્થ અને ટકી રહેવાની ક્ષમતા, પાવર પ્રોજેક્શન, મેરીટાઇમ ડોમેન પ્રિવેન્શન અને કંટ્રોલ, અને વ્યૂહાત્મક ડિટરન્સ. તેમણે જણાવ્યું હતું કે સબમરીન સૌથી

## ન્યુયોક ખાતે ટ્રમ્પ ટાવરમાં બોમ્બની ધમકી

### ટ્રમ્પ ટાવરની પુરી ચકાસણી કરાઈ બાદમાં ઓલ કલીયરનો સંદેશ

નવી દિલ્હી, તા. ૩

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ફેમીલીની માલિકીના ન્યુયોર્કના ટ્રમ્પ ટાવરમાં બોમ્બ મુકાયો હોવાની ધમકી બાદ અમેરિકી સિક્રેટ સર્વિસના જવાનો ધસી ગયા હતા અને સમગ્ર ટ્રમ્પ ટાવરની ચકાસણી ચાલી રહી છે જે દરમ્યાન એક શંકાસ્પદ પેકેટ પણ મળ્યું હોવાનું બહાર આવ્યું છે. બોમ્બ સ્કવોર્ડ સહિતની ટીમો દ્વારા ટ્રમ્પ ટાવરને ખાલી કરાવીને તેની તપાસ શરુ કરવામાં આવી છે.

જો કે એક શંકાસ્પદ પેકેટ જે લોબીમાં પડ્યું હતું તે સિવાય કશું વાંધાજનક મળ્યું ન હતું અને ઓલ ક્લીયરનો સંદેશ આપી દેવાયો છે. વોશિંગ્ટન પોસ્ટના જણાવ્યા મુજબ ટ્રમ્પ ટાવરની સુરક્ષા વધુ મજબૂત બનાવાઈ છે. ૫૮ માળનું આ બિલ્ડીંગ ન્યુયોર્કના મેનહટન વિસ્તારમાં આવ્યું છે અને તેમાં ટ્રમ્પ ફેમીલી પણ રહે છે તેમજ તેના બિઝનેસની ઓફિસો પણ આવેલી છે. જો કે પ્રમુખ બન્યા બાદ ટ્રમ્પ અહી જતાં નથી અને ફ્લોરીડામાં તેમના પાલ્મબીચમાં જ મોટા ભાગનો સમય વિતાવે છે.

## ભારત રશિયા પાસેથી નવી એરડિફેન્સ સીસ્ટમ ખરીદશે

### મિડલ ઈસ્ટમાં ચાલતા યુદ્ધ દરમિયાન ભારતની રશિયા સાથે મોટી ડીલ

નવી દિલ્હી, તા. ૩

ભારત-રશિયા વચ્ચે એક મહત્ત્વની સંરક્ષણ ડીલની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ભારત સરહદને વધુ મજબૂત કરવા માટે રશિયા પાસેથી વધુ પાંચ નવા S-૪૦૦ એર ડિફેન્સ ખરીદવાની તૈયારીમાં છે.

જો ડીલ પર મહોર વાગી જશે તો ભારતના કાફલામાં કુલ ૧૦ S-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ આવી જશે. મીડિયા રિપોર્ટ મુજબ ભારત રશિયા પાસેથી આ સિસ્ટમ ખરીદવા માટે ઝડપી પ્રયાસો શરૂ કરી દીધા છે.

આ પહેલા ભારતીય સંરક્ષણ મંત્રાલયની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC) દ્વારા ૧૨ ફેબ્રુઆરીએ અનેક ઐતિહાસિક સંરક્ષણ સોદાઓને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકમાં ભારત રશિયા પાસેથી રૂ.૧૦,૦૦૦ કરોડના ખર્ચે વિશ્વની સૌથી શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ S-૪૦૦ માટે વધુ ૨૮૮ મિસાઈલો ખરીદવા પર મહોર મારવામાં આવી હતી. ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન S-૪૦૦ની પ્રચંડ તાકાત જોઈને સમગ્ર વિશ્વ દંગ રહી ગયું હતું, ત્યારે આ નવી ખરીદી ભારતની આકાશી સરહદોને એક મજબૂત કિલ્લામાં ફેરવી દેશે.

'ઓપરેશન સિંદૂર' દરમિયાન S-૪૦૦ સિસ્ટમે પાકિસ્તાની વિમાનો અને તેમના સૈન્ય મથકો પર જે રીતે સચોટ પ્રહાર કર્યા હતા, તેનાથી ભારતીય સેનાના આત્મવિશ્વાસમાં મોટો વધારો થયો છે. એ સમયે આ સિસ્ટમે સરહદ પાર ૩૧૪ કિમી સુધી ઊંડે જઈને હુમલો કરી પાકિસ્તાનને પોતાનું એરબેઝ ખસેડવા મજબૂર કરી દીધું હતું.

આ ભવ્ય સફળતાને ધ્યાનમાં રાખીને ભારતીય સેના હવે S-૪૦૦ના વધુ ૫ સ્કવોડ્રન અને રશિયા પાસેથી 'પેન્ટસર'(Pantsir) શોર્ટ રેન્જ સિસ્ટમ ખરીદવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જો આ સોદો સફળ થશે, તો ભવિષ્યમાં ભારત પાસે S-

અનુસંધાન પાના ૭ પર

## જરૂર પડશે તો ઈરાનમાં યુએસ સૈનિકો તૈનાત કરાશે : ટ્રમ્પ

### ઈરાન સાથેનું યુદ્ધ ચાર અઠવાડીયામાં પુરુ થવાની અપેક્ષા હતીઃ ટ્રમ્પ

ન્યુયોર્ક, તા. ૩

હાલમાં દુનિયા તણાવપૂર્ણ વાતાવરણનો અનુભવ કરી રહી છે. દરમિયાન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશમાં યુદ્ધમાં જોડાવાના તેમના અગાઉના વલણથી અલગ થવાનો સંકેત આપ્યો છે. તેમણે કહ્યું કે તેઓ "જો જરૂર પડે તો" ઈરાનમાં યુએસ સૈનિકો તૈનાત કરવાની શક્યતાને સંપૂર્ણપણે નકારી કાઢતા નથી. તેમણે ન્યૂ યોર્ક પોસ્ટને કહ્યું, "જેમ કે દરેક રાષ્ટ્રપતિ કહે છે, 'જમીન પર કોઈ સૈનિકો રહેશે નહીં.' હું એવું નથી કહેતો." યુએસ પ્રમુખે કહ્યું છે કે જો જરૂર પડે તો સૈનિકો તૈનાત કરી શકાય છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે તે જરૂરી રહેશે નહીં. વર્તમાન પરિસ્થિતિ પર રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટિપ્પણી પહેલાં, સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર અહેવાલ આપ્યો હતો કે સોમવાર સુધીમાં ચાર યુએસ સર્વિસ સભ્યો માર્યા ગયા છે. શનિવારે સવારે ઓપરેશન એપિક ફ્યુરી શરૂ કરતી વખતે, તેમણે યુએસ સૈનિકોના જાનહાનિની ??શક્યતાનો અંદાજ લગાવ્યો હતો. એક વિડિઓ જાહેરાતમાં, તેમણે કહ્યું, "ઈરાની શાસન મારવા માંગે છે. બહાદુર અમેરિકન નાયકો મૃત્યુ પામી શકે છે, અને આપણા સૈનિકોને જાનહાનિ થઈ શકે છે; તે ઘણીવાર યુદ્ધમાં થાય છે."સોમવારે પ્રકાશિત થયેલા એક ઈન્ટરવ્યુમાં, ટ્રમ્પે ન્યૂ યોર્ક પોસ્ટને જણાવ્યું હતું કે ઓપરેશન એપિક ફ્યુરી "નિર્ધારિત સમય કરતા ઘણું આગળ" હતું અને "ખૂબ જ ઝડપથી સમાપ્ત થવાનું હતું." તેમણે કહ્યું કે જ્યારે ઈરાનના નેતૃત્વને દૂર કરવામાં ચાર અઠવાડિયા લાગવાની અપેક્ષા હતી, ત્યારે "એક જ દિવસમાં" ૪૯ નેતાઓ માર્યા ગયા. માર્યા ગયેલા લોકોમાં ઈરાનના સર્વોચ્ચ શાસક, આયાતુલ્લાહ અલી ખામેની પણ હતા. જોકે, સોમવારે, ટ્રમ્પે કહ્યું કે તેમને અપેક્ષા છે કે ઓપરેશન એપિક ફ્યુરી ચાર થી પાંચ અઠવાડિયા ચાલશે, પરંતુ જો તે "ઘણું લાંબું" ચાલશે તો તેઓ તૈયાર છે. સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયલના કાયમી પ્રતિનિધિ, ડેની ડેનોને કહ્યું કે તેમાં જેટલો સમય લાગશે તેટલો સમય લાગશે. વિદેશમાં યુએસની ઘણી નિષ્ફળ મુલાકાતો પછી, અમેરિકનો ગૂંચવણોથી સાવચેત છે. રોઈટર્સ-ઈપ્સોસ પોલમાં આ સ્પષ્ટપણે પ્રતિબિંબિત થયું. ફક્ત ૨૭ ટકા ઉત્તરદાતાઓએ

અનુસંધાન પાના ૭ પર

### હોલિડે હેપીનેસના ઈન્ડેક્સના રિપોર્ટમાં

## દુબઈ વિશ્વનું સૌથી વધુ સૂર્ય પ્રકાશથી ઝળહળતુ-ગરમ શહેર

નવી દિલ્હી, તા. ૩

દુનિયાની સૌથી વધુ સુર્યપ્રકાશ વાળી જગ્યાઓમાં દુબઈ નંબર વન છે. અહીં વર્ષમાં ૩૫૭૭ કલાક સૂરજ પ્રકાશ આપે છે. હોલિડે હેપીનેસ ઈન્ડેક્સના રિપોર્ટમાં આ જાણકારી બહાર આવી છે.

ટોપ શહેરોનું લિસ્ટઃ સુર્યપ્રકાશના મામલામાં ઈજીપ્તનું કાહિરા બીજા નંબરે છે. (૩૪૭૭ કલાક) અને દોહા ત્રીજા ક્રમે છે. ટોપ ટેનની લિસ્ટમાં ભારતની રાજધાની દિલ્હીએ પણ પોતાની જગ્યા બનાવી છે. આ રિસર્ચ માત્ર સૂર્યપ્રકાશ જ નહી, બલકે સારી ઉંઘ એકસાઈઝ અને પ્રકૃતિ વચ્ચે વીતાવેલ સમય જેવા ધોરણો આધારિત છે.

દુબઈ અને કાહિરા જેવા શહેર પૃથ્વીના 'સબ ટ્રોપિકલ હાઈ-પ્રેસર બેલ્ટ'માં આવેલા છે. આ વિસ્તાર ભૂમધ્ય રેખા પાસે હોવાના કારણે સુરજના કિરણો અહીં લગભગ સીધા પડે છે, જેથી સૂર્યપ્રકાશ અને ગરમી બન્ને વધુ હોય છે.

આ વિસ્તારોમાં વાદળો ઘણા ઓછા બને છે. વાદળોની ગેરહાજરીમાં સૂર્યના કિરણોને રોકનાર કોઈ નથી હોતું, જેથી વર્ષના ૩૬૫ દિવસોમાં મોટાભાગના દિવસોમાં આકાશ સાફ અને ચમકદાર રહે છે, દુબઈમાં ગરમીનો પારો ૩૮થી૪૫ ડિગ્રી સેલ્સીયસ વચ્ચે રહે છે.



## મોદીની યુટયુબ ચેનલના 30 મિલિયન સબ્સ્ક્રાઈબર્સ

### મોદી વિશ્વના સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા રાજનેતા બન્યા

નવી દિલ્હી, તા. ૩

નવી દિલ્હી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ એક અભૂતપૂર્વ ડિજિટલ સીમાચિહ્ન સ્થાપિત કર્યું છે, તેમની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર ૩૦ મિલિયન સબ્સ્ક્રાઈબર્સને વટાવી દીધા છે. આ ઐતિહાસિક સિદ્ધિ સાથે, તેઓ યુટ્યુબ પર વિશ્વના સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા રાજકારણી બન્યા છે. આ વૈશ્વિક રેન્કિંગમાં, વડા પ્રધાન મોદી તેમના સાથીદારો કરતાં નોંધપાત્ર રીતે આગળ છે. બીજા સ્થાને બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારો છે, જેમની પાસે આશરે ૬.૬ મિલિયન સબ્સ્ક્રાઈબર્સ છે, જે વડા પ્રધાન મોદીના માત્ર એક ક્વાર્ટર છે. યુટ્યુબ પર પીએમ મોદીની ડિજિટલ પહોંચ યુએસ નેતા ડોનાલ્ડ ટ્રમ્પ કરતા પણ વધુ વ્યાપક છે. ભારતીય વડા પ્રધાન પાસે ટ્રમ્પ કરતા સાત ગણા વધુ સબ્સ્ક્રાઈબર છે. આ સિદ્ધિ માત્ર તેમના વ્યાપક જાહેર જોડાણને પ્રતિબિંબિત કરતી નથી પરંતુ વૈશ્વિક મંચ પર તેમના વધતા પ્રભાવ અને તેમની ઓનલાઈન લોકપ્રિયતાના સ્કેલની પણ સાક્ષી આપે છે.

આ અંતર ભારતમાં પણ એટલું જ સ્પષ્ટ છે. સબ્સ્ક્રાઈબર સંખ્યાની દ્રષ્ટિએ, પીએમ મોદીની ચેનલમાં રાહુલ ગાંધી કરતા લગભગ ત્રણ ગણા વધુ સબ્સ્ક્રાઈબર્સ છે. તેમના સબ્સ્ક્રાઈબર્સની સંખ્યા આમ આદમી પાર્ટી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ બંને કરતા ચાર ગણા વધુ છે. ૩ કરોડથી વધુ સબ્સ્ક્રાઈબર્સ સાથે, પીએમ મોદીની યુટ્યુબ ચેનલ હવે

અનુસંધાન પાના ૭ પર

# બુક ફેરમાં ગ્રુપ ડિસ્કશનમાં પત્રકારત્વ વિભાગ બીજા ક્રમે

## સ્પર્ધામાં સમકાલીન વિષયે જૂથ ચર્ચા યોજાઈ હતી



સુરત, તા.૩

સુરત Surat Municipal Croproation દ્વારા Veer Narmad South Gujarat University ના પરિસરમાં "સ્વામી વિવેકાનંદ બુક ફેર–૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બુક ફેર ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૧ માર્ચ ૨૦૨૬ સુધી કુલ સાત દિવસ ચાલ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાચકો જોડાયા હતા. બુક ફેર અંતર્ગત પુસ્તક પ્રદર્શન સાથે કોલેજોના વિદ્યાર્થીઓ માટે કવિતા લેખન, કોન્ટેન્ટ રાઈટિંગ, ગ્રુપ ડિસ્કશન અને ક્વિઝ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. ખાસ કરીને ગ્રુપ ડિસ્કશન સ્પર્ધામાં કુલ આઠ કોલેજોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં યુનિવર્સિટીના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગના બી.એ. જર્નાલિઝમ સેમેસ્ટર–૨ ના છ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગ્રુપ ડિસ્કશન બે રાઉન્ડમાં યોજાયું હતું, જેમાં "સોશિયલ મીડિયા" અને "એજ્યુકેશન સિસ્ટમ" જેવા સમકાલીન વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. સ્પર્ધાના પરિણામે પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગના વિદ્યાર્થીઓએ બીજા ક્રમે સ્થાન મેળવ્યું હતું. તેમની આ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવ ડો. રમેશદાન ગઢવી તેમજ વિભાગના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ અભિનંદન પાઠવ્યા હતા. આ બુક ફેર દ્વારા વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન મળ્યું હોવા સાથે વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ અને ચર્ચા સંસ્કૃતિનો વિકાસ થવા પામ્યો હોવાનું જણાયું હતું.

# સીઆઈએસએફ યુનિટ સુરત એરપોર્ટના કમાન્ડન્ટનું સન્માન

## કુમાર અભિષેકને IIMCAA એવોર્ડ-૨૦૨૬ ફોર પબ્લિક સર્વિસ એવોર્ડ અર્પણ કરાયો

સુરત, તા.૩

સીઆઈએસએફ યુનિટ સુરત એરપોર્ટના કમાન્ડન્ટ અને મુખ્ય એરપોર્ટ સુરક્ષા અધિકારી (CASO) શ્રી કુમાર અભિષેકને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન એલ્યુમની એસોસિએશન (IIMCAA) દ્વારા IIMCAA એવોર્ડ-૨૦૨૬ ફોર પબ્લિક સર્વિસ'થી સન્માનિત કરાયા હતા. આ પ્રતિષ્ઠિત સન્માન ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ નવી દિલ્હીના ચાણક્યપુરી સ્થિત પીએસઓઆઈ ક્લબ ખાતે આયોજિત ૧૪મા વાર્ષિક પૂર્વ વિદ્યાર્થી મિલન "કનેક્શન્સ ૨૦૨૬" તથા IIMCAA એવોર્ડ્સના ૧૦મા સંસ્કરણ દરમિયાન અર્પણ કરવામાં આવ્યો હતો. જનસેવા અને સામાજિક જવાબદારીના ક્ષેત્રમાં તેમના ઉત્તમ યોગદાન બદલ તેમને આ પુરસ્કાર એનાયત કરાયો હતો. શ્રી કુમાર અભિષેક ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન એચજે બેચ (૨૦૦૯-૧૦)ના પૂર્વ વિદ્યાર્થી છે. પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે ઉત્તમ નેતૃત્વ, ઊંચી વ્યાવસાયિક ક્ષમતા તથા કર્તવ્યનિષ્ઠાનો શ્રેષ્ઠ દાખલો આપ્યો છે. તેમના નેતૃત્વ હેઠળ CISF યુનિટ સુરત એરપોર્ટ દ્વારા વિમાનન સુરક્ષા મજબૂત બનાવવી, મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવો તથા સમુદાય સાથે સહભાગિતાને લગતા અનેક મહત્વપૂર્ણ કાર્યો સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યા છે.





૧૬૭ પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી હાલમાં વિધાનસભામાં ડેપ્યુટી સ્પીકર તરીકેની નિયુક્તિ ના માન સન્માન વચ્ચેશ્રી મોઢ પટણી સમાજના શ્રી રૂપેશ જરીવાલા દ્વારા પુષ્પગુજ થી સન્માન કરવામાં આવ્યું.

# પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલના નિવૃત્તિ સન્માન સમારોહમાં જનમેદની ઊમટી

## શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો જ નથી, તે હંમેશા પ્રવૃત જ રહે છે : ધારાસભ્ય, મુકેશભાઈ પટેલ

સુરત, તા.૩

ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ ફેડરેશનનાં કાઉન્સિલર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં બાહોશ પ્રમુખ એવાં કિરીટભાઈ જયંતિલાલ પટેલનાં સ્વૈચ્છિક નિવૃત્તિનાં અવસરે તેમનાં ભવ્યાતિભવ્ય સન્માન સમારોહનું આયોજન ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અમીકુંજ વાડી, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. શિક્ષણનાં સૂર્ય અને સંગઠનનાં સિંહ તરીકે જાણીતા કિરીટભાઈ પટેલની શિક્ષણ જગતમાં ૩૮ વર્ષની ગૌરવવંતી શૈક્ષણિક સફર અને સંગઠન ક્ષેત્રે અપ્રતિમ યોગદાન ઉપરાંત તેમની ઓલપાડ તાલુકાથી લઈને રાજ્ય સ્તર સુધી શિક્ષકોનાં હિત માટે નીડર અને ન્યાયસંગત ભૂમિકાનું ઋણ અદા કરવાનાં મંગલમય અવસરે જિલ્લાભરમાંથી શિક્ષક ભાઈ-બહેનો, નિવૃત્ત કર્મચારીઓ, સરપંચો, ગ્રામજનો, પરિવારજનો, મિત્રમંડળ, અધિકારીઓ-પદાધિકારીઓ સહિત વિવિધ તાલુકા, જિલ્લા તથા રાજ્ય શિક્ષક સંગઠનનાં હોદ્દેદારો મોટી સંખ્યામાં ઊમટી પડ્યાં હતાં.

માજી વન અને પર્યાવરણ મંત્રી અને ઓલપાડનાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં પ્રમુખસ્થાને યોજાયેલ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રી (સ્વતંત્ર હવાલો) અને હાંસોટ-અંકલેશ્વરનાં ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રારંભે દીપ પ્રજ્વલન બાદ ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલે સૌને શાબ્દિક આવકાર આપી કિરીટભાઈનો જીવન વૃતાંત રજૂ કર્યો હતો. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં કિરીટભાઈની તાલુકાથી લઈ રાષ્ટ્રીય સ્તર સુધીની એક નીડર સંગઠન પ્રહરી તરીકેની નિઃસ્વાર્થ ભૂમિકાની સરાહના કરી હતી. મંત્રી ઈશ્વરસિંહ પટેલે પોતાનાં વક્તવ્યમાં કિરીટભાઈની સંઘર્ષથી સફળતા સુધીની યાત્રાને ઉજાગર કરી તેમને એક સારા મિત્ર ગણાવ્યા હતાં. બીજીતરફ સુરતનાં પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી અને માજી માધ્યમિક શિક્ષણ સચિવ ડી.એસ.પટેલે કિરીટભાઈને શિક્ષણ જગતનાં ધ્રુવ તારક ગણાવી તેમને પ્રાપ્ત થયેલ'નેશનલ એવોર્ડ' 'રાજ્યપાલ એવોર્ડ'અને 'કર્મયોગી રોલ મોડેલ એવોર્ડ' જેવાં અનેક સન્માનોની બાબતને બિરદાવી હતી.

આ તકે ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કિરીટભાઈને પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી સન્માનપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ અભૂતપૂર્વ અવસરે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટે વિશાળ જનમેદની સમક્ષ કિરીટભાઈ પટેલને ખેસ પહેરાવી જણાવ્યું હતું કે અમારા રાજકીય નેતૃત્વમાં

અનુસંધાન પાના ૭ પર

# હજીરાના ઉદ્યોગોમાં કોન્ટ્રાક્ટના કામદારોનું અમાનવીય શોષણ

## કામદારો પાસે ૧૨ કલાક કામ કરાવી ૮ કલાકનું વેતન ચૂકવાય છે : દર્શન નાયક

સુરત, તા.૩

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના હજીરા વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક નાગરિકોને કાયમી રોજગાર, કોન્ટ્રાક્ટ કામદારોના શોષણ અને શ્રમ કાયદાના ઉલ્લંઘન અંગે તાત્કાલિક તપાસ કરી જવાબદાર કંપની, કોન્ટ્રાકટર અને અધિકારીઓ સામે નિયમોનુસાર કાર્યવાહી કરવા બાબતે શ્રમ-રોજગાર મંત્રી સતિના વિવિધ ઉચ્ચ વિભાગોમાં પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા ફરિયાદમાં જણવાયું છે કે, સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના હજીરા વિસ્તારમાં વર્ષોથી અનેક મહાકાય ઔદ્યોગિક એકમો કાર્યરત છે. સરકાર દ્વારા આ એકમોને હજારો હેક્ટર જમીન ફાળવવામાં આવી હતી અને સરકારી પરિપત્ર/નોટિફિકેશન અનુસાર આ ઔદ્યોગિક એકમો ૮૦%થી ૮૫% સ્થાનિક નાગરિકોને કાયમી ધોરણે રોજગારી આપવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. પરંતુ આજદિન સુધી સરકારના આ પરિપત્ર/નોટિફિકેશનના જોગવાઈનું પાલન થતું નથી અને સ્થાનિક નાગરિકોને કાયમી રોજગારી આપવામાં આવતી નથી, જે સરકારી પરિપત્રનું ખુલ્લું ઉલ્લંઘન છે. તેમ છતાં સ્થાનિક વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ મૌન સેવીને બેઠા છે.

વધુમાં, હજીરા વિસ્તારના આ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકો તેમજ ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ વગેરે રાજ્યોમાંથી આવેલા હજારો કામદારોને કોન્ટ્રાક્ટર/કંપની દ્વારા જુદા જુદા વિભાગોમાં રાખવામાં આવે છે. કોન્ટ્રાકટરો દ્વારા આ કામદારોનું આર્થિક, માનસિક અને શારીરિક શોષણ થઈ રહ્યું છે તેમજ કોન્ટ્રાકરો દ્વારા લાઈસન્સ ની શરતોનું પાલન કરવામાં આવી રહ્યું

અનુસંધાન પાના ૭ પર



ગત ૧/૦૩/૨૦૨૬ ના રોજ રવિવાર બપોરે ૪ :૦૦ ભગવાન દત્ત અવતાર એવા શ્રી અક્કલકોટ સ્વામી સમર્થ મહારાજ ના મઠ બેગમપુરા વડવાળી શેરી ખાતે શ્રી સ્વામી સમર્થ મહારાજ સાથે રંગબેરંગી પુષ્પોથી હોળી રમવા નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ભક્તો ખુબજ ભાવનાથી તેમજ હર્ષ ઉલ્લાસથી લાભ લીધો હતો, ભક્તો એ દરેક ના જીવનમાં આનંદ રહે લોકોનું કલ્યાણ થાય એવી મહારાજ ને પ્રાર્થના કરી હતી

# માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૫૦૦ વિદ્યાર્થીઓને ટ્રેકસૂટનું વિતરણ કરાયું

## નગર પ્રાથમિક શાળાના બાળકોને સહાયનો લાભ

અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વર ખાતે માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઓએનજીસીના સહયોગથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ટ્રેકસૂટ વિતરણ સમારોહ યોજાયો હતો.

અંકલેશ્વરના શારદા ભવન ટાઉન હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં આશરે ૧૫૦૦ જેટલા સરકારી શાળાના વિદ્યાર્થીઓને ટ્રેકસૂટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમનું ઉદ્ઘાટન દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે રાજ્ય સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી તથા ઓએનજીસીના એસેટ મેનેજર જે.એન. સુકાનંદન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ટ્રેકસૂટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ભરૂચ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ કારોબારી સભ્ય મારૂતીસિંહ અટોદરિયા, માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ સંદીપ પટેલ, જિલ્લા

અનુસંધાન પાના ૭ પર

# બાલાનંદ વિદ્યાલયમાં એઆઈના યુગમાં માતૃભાષાનું મહત્ત્વ પરિસંવાદ

## વિદ્યાલયના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



સુરત, તા.૩

વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ ખીલે તેમ જ વર્ષ દરમિયાન શાળામાં યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તેવા ભાવ સાથે બાલાનંદ વિદ્યાલય, સીમાડા - સુરતમાં 'AI'ના યુગમાં માતૃભાષાનું મહત્ત્વ પરિસંવાદ અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સમારોહ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો શુભારંભ સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યાર બાદ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને જાણીતા લેખક, સંપાદક અને મોટિવેટર શ્રી રાજેશભાઈ ધામેલિયાનું સ્વાગત શાળાના આચાર્ય શ્રી નિલેશભાઈ પ્રજાપતિએ કર્યું અને શાળાના સંચાલક શ્રી નીતિનભાઈ જોધાણીએ પરિચય આપ્યો હતો અને પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું.

માતૃભાષાનો ઉદ્ભવ કઈ ભાષામાંથી થયો? અત્યારના સમયમાં ગુજરાતી ભાષા કઈ રીતે ઉપયોગી થઈ શકે? ગુજરાતી ભાષાનું પ્રથમ વ્યાકરણ કોણે લખ્યું? વગેરે અનેક પ્રશ્નો વિદ્યાર્થીઓએ પૂછ્યા હતા. તેના ઉત્તર આપતાં શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, "ગુજરાતી ભાષા સંસ્કૃત પરથી ઉતરી આવી છે. સંસ્કૃત – પ્રાકૃત – શૌરસેની ?– જૂની ગુજરાતી (અપભ્રંશ) – ગુજરાતી. એમ ક્રમશઃ ફેરફારો સાથે હાલની ગુજરાતી ભાષાનું નિર્માણ થયું છે, તેવું ભાષાવિજ્ઞાનીઓનું મંતવ્ય છે. હાલમાં સૌથી વધારે જરૂર વિચારશક્તિની છે, વિચારો માતૃભાષામાં જ ઉદ્ભવે; આથી માતૃભાષાનું મહત્ત્વ ખૂબ છે. માતૃભાષા પર પ્રભુત્વ મેળવવાથી વિશ્વની કોઈ પણ ભાષા સહેલાઈથી શીખી શકાય છે. ગુજરાતી ભાષાનો પ્રથમ વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' છે. આ

અનુસંધાન પાના ૭ પર

# નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે હોળી સ્પેશિયલ ટુર્નામેન્ટ યોજાઈ



## ૧૨ વિભાગની ટીમોની ટુર્નામેન્ટમાં નર્સિંગની ટીમ વિજેતા

સુરત, તા.૩

નવી સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન અને સૌહાર્દપૂર્ણ સંબંધો કેળવાય તે હેતુથી ખાસ 'હોળી સ્પેશિયલ કપ' ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. તબીબી સેવામાં સતત વ્યસ્ત રહેતા કર્મચારીઓ તણાવમુક્ત બને અને રમતગમત દ્વારા એકબીજા સાથે જોડાય તેવા શુભ આશયથી બે દિવસીય આ ટુર્નામેન્ટમાં હોસ્પિટલમાં ૨૪ કલાક ફરજ બજાવતા વિવિધ ૧૨ વિભાગોની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ટુર્નામેન્ટની રસાકસી ભરી ફાઈનલ મેચમાં નર્સિંગની ટીમે શાનદાર પ્રદર્શન કરી વિજેતા ટ્રોફી પોતાના નામે કરી હતી, જ્યારે મેડિકલ કોલેજની ટીમ રનરઅપ બની હતી. આ સ્પર્ધામાં હોસ્પિટલના PIU, RMO

અનુસંધાન પાના ૭ પર

# નક્સલ પ્રભાવિત વિસ્તારોના ૨૫૦ યુવાનો સાથે પો. કમિ. અનુપમસિંહ ગહલોતનો આત્મીય સંવાદ

## નક્સલ પ્રભાવિત વિસ્તારોના યુવાનો સકારાત્મક પરિવર્તનના વાહક બની રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપેઃ પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોત




સુરત, તા.૩

કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય તેમજ ગૃહ મંત્રાલય દ્વારા આયોજિત ૧૭મા જનજાતીય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ અંતર્ગત ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્ર જેવા નક્સલ પ્રભાવિત વિસ્તારોના ૨૫૦ જનજાતીય યુવાનો સુરતના મહેમાન બની ગુજરાતની પ્રગતિ અને આતિથ્યની ઝાંખી કરી રહ્યા છે. જેના ભાગરૂપે સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલોતે સહભાગી યુવાનો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.

આ પ્રસંગે શ્રી ગહલોતે જણાવ્યું હતું કે, નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં રહેતા યુવાનો પર નક્સલવાદી ગતિવિધિઓની નકારાત્મક અસર પડે છે, જેના કારણે તેમનો વ્યક્તિગત અને શૈક્ષણિક વિકાસ અવરોધાય છે.

તેમણે યુવાનોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, આવા પડકારજનક વિસ્તારોમાં રહેતા યુવાનોના ઉત્થાન અને ઉજ્જવળ ભવિષ્ય માટે આ પ્રકારના કાર્યક્રમો સરાહનીય છે, જેથી યુવાનો રાષ્ટ્રની મુખ્યધારા સાથે જોડાઈ 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં પોતાની શક્તિ અને કૌશલ્યનો ઉપયોગ કરી શકે. શ્રી ગેહલોતે નક્સલ પ્રભાવિત ક્ષેત્રોમાં પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ વિકાસ અને સામાજિક જાગૃતિ માટે કાર્યરત સ્થાનિક યુવાનોના ઉત્સાહને બિરદાવ્યો હતો અને સુરત જેવા વિકસિત શહેરના પ્રવાસ દ્વારા મળેલા અનુભવોને પોતાના વતનમાં જઈ અન્ય યુવાનો સુધી

અનુસંધાન પાના ૭ પર

# સરકારી કચેરીઓમાં અનઅધિકૃત વ્યક્તિઓ પ્રવેશી શકશે નહીં

સુરત, તા.૩

સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામા દ્વારા સુરત શહેર પોલીસ કમિશ્નરેટના કાર્યક્ષેત્રમાં આવતી સરકારી કચેરીઓ અને પોલીસ સ્ટેશનમોમાં અનઅધિકૃત વ્યક્તિઓ/ટોળી કચેરીઓમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો અમલ તા.૦૪/૦૩/૨૦૨૬ થી ૦૨/૦૫/૨૦૨૬ સુધીનો રહેશે. અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# લાજપોર મધ્યસ્થ જેલ સંકુલમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ

સુરત, તા.૩

લાજપોર મધ્યસ્થ જેલમાં સલામતી અને સુરક્ષાના હેતુસર સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામું બહાર પાડ્યું છે. જે અનુસાર સુરત લાજપોર મધ્યસ્થ જેલ સંકુલમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ નો ઉપયોગ કરવા કે સાથે રાખવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ ફરજ પરના કોઈ પણ જાહેર રાજ્ય સેવકને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો અમલ તા.૦૪/૦૩/૨૦૨૬ થી તા.૦૨/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# હોટલ, કાફે, રેસ્ટોરન્ટમાં કપલ બોક્ષ પર પ્રતિબંધ

સુરત, તા.૩

સુરત શહેરમાં ચાલી રહેલા કપલ બોક્સમાં થઈ રહેલી અસામાજિક પ્રવૃતિઓને રોકવા સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામુ બહાર પાડ્યું છે. જે અનુસાર કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, વિગેરે જગ્યાઓએ એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) કેબિન બનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. ઉપરાંત આવી જગ્યાએ સ્પષ્ટ રીતે દેખાય તેવી બેઠક વ્યવસ્થા તેમજ CCTV કેમેરા લગાડવાનો નિર્દેશ જાહેર કર્યો છે. આ હુકમનો અમલ તા.૦૪/૦૩/૨૦૨૬ થી તા.૦૨/૦૫/૨૦૨૬ સુધી કરવાનો રહેશે અને તેનો ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર થશે.

# પ્રાથમિક શાળા કોબામાં ધુળેટી પર્વની ઉજવણી

સુરત, તા.૩

વિદ્યાર્થીઓએ રંગો સાથે આનંદપૂર્વક ધુળેટી રમી અને પરસ્પર પ્રેમ, એકતા અને સૌહાર્દનો સંદેશ આપ્યો. કાર્યક્રમ દરમિયાન શિક્ષકમિત્રોએ બાળકોને સલામત અને પર્યાવરણમિત્ર રંગો ઉપયોગ કરવાની સમજ આપી. સમગ્ર શાળા પરિસર રંગબેરંગી બની ઉઠ્યું અને હર્ષધ્વનિથી ગુંજી ઉઠ્યું. બાળકોને મીઠાઈ વિતરણ કરી શુભેચ્છા પાઠવવામાં આવી. અંતે સૌ વિદ્યાર્થીઓ ખુશીના માહોલ સાથે પોતાના ઘરે રવાના થયા. કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું

# સેનામાંથી નિવૃત્ત સુબેદાર કિશન ગાવિતનું ભવ્ય સ્વાગત

## રાજ્યમંત્રી જયરામ ગામીતે નિવૃત્ત સુબેદાર કિશન ગાવિતને નિવૃત્ત જીવનની શુભેચ્છા પાઠવી

સુરત, તા.૩

ભારતીય સેનામાં ૨૮ વર્ષ સુધી ફરજ બજાવી નિવૃત થયેલા સુબેદાર કિશનભાઈ બાબુભાઈ ગાવિતનું કુટુંબીજનો, ગ્રામજનો અને મિત્રમંડળ દ્વારા ભવ્ય સ્વાગત કરી શોભાયાત્રા યોજવામાં આવી હતી. રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ રાજ્ય મંત્રી જયરામભાઈ ગામીતે પણ નિવૃત્ત સુબેદાર કિશન ગાવિતને નિવૃત્ત જીવન નિરામય પસાર થાય એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ખાબદા ગામના વતની સુબેદાર કિશનભાઈએ વર્ષ ૧૯૯૮માં ભારતીય સેનામાં સોલ્જર જનરલ ડ્યુટી તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે પંજાબ, જમ્મુ કાશ્મીર, ત્રિપુરા, મહારાષ્ટ્ર, દિલ્લી, લેહ લદદાખ, પશ્ચિમ બંગાળ સહિત દેશના જુદા જુદા ભાગોમાં ફરજ બજાવી હતી. નાશિક ખાતેથી સેવાનિવૃત થયેલા સુબેદાર કિશનભાઈ ટ્રેન દ્વારા નવાપુર સ્ટેશન પર આવી પહોંચતા તેમના પિતાશ્રી બાબુભાઈ ગાવિત, માતાશ્રી ગુંતીબેન, ધર્મપત્ની શોભાબેન ગાવિત સહિત પરિવારજનો, ગ્રામજનો અને

અનુસંધાન પાના ૭ પર





# પર્વચક્રઃ હોળી રંગમાં તરબોળ થઈ જવાનું પર્વ

ફાગણ મહિનાના પ્રારંભના દિવસોમાં રાજસ્થાનની ધરતી પર પગ મૂકતાં જ ત્યાંની પ્રજાનાં અંતરમાંથી પ્રકટતો ગીતધ્વનિ આપણા અંતરનો કબજો લઈ લે... 'દિવાળી તો અઠે કઠે, પણ હોળી તો ઘરે ઘરે'... 'ગુજરાતી દિવાળી અને મારવાડીની હોળી' - એ લોકોક્તિમાં પણ મારવાડ અને હોળી એકબીજા સાથે કેવાં ઓતપ્રોત બની ગયાં છે એ પ્રકટ થાય છે. સંસ્કૃતિના પ્રતીક જેવા તહેવારો કોઈક કથાનો સહારો લઈને બન્યા છે.

ફાગણ સુદ પૂનમે આપણે હોળી પ્રગટાવીએ છીએ. અગ્નિની જ્વાળાઓ હોલિકાનું દહન કરી દે છે. પણ પ્રહલાદને આંચ પણ આવતી નથી. કથા એવું કહે છે કે રાક્ષસરાજ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ બંને દિતિના પુત્રો હતા.વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો ત્યારે એ સમાચાર મળતા હિરણ્યકશિપુ ગુસ્સે ભરાઈને વિષ્ણુ ભગવાન સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. માતા દિતિએ તેને સમજાવીને વાર્યો પણ મનમાં તેણે દઢ નિશ્ર્ચય કરી લીધો કે પોતે તપ કરી અજર-અમર બની વિષ્ણુ સાથે યુદ્ધ કરશે જ. પોતાના સંકલ્પ પ્રમાણે એણે તપ કરી બ્રહ્માજી પાસેથી અમરત્વનું વરદાન મેળવ્યું. આવું વરદાન મળતાં તે ખૂબ અભિમાની બન્યો. તે દેવોને પણ ત્રાસ પહોંચાડતો હતો. આવા અસુર રાજવીને ત્યાં પ્રહ્લાદનો જન્મ થયો. વિષ્ણુદેવર્ષિ પિતાને ત્યાં વિષ્ણુ-ભક્ત પુત્રનો જન્મ એ વિધિની જ કોઈ અગમ્ય લીલા છે. 'પ્રહ્લાદ સમા ભક્તો અહીંયાં રાક્ષસને પેટે જન્મ્યા છે. કાંટા વચ્ચે રહીને પણ પુષ્પો પ્રભુચરણને પામ્યાં છે!' પિતાને પુત્રની વિષ્ણુ ભક્તિ ગમી નહીં. આથી તેમણે ભક્તિનો માર્ગ છોડાવવા માટે પહેલાં સમજણનો અને અંતે બળનો પણ ઉપયોગ કર્યો. પુત્રને મારી નાખવાના અનેક પ્રયત્નો કર્યો જે પ્રભુકૃપાએ નિષ્ફળ ગયા. આથી ખૂબ જ ધૂંધવાયેલા રાજાએ પોતાની બહેન હોળિકાને હુકમ કર્યો કે એણે પ્રહ્લાદને ખોળામાં મૂકી પકડી રાખીને ચિતામાં બેસવું. હોળિકાને તો વરદાન હતું કે તે સદ્વૃત્તિનો વિરોધ નહીં કરે, ભગવદ્ ભક્તિને નહીં કનડે તો અગ્નિ તેને નહીં બાળે. હોલિકા પ્રહ્લાદને લઈ ચિતા પર બેઠી. પ્રહ્લાદને ખોળામાં લીધા. ચિતા સળગી, હોલિકા બળી ગઈ ને પ્રહ્લાદ જીવતો રહ્યો!

અસદ્વૃત્તિ ભસ્મીભૂત થઈ. આજે પણ એ પાશવી વૃત્તિ નષ્ટ પામી નથી. એ હોલિકારૂપે જીવતી જ છે. તો સાથે સાથે પ્રહ્લાદના પ્રતીકરૂપે દૈવી વૃત્તિ કે સદ્વિચાર જીવતાં જ છે. અનાદિકાળથી બંને વૃત્તિઓ વચ્ચે સંઘર્ષ ચાલતો આવ્યો છે. આપણે પ્રયત્નપૂર્વક પાશવી વૃત્તિને હોળીમાં હોમવાની છે.

જે દિવસે હોલિકા પ્રહ્લાદને લઈને અગ્નિમાં બેસવાનાં હતાં તે દિવસે નગરના લોકોએ ઘરઘરમાં અગ્નિ પ્રકટાવી, પ્રહ્લાદને ન બાળવા અગ્નિદેવને પ્રાર્થના કરી. અગ્નિદેવે જાણે લોકોની પ્રાર્થના સ્વીકારી અને લોકોએ ઈચ્છ્યું હતું તેમ પ્રહ્લાદ અગનકસોટીમાંથી પાર ઊતરી નરશ્રેષ્ઠ બન્યા. હોલિકાનું દહન થયું. આ અગ્નિપૂજાએ કાળક્રમે સામુદાયિક પૂજાનું રૂપ લીધું અને ચૌટે ચૌટે હોળી પ્રકટાવી, હોળીની પૂજા કરવાની શરૂઆત થઈ. હોલિકા પૂજન એ અસદ્વૃત્તિના નાશ અને સદ્વૃત્તિના રક્ષણનું પ્રતીક બન્યું એટલે તો કહ્યું છે- 'સૌ પાપો એમાં જલાવે છે, એ રાગદ્વેષ ભુલાવે છે. પ્રેમે સૌ પાવન થાયે છે, આવે છે, હોળી માતા આવે છે.' આજે ફાગણ સુદ પૂનમની રાતે આપણે હોળી પ્રકટાવી, ધાણી, ચણા, ખજૂર વગેરેથી હોળીની પૂજા કરીએ છીએ. તેની પ્રદક્ષિણા કરીએ છીએ. એક વર્ષ દરમ્યાન અવતરેલાં બાળકોને પણ હોળીની પ્રદક્ષિણા કરાવી, અગ્નિદેવ પાસે એમના રક્ષણની પ્રાર્થના કરીએ છીએ. હોલિકાદહનથી તથા પ્રહ્લાદ રક્ષણથી ખુશ થયેલા લોકોએ બીજે દિવસે ઉત્સવ મનાવ્યો, એકબીજા ઉપર રંગ-ગુલાલ છાંટયા, કેસૂડાંનાં રંગ છાંટયા. આ પ્રસન્નતાનો દિવસ એટલે ધૂળેટી. હોળીની મસ્તી કંઈક ઓર જ છે. હોળી એટલે આગ, ધુળેટી એટલે રાગ; હોળી એટલે તેજ, ધુળેટી એટલે રંગ. હોળીના અગ્નિમાં જીવનની બુરાઈઓ હોમી દઈએ, આપણને પજવતા ખોટા વિચારો તથા મનના મેલને હોમી દઈએ. હોલિકા તો આપણને અસદ્વૃત્તિનું સતત દહન કરવાનો સંદેશ આપે છે. 'પાપ જલાવો હોલિકામાં, ભરો પુણ્યની ઝોળી, પ્રભુપાદ જીવન ધરશો તો હોળી એ જ દિવાળી!' હોળી-ધુળેટીની વાત નીકળતાં જ કૃષ્ણ-રાધાની યાદ આવ્યા વિના ન જ રહે. રાધા-કૃષ્ણના એ અતૂટ નાતાને હોળી નિમિત્તે કેટલાંક કૃષ્ણગીતોમાં આપણા કવિઓએ ઉમળકાથી ગાયો છે. 'હોરી ખેલે નંદલાલ બિરજમેં હોરી ખેલે નંદલાલ.' હોળી ઉપર રચાયેલાં ગીતો ખાસ કરીને 'કાફી' રાગમાં ગવાય છે એ એની એક વિશેષતા છે. આજે શિષ્ટતા અને સભ્યતાના અંચળા હેઠળ સાચા આનંદને આપણે વિસરવા માંડ્યા છીએ ત્યારે ઉત્સાહ અને ઉમંગને શિસ્તબદ્ધ રીતે વહેતો મૂકતા આ ઉત્સવનો મહિમા કરવાની ખાસ જરૂર છે. પૂનમની અજવાળી રાતે રાસની રમઝટ બોલાવીએ કોપરાની અને ખજૂરની લહાણી કરીએ, અશ્લિલતાના કાળા કાદવને દૂર રાખી, અસદ્વૃત્તિનું દમન કરી, અદમ્ય ઉત્સાહ અને આનંદથી જીવનના સન્માર્ગ પર મક્કમતાથી આગળ વધીએ. હળવાં, નિર્દોષ મસ્તીતોફાનથી જીવનને ભર્યું ભર્યું બનાવવાનો આ ઉત્સવ છે. ગુલાલની સંગે આપણી ગુલાબી વૃત્તિ પ્રકટવી જોઈએ. હોળી અને ધુળેટીનો ઉત્સવ એટલે માનવીમનને માંજવાનો ઉત્સવ.

હોળી તો મારવાડની પ્રજાનો અતિમાનીતો ઉત્સવ છે. ખેતી કરતા ગ્રામલોકો દાતરડાને ઘડીભર બાજુએ મૂકી, ફાગણના ફાગ ખેલી લે છે. સામાન્ય મજૂર, નોકરચાકર, મોટા અધિકારી કે રાષ્ટ્રપ્રમુખ પણ પોતાની મોટાઈનો અંચળો દૂર કરી, ભેદભાવ ભૂલી હોળીની મસ્તી માણે છે. રાજાશાહીના સમયમાં રાજવી કુટુંબોમાં આ તહેવાર અજબ રીતે ઉજવાતો. ઓઝલ પડદામાંથી ક્યારેય મુખ બહાર નહીં કાઢતી નારી ધુળેટીમાં થોડી સ્વતંત્રતા અનુભવતી. અહીં એ નોંધવાનું મન થાય છે કે ચાચા નહેરુને પણ આ તહેવાર ખૂબ જ પ્રિય હતો.

સિન્થેટીક રંગોથી, કાદવથી કે 'ઓઈલ પેઈન્ટ'થી ધુળેટી રમતી આપણી નવી પેઢી અબીલ, ગુલાલના આનંદને લૂંટવાનું શીખશે ખરી? ન જાને...!

લોકોની જિંદગીમાં હોળીનો અર્થ શો? હોળીને દિવસે આપણે પરંપરાને, ચાલતા આવેલા નિયમો તથા રૂઢિને ભૂલી જઈએ છીએ અને આપણી જાતને બંધનમાંથી છોડાવી છૂટી મૂકી દઈએ છીએ. આપણી બધી જવાબદારીઓ કે જેનો ભાર આપણા મન પર રહ્યા કરે છે,

તેને ફગાવીને મુક્તિનો શ્ર્વાસ લઈએ છીએ.ટૂંકમાં, હોળીનો ઉત્સવ એ ફાગણના રંગોથી આપણા જીવનને રંગીન બનાવતો, વસંતોત્સવમાં પણ સંયમની દીક્ષા આપતો, સંઘનિષ્ઠાનો મહિમા સમજાવતો તેમ જ માનવ મનમાં અને માનવ સમાજમાં રહેલી અસદ્વૃત્તિને બાળવાનો સંદેશ આપનારો ઉત્સવ છે.

# સાવધાનઃ હોળીની મજા જો જો બાળકો માટે સજા બની જાય નહીં, આટલું ધ્યાન રાખજો!

હોળી એટલે રંગો, પિચકારી અને પાણીના ફુગ્ગાની ધમાલ. બાળકો માટે આ વર્ષનો સૌથી પ્રિય તહેવાર છે, પરંતુ કાન, નાક અને ગળા (ENT) ના નિષ્ણાતોના મતે, આ મજા ક્યારેક ગંભીર ચેપનું કારણ બની શકે છે. હોળીના કેમિકલયુક્ત રંગો અને કાનમાં જતું પાણી બાળકોને લાંબા ગાળે સાંભળવાની કે શ્વાસ લેવાની તકલીફ આપી શકે છે. તેથી, દરેક વાલીએ હોળીની ઉજવણી દરમિયાન કેટલીક પાયાની સાવચેતી રાખવી જરૂરી છે.

## પાણી અને અવાજથી બાળકોને બચાવો

હોળી દરમિયાન પિચકારીનું પાણી સીધું કાનમાં જાય તો પડદાને નુકસાન થઈ શકે છે. બાળકોને રમવા મોકલતા પહેલા તેમના કાનમાં સોફ્ટ ઈયરપ્લગ અથવા રૂના પૂમડાં લગાવી શકાય છે. તેમજ જોરદાર અવાજ ધરાવતા સ્પીકર્સથી બાળકોને દૂર રાખો, કારણ કે તે તેમની સાંભળવાની શક્તિ પર અસર કરી શકે છે. રમ્યા પછી કાનમાં કોટન બડ્સ નાખીને સાફ કરવાને બદલે માત્ર બહારથી નરમ ટુવાલથી સાફ કરો. જો બાળક કાન ભરાઈ ગયા હોય તેવી ફરિયાદ કરે, તો તરત જ ડૉક્ટરને બતાવવું જોઈએ.

## એલર્જીથી રહો સાવધ

આજકાલ બજારમાં મળતા સિંથેટિક રંગોમાં પાવડરના બહુ બારીક રજકણો હોય છે. જ્યારે આ રજકણો શ્વાસમાં જાય છે ત્યારે નાકમાં બળતરા, સતત છીંક અને સાઈનસની સમસ્યા થઈ શકે છે. સુરક્ષા માટે બાળકના નાકની આસપાસ પેટ્રોલિયમ જેલી અથવા કોપરેલ તેલ લગાવો, જેથી રંગો ત્વચા કે નાકની અંદર ચોંટે નહીં. ભીડભાડવાળી અને ગુલાલ ઉડતો હોય તેવી જગ્યાએ બાળકને માસ્ક પહેરાવવું એક ઉત્તમ વિકલ્પ છે.

હોળીમાં બાળકો ખૂબ ઉત્સાહમાં આવીને જોરજોરથી બૂમો પાડતા હોય છે, જેનાથી વોકલ કોર્ડ (સ્વર પેટી) પર સોજો આવી શકે છે અને અવાજ બેસી જાય છે. વધુમાં, તડકામાં રમીને તરત જ ઠંડા પીણાં કે આઈસ્ક્રીમ ખાવાથી ગળામાં ઈન્ફેક્શન કે ટોન્સિલનો દુખાવો થઈ શકે છે. બાળકોને પૂરતા પ્રમાણમાં હૂંફાળું પાણી પીવડાવવું અને આર્ટિફિશિયલ ગળપણવાળા પીણાં ટાળવા જોઈએ.

## હોળીની સુરક્ષિત ઉજવણી માટેની ટિપ્સ

હર્બલ રંગોઃ માત્ર નેચરલ અથવા ફૂલોમાંથી બનેલા ગુલાલનો જ ઉપયોગ કરો. હાઈડ્રેશનઃ બાળક ડિહાઈડ્રેટ ન થાય તે માટે તેને સમયાંતરે પાણી કે લીંબુ શરબત આપતા રહો. સ્નાનઃ હોળી રમીને આવ્યા પછી હૂંફાળા પાણીથી બાળકને નવડાવો અને જો કાનમાં પાણી ગયું હોય તો માથું એક તરફ નમાવીને તે કાઢવાનો પ્રયત્ન કરો.

ડિસ્ક્લેમરઃ આ લેખ સામાન્ય જાણકારી માટે છે. જો હોળી રમીને આવ્યા પછી બાળકને કાનમાં સખત દુખાવો, નાકમાંથી લોહી નીકળવું અથવા ગળામાં સોજો દેખાય, તો તરત જ નજીકના ઈદ્ભ નિષ્ણાતનો સંપર્ક કરો.



# સુરત મહાનગરપાલિકા જાહેર નોટીસ

## સાઉથ ઝોન- એ (ઉધના) વિસ્તારના ખુલ્લા પ્લોટના માલિક જોગ

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન-એ(ઉધના) મા સમાવિષ્ટ નીચે જણાવેલ સોસાયટીના ખુલ્લા પ્લોટ હોલ્ડરો/કબ્જેદારો/ભોગવટો કરનાર (રેસી./ઇન્ડ.) વિગેરે જેમણે હજી સુધી સુરતમહાનગરપાલિકાનો વેરો ભરપાઇ કરેલ ન હોય તેઓને આથી જણાવવામા આવે છે કે ખુલ્લા પ્લોટના કારણે તથા અધુરા સરનામાને કારણે વોરંટની નોટીસ રૂબરૂમા બજાવી શકાયેલ નથી. જે પ્લોટ હોલ્ડરોએ હજુ સુધી સને ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વર્ષ સુધીના વેરા બીલના નાણા જમા કરાવ્યા નથી તેમને આ અંતિમ જાહેર નોટીસથી જમા કરાવવાની છેવટની તક આપવામા આવે છે. સદરહુ નાણા તાકીદે જમા ન થયેથી લાગત જમીન/પ્લોટ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવશે.

| નં | વોર્ડ નંબર | પાર્ટીનું નામ / સરનામું | બાકી વેરાની રકમ |
|---|---|---|---|
| ૧ | ૩૦એ પાંડેસરા | શિવ આશીષ ઈન્ડ. એસ્ટેટ,સર્વે.નં.૨૦, પાંડેસરા | |
| | | પ્લોટનં.:- ૧ થી ૪૯,૫૪ થી ૧૦૩ | ૨૩૪૭૬૫૬૮ |
| | | સીતાનગર સોસાયટી-૧,પાંડેસરા | |
| | | પ્લોટનં.: ૨૮,૨૯,૩૦,૩૧,૩૨,૪૮,૭૭,૯૪,૧૩૦,૧૪૧,૧૪૨ | ૧૬૭૨૨૮૩ |
| | | શિવમ નગર, પાંડેસરા | |
| | | પ્લોટનં.:- ૨૭,૩૨,૯૪,૧૦૪,૧૦૫ | ૫૭૫૬૭૪ |
| ૨ | ૩૦બી | પાંડેસરા જી.આઈ.ડી.સી. | |
| | | પ્લોટ નં.:-૧૪૭,૧૪૮,૧૫૫, સી/૨/૨૭, ૧૯૩, એ/૧/૨૩૯,૨૪૦,૨૭૪/૧,૨૭૪/૩,૨૨૬/૧, ૨૪,૨૫,૨૨૬/૧, ૧૨૨,૧૨૩,૧૨૫,૩૪૭,૩૫૬/૨,૩૫૭,૩૮૫ | ૧૦૪૫૧૪૨૫ |
| ૩ | ૩૦સી | પાંડેસરા જી.આઈ.ડી.સી. પ્લોટનં.:-૨૯૪/૧૨,૨૯૪/૧૩,૩૪૬,૩૫૮ | ૧૬૩૬૦૩૪૬ |
| ૪ | ૩૧એ | પ્રભુનગર સોસાયટી, બમરોલી | |
| | | પ્લોટ નં.:-૧ થી ૪૦૦ | ૨૨૦૫૯૭૬૧ |
| | | પ્રભુનગર સોસાયટી, બમરોલી | |
| | | પ્લોટ નં.:-૪૦૧ થી ૫૭૯ | ૨૦૯૩૮૬૨૨ |
| | | અંબિકાનગર સોસાયટી,બમરોલી | |
| | | પ્લોટ નં.:-૩૪૩ થી ૪૧૮ | ૬૩૮૫૧૯૪ |
| | | ભગવતીનગર સોસાયટી,બમરોલી | |
| | | પ્લોટ નં.:-૧ થી ૧૨૯ | ૮૦૮૧૩૪૦ |
| | | સાંઈશકિત સોસાયટી, બમરોલી | |
| | | પ્લોટ નં.:-૧ થી ૩૧૧ | ૧૭૩૧૨૪૮૨ |
| | | શિવશકિત સોસાયટી,બમરોલી | |
| | | પ્લોટ નં.:-૧ થી ૫૭૫ | ૯૨૯૪૪૭૩૪ |
| ૫ | ૩૧સી | ભીડભંજન ઇન્ડ., પિયુષ પોઈન્ટ પાસે, બમરોલી રોડ. | |
| | | પ્લોટનં.:-૩૮૧,૩૮૨,૩૮૩,૩૮૪ | ૧૧૨૩૭૩ |
| ૬ | ૬૮એ | નેમનગર | |
| | | પ્લોટ નં.:-૪૨૭ થી ૪૬૧ | ૧૭૬૫૭૫૧ |
| | | સુર્યનગર હા.સોસાયટી | |
| | | પ્લોટ નં.:-૧થી૪૮, ૫૦થી ૫૭, ૧૦૦ થી ૧૦૩, ૧૦૫ થી ૧૧૮, ૧૨૦ થી ૧૨૪, ૧૬૭ થી ૧૭૫, ૨૧૨ થી ૨૧૪,૨૩૮ થી ૨૩૯,૨૫૦ થી ૨૬૧ | ૪૪૪૫૮૩૮૧ |
| ૭ | ૬૮બી | શાંતિનિકેતન સોસાયટી | |
| | | પ્લોટ નં.:-૨૧૩ થી ૨૧૭બી,૨૨૯/એ,૨૭૧ થી ૨૭૮,૨૮૭,૨૯૦ થી ૨૯૨,૩૬૬,૩૬૭,૩૮૩ થી ૩૮૭,૪૦૮, ૪૦૯ | ૧૧૧૭૨૬૩ |
| | | શાંતિવન સોસાયટી | |
| | | પ્લોટ નં.:-૨૭,૨૮/એ,૩૨૭ થી ૩૩૧,૩૩૬ થી ૩૪૭ | ૭૬૮૦૯૨ |
| | | રિધ્ધી સિધ્ધી નગર | |
| | | પ્લોટ નં.:-૮૫એ,બી,સી,૮૯,૯૨ થી ૯૭,૧૧૬,૧૩૫,૧૩૬ | ૬૩૬૨૬૫ |
| | | ઈન્દ્રાનગર | |
| | | પ્લોટ નં.:-૧ થી ૬,૮ થી ૧૦,૧૨,૧૬,૪૪,૫૭,૫૯,૬૦,૬૨,૬૩ | ૭૬૮૩૮૨ |
| ૮ | ૬૮સી | હરીનગર | |
| | | પ્લોટ નં.:-૯૫,૯૬ | ૬૫૦૫૧ |
| | | મારૂતીનગર | ૧૨૨૯૮૩ |
| | | પ્લોટ નં.:-૭૩,૧૮૫,૨૪૬ | |
| | | બ્લોક નં.૧૫૦,ટી.પી.૫૮,એફ.પી.૫૧, ડી-માર્ટની સામે | ૧૬૪૩૩૮ |
| | | પ્રભાતનગર | |
| | | પ્લોટ નં.:-૫૫,૫૭ | ૬૫૫૯૫ |
| | | કૈલાશનગર-૩ | |
| | | પ્લોટ નં.:-૧૦૭,૧૨૩/બી,૧૨૬,૧૨૭,૧૩૫,૧૩૭ થી ૧૪૩ | ૪૫૭૫૬૮ |
| | | બ્લોક નં.૧૫૩,ટી.પી.૫૮,એફ.પી.૫૪,બમરોલી | ૬૨૫૩૫ |
| | | સાંઈકૃપા સોસાયટી | |
| | | પ્લોટ નં.:-૨૮,૨૯,૩૨ થી ૩૬,૩૯,૪૨ થી ૪૪,૮૩,૧૯૧ થી ૧૯૩,૨૨૯ | ૬૩૩૯૫૫ |
| | | મણીનગર | |
| | | પ્લોટ નં.:-૧/બી,૯૮,૧૩૨ થી ૧૩૫,૧૬૨,૧૬૩,૧૭૮,૩૯૧,૩૯૩ થી ૩૯૫ | ૪૬૦૬૦૬ |
| | | મોહન નગર | |
| | | પ્લોટ નં.:-૫૦,૭૫,૧૦૮ | ૧૦૦૪૫૯ |
| | | બાલાજી નગર | |
| | | પ્લોટ નં.:-૫૧એ,૧૩૫,૨૬૫,૨૬૬,૨૭૮,૩૧૯,૩૨૮,૩૬૧/એ,૩૭૨ | ૩૪૦૩૧૮ |
| ૯ | ૬૮ડી | શિવ ઈન્ડ. | |
| | | પ્લોટ નંઃ-૧૨ | ૬૨૮૨૦૧ |
| | | હરીઓમ ઇન્ડ.-૧ | |
| | | પ્લોટ નં.:-૫૩,૫૪,૧૮૬,૧૮૭,૧૯૪ થી ૧૯૭ | ૫૧૬૭૯૫ |
| | | જય જલારામ ઈન્ડ. | |
| | | પ્લોટ નં.:-૧૭૭/પી,૧૭૮,૧૭૯,૧૮૦,૧૪૭,૧૫૪ થી ૧૬૫,એસ/૨૩ થી એસ/૨૫ | ૧૬૫૬૧૫૬ |
| | | હરીઓમ ઈન્ડ.-૨ | |
| | | પ્લોટ નં.:-૨૫૯ | ૧૧૪૯૫૦ |
| | | ઉમા ઈન્ડ.સોસાયટી | |
| | | પ્લોટ નં.:-૧,૨૭૨ થી ૨૭૫,૨૯૩,૨૯૭,૩૦૦ થી ૩૦૧,૩૦૩ થી ૩૦૮ | ૧૪૯૭૪૩૬ |
| | | તિરૂપતી ઈન્ડ. | |
| | | પ્લોટ નં.:-૩ | ૧૧૫૪૦૬ |
| | | સાંઈરામ ઈન્ડ. | |
| | | પ્લોટ નં.:-૭૫,૯૨,૧૨૭,૨૧૪,૨૧૫,૩૨૯,૩૩૦ થી ૩૩૩,૩૬૦ થી ૩૬૩ | ૭૯૮૭૬૫ |
| | | બાપા સીતારામ ઈન્ડ. | |
| | | પ્લોટ નં.:-૧૦,૧૨,૧૩,૨૫ | ૩૨૮૧૬૮ |
| | | બાલકૃષ્ણ ઈન્ડ. | |
| | | પ્લોટ નં.:-૯૨એ,૯૨બી | ૨૩૦૨૧૬ |
| | | બેકાવાલા એસ્ટેટ | |
| | | પ્લોટ નં.:-૮,૯,૧૨,સી/૧૩,સી/૧૪,સી/૨૦ થી સી/૨૨ | ૮૫૩૧૬૪ |
| | | ઉમીયાધામ ઇન્ડ. | |
| | | પ્લોટ નં.:-૬૭/એ,૭૦/એ,૭૭ થી ૮૦,૮૧/બી,૮૨ાબી,૮૩/બી,૮૪/બી,૮૫ થી ૮૮ | ૯૪૬૫૨૪ |
| | | લાલાકુંજ ઈન્ડ. | |
| | | પ્લોટ નં.:-૫૮,૫૯,૭૦ થી ૮૧, ૮૫ થી ૯૯ | ૨૯૭૨૭૫૩ |
| | | સાંઈ આર્શીવાદ ઈન્ડ.-૧ | |
| | | પ્લોટ નં.:-૩૪/એ | ૮૫૦૦૯ |
| | | આશાપુરી ઈન્ડ.-૧ | |
| | | પ્લોટ નં.:-૪૪,૪૫ | ૨૩૫૪૪૦ |
| | | તૃપ્તીનગર | |
| | | પ્લોટ નં.:-૪૧૭/એ,૪૧૮,૪૧૯ | ૧૩૨૪૪૭ |
| | | શારદા ઈન્ડ.સોસાયટી | |
| | | પ્લોટ નં.:-૧ થી ૧૧,૧૩ થી ૧૬,૨૫,૩૧ થી ૪૦,૪૨ થી ૪૩,૪૯ | ૨૭૪૨૧૨૬ |
| ૧૦ | ૬૮ઈ | નવો મહોલ્લો,બમરોલી ગામ | |
| | | પ્લોટ નં.:-૭,૧૮,૨૦,૨૬,૩૩,૪૨,૨૫૨,૬૮ | ૫૧૨૩૪૪ |
| | | પ્રતીકનગર,બમરોલી ગામ | |
| | | પ્લોટ નં.:-૨૧,૯૧,૯૭,૯૮,૧૦૧ થી ૧૦૫,૧૧૨,૧૧૩ | ૬૨૬૯૧૪ |
| | | સ્કુલ ફળીયું | |
| | | જશમતભાઈ નાનાભાઈ | ૫૯૬૫૬ |
| | | ટેકરી ફળીયું, સર્વે.નં.૧૦૨ | |
| | | ઘર નં.:-૧૬૨,૧૬૩ | ૫૧૬૮૦ |
| | | બમરોલી ગામ,રે.સર્વે.નં.૧૨/૨, બ્લોક નં.૨૦ | ૧૨૦૮૫૦ |
| | | નવો મહોલ્લો, બમરોલી ગામ | |
| | | ઘર નં.:-૬૪,૫૭,૫૦/૧,૬૯ | ૧૮૫૨૧૧ |
| | | રે.સર્વે.નં.૩૮/૧,ટી.પી.૭૨,બ્લોક નં.૮૫ ,બમરોલી ગામ | ૧૭૮૧૫૧ |
| | | બ્લોક નં.૫૪,ટી.પી.૭૨,નોર્થ સાઈડ,બમરોલી ગામ | ૨૦૧૯૬૯ |
| | | રે.સર્વે.નં.૩૯/૧,ટી.પી.૭૨,બ્લોક નં.૮૧ ,બમરોલી ગામ | ૧૬૮૭૫૯ |
| | | રે.સર્વે.નં.૫૦,ટી.પી.૭૨,બ્લોક નં.૮૯ ,બમરોલી ગામ | ૧૮૧૬૧૯ |
| | | બ્લોક નં.૪૯,ટી.પી.૭૨,એફ.પી.૪૬,બમરોલી ગામ | |
| | | પ્લોટ નં.:-ડી | ૨૬૪૧૭ |
| | | બ્લોક નં.૪૭/એ,ઓ.પી.૪૪/એ,એફ.પી.૪૪/એ,ટી.પી.૭૨,બમરોલી ગામ | ૮૩૯૯૫૪ |
| | | એસ.નં.૩૮/૧,ટી.પી.૭૨,બ્લોક નં.૮૫,ઓ.પી.૮૧,એફ.પી.૮૧પૈકી,બમરોલી ગામ | ૧૩૪૦૪૨ |
| | | જુનો રે.સર્વે.નં.૩૪+૩૫,બ્લોક નં.૬૭,ટી.પી.૭૨,એફ.પી.૬૩,સી. એસ.નં.૬૭પૈકી,બમરોલી ગામ | ૩૦૨૬૫૮ |
| ૧૧ | ૭૫એ | નવો રે.સર્વે.નં.૧૩૩ પૈકી ૨,જુનો રે.સર્વે.નં.૮૫/૨ | ૩૫૬૩૨૫ |
| | | હરીઓમ નગર-૩ | |
| | | પ્લોટ નં.૧ થી ૭૯, ૮૪ થી ૧૨૯,૧૩૧ થી ૨૧૭ | ૨૨૪૪૦૧૨૨ |
| ૧૫ | ૭૫બી | જુનો રે.સર્વે.નં.૩૯/૧-એ, બ્લોક નં.૩૫,ટી.પી.૭૧,એફ.પી.૨ | ૪૬૩૫૪૦ |
| | | જુનો રે.સર્વે.નં.૧૧૩, નવો ૧૩૫/૧ | ૩૫૬૩૨૫ |
| | | કુલ | ૪૩૫૩૩૫૦૦ |

ઉપરોક્ત જણાવેલ બાકીદારોની વિગત તથા વધુ માહિતી સાઉથઝોન-એ(ઉધના) ની ઝોન ઓફિસના આકારણી અને વસુલાત વિભાગની કચેરીમાં કચેરી સમય દરમ્યાન મળી શકશે. આ અંગે તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધી ચાલુ દિવસે સવારે ૧૦:૩૦ થી ૫:૦૦ કલાક (રીશેષ સિવાય)અને રજાના દિવસોએ (રવિવાર અને ધુળેટીની રજા સિવાય) સવારે ૧૦:૩૦ થી બપોરે ૩:૩૦ કલાક દરમ્યાન મિલ્કત વેરો અને વ્યવસાય વેરો તમામ સિવિક સેન્ટર પર તેમજ સુરત મહાનગરપાલિકાની વેબસાઇટ www.suratmunicipal.gov.in પર ભરપાઇ કરી શકાશે.

વિષેશ નોંધઃ- (૧) આ જાહેર નોટીસ પહેલા ઉપરોક્ત મિલ્કતોનો મિલ્કતવેરો ભરપાઇ કરવામાં આવ્યો હોય તો જે તે મિલ્કતદારે આ જાહેર નોટીસ રદબાતલ સમજવી.
(૨) મિલકતદાર દ્વારા જે તારીખ વેરો ભરપાઇ કરવામાં આવશે તે તારીખે જે રકમ બાકી હશે તે ભરવાની રેહશે.
(3) સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૧/૨૦૨૬ મુજબ વ્યાજમાફીની પ્રોત્સાહક યોજનાનો મિલ્કતદારોને લાભ લેવા જણાવવામાં આવે છે.

ઇ.ચા.આસી.મ્યુની.કમિશ્નર
સાઉથઝોન-એ(ઉધના)
સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./૬૯૧/૨૦૨૫-૨૬
તારીખઃ- ૦૨-૦૩-૨૦૨૬

## તંત્રી લેખ...

મંગળવાર, તા. ૦૩ માર્ચ ૨૦૨૬

# હવે રાષ્ટ્રીય રાજકારણ અલગ હશે

દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અને ભ્રષ્ટાચાર - વિરોધી - આમ આદમી પાર્ટીના સ્થાપક અરવિંદ કેજરીવાલ, એમના સાથી પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન સિસોદિયા અને અન્ય એકવીસ વ્યક્તિઓને શરાબની જકાતનીતિના ભ્રષ્ટાચાર કેસમાં દિલ્હીની અદાલતે નિર્દોષ જાહેર કરીને ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉપરાંત કૉંગ્રેસ નેતાઓને મોટો આઘાત આપ્યો છે! કેજરીવાલ આરોપમુક્ત થયા પણ સીબીઆઇ અને આઇડી સામે વડા પ્રધાન મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ ઉપર ગંભીર આક્ષેપ થયા છે. કેજરીવાલને કાનૂની અદાલતે 'કટ્ટર ઈમાનદાર' ઠરાવ્યા પછી હવે તેઓ જનતાની અદાલતનો ચુકાદો માગવા તત્પર છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી નવેસરથી કરાવવાની માગણી કરી છે પણ એમની નજર ગુજરાત ઉપર છે : ગુજરાતમાં મોદી અને અમિત શાહને પડકારવા માગે છે. કૉંગ્રેસના નેતા કહે છે કે ભાજપ અને કેજરીવાલનું કાવતરું કૉંગ્રેસ સામે છે!

સીબીઆઇ હાઈ કોર્ટમાં અપીલ કરે અને કદાચ ફાવે તો પણ જનતાની લોકઅદાલતનો ચુકાદો અલગ હોઈ શકે છે. હવે તમામ રાજકીય પક્ષો - વિશેષ કરીને ભાજપ સામે કેજરીવાલના 'ડબલ એન્જિન'નો પડકાર હશે. કાનૂની અદાલત અને લોકઅદાલત. હવે રાષ્ટ્રીય રાજકારણ અલગ હશે.

અણ્ણા હઝારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન પછી અરવિંદ કેજરીવાલે દેશભરમાં ભ્રષ્ટાચાર વિરોધી નેતાનું સમ્માન મેળવીને સત્તાના રાજકારણમાં સ્થાપિત રાજકીય પક્ષો સામે ગંભીર પડકાર ફેંક્યો હતો. વર્ષ ૨૦૧૫માં દિલ્હી વિધાનસભાની માત્ર ત્રણ બેઠકો ભાજપને મળી હતી અને ૨૦૨૦માં માત્ર આઠ બેઠકો મળ્યા પછી ભાજપની નેતાગીરી સફાળી ચોંકી ગઈ હતી. આ પડકાર તમામ - ચીલાચાલુ રાજકીય પક્ષોને હતો પણ ભારતીય જનતા પક્ષે - ૨૦૧૪માં કૉંગ્રેસને સત્તાભ્રષ્ટ કરીને દેશભરમાં જબરદસ્ત લોકપ્રિયતા મેળવી હતી અને એક જ વર્ષમાં - ૨૦૧૫માં દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ નામના નવા નિશાળિયાએ ભાજપને કારમો આઘાત આપ્યો. દિલ્હીમાં દાયકાઓ સુધી રાજ કરનાર કૉંગ્રેસ માટે તો કોઈ આશા જ રહી નહોતી.

ભાજપ સહિત કૉંગ્રેસને પણ આશા ન હતી - કેજરીવાલને ચૂંટણીના રણમેદાનમાં પરાસ્ત કરવાની! સૌ માટે ભવિષ્યનો સવાલ હતો ત્યારે કૉંગ્રેસના પ્રાદેશિક નેતાએ શરાબ નીતિમાં હૈદરાબાદના કેટલાક શખસો સાથે ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ કર્યો અને ભાજપે આ મુદ્દો ઉઠાવી લીધો. સીબીઆઇ દ્વારા તપાસ શરૂ થઈ અને એક રાજ્યના મુખ્ય પ્રધાન જેલવાસ ભોગવતા થયા. જેલમાં રહીને એમણે પત્નીને બોલાવીને સૂચનાઓ આપી અને સરકારી ફાઇલો ઉપર સહી પણ કરી તેથી નવો વિવાદ શરૂ થયો કે એમણે રાજીનામું આપવું જોઈએ. આખરે જેલમાંથી છૂટ્યા પણ સરકારી કાર્યાલયમાં નહીં જવાની, ફાઇલો ઉપર સહી નહીં કરવાની શરત હતી.

ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન કરનાર સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ થયા પછી આરોપ થયા અને ભ્રષ્ટાચારના નામે ચૂંટણીમાં સત્તાભ્રષ્ટ પણ થયા. આમ છતાં દિલ્હીથી દૂર પંજાબમાં આમ આદમી પાર્ટીએ સત્તા મેળવી અને કૉંગ્રેસ ઉપરાંત અકાલી દળને પણ સત્તાથી દૂર રાખ્યા. હવે દિલ્હીની નીચલી અદાલતે એમને માન-મરતબા સાથે મુક્ત કર્યા પછી એમણે કટ્ટર ઈમાનદાર હોવાનો દાવો કર્યો છે - કોર્ટના ચુકાદા પછી હવે 'આપ' અને કેજરીવાલ દેશભરમાં યાત્રા કરશે અને સ્થાપિત રાજકીય પક્ષો સામે 'જેહાદ' જગાવશે. એમને બેવડું બળ મળ્યું છે. રાજકારણને કાનૂની અદાલતનું પીઠબળ મળ્યું છે તેથી હવે તેઓ 'અશ્વમેધ યજ્ઞ' કરવા નીકળે તો આશ્ચર્ય નહીં થાય.

# ભારત-કેનેડા સંબંધોમાં નવી ઊર્જા

ભારત-કેનેડાના સંબંધો છેલ્લાં થોડાંક વર્ષોથી ટાઢાબોળ હતા અને વડાપ્રધાન માર્ક કાર્નીની ભારતયાત્રાને કારણે એમાં ઉષ્મા આવી છે. બદલાતા વૈશ્વિક સમીકરણ વચ્ચે કેનેડાને ભારતની મહત્તા સમજાઈ રહી હોય એવું લાગે છે. મુંબઈમાં બિઝનેસ ક્ષેત્રના માંધાતાઓ સાથેની બેઠક બાદ કાર્નીની ચાર દિવસની આ મુલાકાતથી દ્વિપક્ષીય સંબંધોમાં નવી શરૂઆત થવાનાં એંધાણ છે. કેનેડાના ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ સાથી પક્ષોના શીખ પ્રતિનિધિઓને રાજી રાખવા નવી દિલ્હીમાં ખેડૂત આંદોલનો વખતે કરેલી ટિપ્પણી ભારતની આંતરિક બાબતમાં હસ્તક્ષેપ જેવી હતી અને એ પછી કેનેડાની ધરતી ખાલિસ્તાનવાદી કેનેડિયન શીખની હત્યા માટે ભારત પર તહોમત લગાડવા જેવાં પગલાં બાદ બંને દેશ વચ્ચેના સંબંધ સૌથી નીચાં સ્તરે પહોંચી ગયા હતા. જો કે, ગયાં વર્ષે માર્ચમાં કાર્ની ચૂંટાઈ આવ્યા એ પછી કેનેડાનો અભિગમ સદંતર બદલાયો. ગયાં વર્ષે જૂન અને પછી નવેમ્બરમાં વડાપ્રધાન મોદી અને કાર્ની વચ્ચેની બેઠકોથી સકારાત્મકતા ઓર વધી છે અને દોઢેક દાયકાથી અટકી પડેલા ઈન્ડિયા-કેનેડા કોપ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ પર વાટાઘાટો આગળ વધશે. અમેરિકાના ટેરિફ તકાદા પછી કેનેડા માટે વેપાર બાબતે આ દેશ પર મદાર ઘટાડી નવા ટ્રેડ ભાગીદારો બનાવવા જરૂરી છે. આથી ભારતની અવગણના કરવાનું હવે તેને પાલવે એમ નથી. કેનેડાની જેમ જ ભારતને પણ અમેરિકાની ટેરિફ નીતિનો ફટકો પડયો છે. યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ટેરિફ ઘટી હોવા છતાં આ મોરચે અનિશ્ચિતતા યથાવત્ છે. દાવોસ જેવા મંચ પરથી ટ્રમ્પની નીતિઓની વિરુદ્ધ કાર્નીએ બોલવાની હિંમત કરી હતી અને કેનેડા કોઈ પણ દબાણ હેઠળ નહીં આવે એવો હુંકાર પણ કર્યો હતો. ભારતને પણ કેનેડા સાથેના સહયોગથી ઊર્જા ક્ષેત્રમાં તથા નાગરિક પરમાણુ ઊર્જા તથા યુરેનિયમ ધાતુ માટેનો કરાર અને કેનેડિયન ક્રૂડતેલ માટેની સમજૂતીમાં રસ છે. જે ઝડપે ભારત અને કેનેડાએ સંબંધોમાં સુધારણા લાવવાની દિશામાં કાર્ય કર્યું છે એનાથી એ તો સ્પષ્ટ છે કે, બંને વડાપ્રધાન આજની વૈશ્વિક વાસ્તવિકતાઓથી સુપેરે વાકેફ છે.

**દાવોસ જેવા મંચ પરથી ટ્રમ્પની નીતિઓની વિરુદ્ધ કાર્નીએ બોલવાની હિંમત કરી હતી અને કેનેડા કોઈ પણ દબાણ હેઠળ નહીં આવે એવો હુંકાર પણ કર્યો હતો. ભારતને પણ કેનેડા સાથેના સહયોગથી ઊર્જા ક્ષેત્રમાં તથા નાગરિક પરમાણુ ઊર્જા તથા યુરેનિયમ ધાતુ માટેનો કરાર અને કેનેડિયન ક્રૂડતેલ માટેની સમજૂતીમાં રસ છે.**

### આ લખાય છે ત્યારે તેહરાન અને બીજા ઈરાની શહેરો ભડકે બળી રહ્યાં છે

# યુદ્ધ વહેલી તકે નહીં રોકાય તો ભયાનક ખાનાખરાબી

## ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુઅલ મેક્રોંએ તત્કાળ યુનોની સલામતી સમિતિની બેઠક બોલાવવા માગણી કરી છે

લાંબા સમયથી જેનો ભય સેવાયો હતો એ થઈને રહ્યું. ટ્રમ્મ-ખોમેની વચ્ચેના હાકલા પડકારા વચ્ચે ઈઝરાયલે ઈરાન પર ભીષણ હવાઈ હુમલા કર્યા અને વળતા વારમાં ઈરાને મધ્ય-પૂર્વમાં અનેક દેશેને નિશાન બનાવીને મિસાઈલો દાગતાં ચોમેર વ્યાપક વિનાશ વેરાયો છે. યુદ્ધની અગનજવાળા ઈરાન-અમેરિકા-ઈઝરાયલથી આગળ ખાડી દેશોમાં લંબાતાં વૈશ્વિક શાંતિ જોખમમાં આવી પડી છે. વૈશ્વિક રાજનીતિના વિશેષજ્ઞો સવાલ કરી રહ્યા છે કે, આ જ ટ્રમ્પ શાંતિના નોબેલનો દાવો કરે છે ? વૈશ્વિક મુત્સદીગીરી ક્યાં ખોવાઈ ગઈ? સંયુક્ત રાષ્ટ્રસંઘની કોઈ આણ જ નથી રહી



આનો જવાબ ટ્રમ્પના યુદ્ધ ઉન્માદમાં વિલાઈ ગયો છે. આ લખાય છે ત્યારે તેહરાન અને બીજા ઈરાની શહેરો ભડકે બળી રહ્યાં છે, ૨૦૦થી વધુ મોત અને ૮૦૦થી વધુ ઘાયલ થયા છે. ભારત અને ગુજરાતનું બીજું ઘર એવું દુબઈ પણ મિસાઈલો ખાબકતાં ફફડી રહ્યું છે. કતરની રૂપકડી રાજધાની દોહામાંય સળગતી ગગનચૂંબી ઈમારતો અને અસ્તવ્યસ્ત માળખાંના ડરામણાં દૃશ્યો આવી રહ્યાં છે. ટૂરિસ્ટ અને કારોબારી વિશ્વનું ચહીતું દુબઈ-અબુધાબીએ લપેટમાં આવ્યા એ મોટી ચિંતાની વાત છે. ઈન્ડિયન એરલાઈન્સ સહિતના ભારત અને અખાતી દેશોની ૨૬૦ જેટલી વિમાની સેવા સ્થગિત કરી દેવાઈ છે. ઈરાનમાં ફસાયેલા ભારતીયોને જોર્ડનના રસ્તે રેસ્ક્યૂ કરવાનું આયોજન થઈ રહ્યું છે. અબુધાબીમાં બીએપીએસ મંદિર બંધ કરી દેવાયું છે. ચોમેર લોકડાઉન અને ભયનો માહોલ છે. યુદ્ધ કેટલું વકરશે કે અટકશે એની અનિશ્ચિતતા છે. અખાતી દેશો પણ યુદ્ધમાં જોતરાતાં દુનિયાના તેલ-ગેસ પુરવઠા અને જહાજી કારોબારને ગંભીર ફટકો પડવાની વકી છે. શેરબજાર તૂટશે અને તેલના ભાવો વધતાં મોંઘવારી-મંદી બેકાબૂ બની શકે. આ સ્થિતિ ઊભી થવામાં ઈરાનની નાફરમાની કારણભૂત છે જ, તેનો ગુપ્ત પરમાણુ કાર્યક્રમ અમેરિકા-ઈઝરાયલ સહિત દુનિયાના દેશોને ડરાવી રહ્યો છે. એટલે જ ઈઝરાયલ-અમેરિકાએ સંયુક્ત લશ્કરી કાર્યવાહી કરીને વધુ એક યુદ્ધ થોપી દીધું. લક્ષ્ય છે ઈરાનમાં સત્તાપલટાનું. ઉશ્કેરણીખોર પગલું નિવારી શકાયું હોત. સ્પેનના વડાપ્રધાને ટ્રમ્પ-નેતન્યાહુની ટીકા કરી છે. ભારતે શાંતિની અપીલ કરી છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુઅલ મેક્રોંએ તત્કાળ યુનોની સલામતી સમિતિની બેઠક બોલાવવા માગણી કરી છે અને કહ્યું છે કે, યુ.એસ.-ઈઝરાયલ-ઈરાન યુદ્ધથી વૈશ્વિક શાંતિ, સ્થિતરતા અને સુરક્ષા પર ગંભીર અસર પડશે. પરિસ્થિતિ વિસ્ફોટક છે. વિકાસનાં સપનાં જોતાં ભારત જેવા અનેક મહેનતકશ દેશોનું ગણિત બગડી શકે છે. કચ્છમિત્રના આજના અંકમાં વેપાર-કારોબાર જગતના વિવિધ નિષ્ણાતોનો અંદેશો એ જ છે કે, કચ્છ-ગુજરાત સહિત ભારતને ગંભીર આર્થિક ફટકો પડશે. પ્રશ્ન એ પણ છે કે, આમ નાગરિકોનો વાંક શો? સેંકડો લોકો મોતને ભેટશે એ કોના વાંકે? ટ્રમ્પના તેવર જોતાં યુદ્ધ ઝડપથી શાંત થાય એમ હાલઘડીએ જણાતું નથી. યુરોપીય દેશો ઉપરાંત ઈરાનના મદદગાર ચીન-રશિયાનાં વલણ પર મીટ મંડાયેલી રહેશે. શાંતિના હિમાયતી એવા ભારત સહિતના દેશોની વિદેશનીતિ, મુત્સદીગીરીની કસોટી છે. અત્યાર સુધી ફક્ત ધમકી આપી રહેલાં ઈરાને યુએઈ, કતર, જોર્ડન, બહેરીન જેવા દેશ સાથે સીધું યુદ્ધ છેડીને આકરો સંદેશ આપ્યો છે. અને છેલ્લે એક જાણીતું વાક્ય... શાંતિ યુદ્ધ કરતાં અનેકઘણી સારી હોય, પણ એ મેળવવી વધુ કઠિન છે... દુનિયાના સર્વેશક્તિમાન દેશના વડા યુદ્ધખોર હોય ત્યારે શાંતિ, યુદ્ધવિમાનોના તીવ્ર અવાજ, મિસાઈલ-બોમ્બના ધડાકા, મોતના ચિત્કાર, કાટમાળમાંથી ઊઠતા ધૂળના ગોટામાં ગોતી જડે તેમ નથી.

### સદીઓથી આ મોહને કારણે અનેક યુદ્ધો થતાં આપણે જોયા છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્રનો મોહ શું પરિણામ લાવ્યો તે કોણ નથી

# મોહથી મુક્ત થાય તે મહાવીર બની શકે

- **મનુષ્યને સૌપ્રથમ મોહ શેનો હોય? પોતાના શરીરનો. પોતાને કોઈ નુકસાન ન પહોંચે, પોતે સુંદર લાગે તેના માટે મનુષ્ય કેટલા ઉપાયો કરતો હોય છે. મૃત્યુનો ભય પણ મોહનું જ પરિણામ છે.**

મોહનો અર્થ શું? દુન્યવી વસ્તુઓ, વ્યક્તિઓ અથવા પરિસ્થિતિઓ પ્રત્યે અતિશય માનસિક અને ભાવનાત્મક લગાવ, આકર્ષણ, અથવા પ્રેમ, તેનું નામ મોહ. હિન્દી કવિ કલાનાથ મિશ્ર લિખિત આ પક્તિઓમાં મોહનું મહિમા મંડન કર્યું છે. કવિનો ઉદ્દેશ્ય સ્વાભાવિકપણે કટાક્ષ કરવાનો જ છે. મનુષ્યને મોહનું બંધન સુંદર લાગે છે, તેમાં આનંદનો અનુભવ થાય છે. અરે, મોહ જો વેદના પણ આપે તો શીતળ લાગે છે!



મનુષ્યને સૌપ્રથમ મોહ શેનો હોય? પોતાના શરીરનો. પોતાને કોઈ નુક્સાન ન પહોંચે, પોતે સુંદર લાગે તેના માટે મનુષ્ય કેટલા ઉપાયો કરતો હોય છે. મૃત્યુનો ભય પણ મોહનું જ પરિણામ છે. બીજો મોહ આપણે જેને 'આપણા' કહીએ છીએ તેમનો હોય છે. મોહ મમત્વને જન્મ આપે છે, આ મારા છે. પોતાનું હોય તેનો રાગ, પારકું હોય તેનો દ્વેષ. જ્યારે મોહનો પડદો હટે ત્યારે ખબર પડે કે પોતાનું કંઈ નથી અને કોઈ પારકું નથી. જે પ્રાપ્ત ન કર્યું હોય તેનો લોભ અને જે પ્રાપ્ત કર્યું હોય તેના પ્રત્યે મોહ એ મનુષ્યનો સ્વભાવ છે. જૈન દર્શનમાં આઠ કર્મોનો સિદ્ધાંત છે. તેમાં સૌથી વધુ મોહનીય કર્મને પ્રધાન મનાયું છે. કેમકે મોહને કારણે જ મનુષ્યનો સંસાર વધે છે અને તેમાંથી મુક્ત થઈ શકતો નથી. તેમાં મોહના બે પ્રકાર બતાવ્યા છે, દર્શન મોહ અને ચારિત્ર મોહ. મોહનીય કર્મ આત્માનું સાચું સ્વરૂપ મનુષ્ય સમક્ષ પ્રગટ થવા દેતા નથી તેને કારણે મનુષ્ય મિથ્યાદ્રષ્ટિ, રાગી અને દ્વેષી બની જાય છે. જૈન દર્શનમાં તો મોહનીય કર્મ ઉપર જે વિશદ ચર્ચા છે તેનો અભ્યાસ કરવા જેવો છે. મોહનીય કર્મ એ ચાર ઘાતી કર્મોમાંથી એક છે. આગમોમાં, મોહનીય કર્મને સેનાપતિ સાથે સરખાવવામાં આવ્યું છે. જેમ સેનાપતિના મૃત્યુથી સેનામાં ભાગદોડ મચી જાય છે, તેવી જ રીતે, મોહનીય કર્મના નાશ પર, બાકીના ત્રણ ઘાતી કર્મોનો નાશ થાય છે, અને ચાર અઘાતી કર્મો (વેદનીય, આયુષ્ય, નામ અને કુળ) પણ આયુષ્ય પૂર્ણ થયા પછી આપમેળે સમાપ્ત થઈ જાય છે.

સંસારથી મુક્ત થવું હોય તો સંસાર અને સંસારીઓના મોહથી મુક્ત થવું પડે. 'આત્મજ્ઞાન વિહીના મૂઢાઃ તે પચ્યન્તે નરકનિગૂઢાઃ' આત્મજ્ઞાનથી વંચિત મોહગ્રસ્ત મનુષ્ય વારંવાર નરકની ગતિ પામે છે. શ્રીમદ ભગવદ ગીતામાં પણ ભગવાન કૃષ્ણ વારંવાર મોહ પર વિજય મેળવવાની વાત કરે છે. ગીતાજી કહેવાની શરૂઆત જ અર્જુનના મોહથી થાય છે. સામે ઊભેલા છે તે બધા મારા છે, તેમને હું કેમ મારું? આ પ્રશ્નથી લઈને અંતે અર્જુન કહે છે, 'નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા'. મારો મોહ દૂર થયો અને મને જ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાન કૃષ્ણે મોહથી લિપ્ત મનુષ્યને મૂઢ કહ્યા છે. સદીઓથી આ મોહને કારણે અનેક યુદ્ધો થતાં આપણે જોયા છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્રનો મોહ શું પરિણામ લાવ્યો તે કોણ નથી જાણતું? પ્રખર બાણાવળી ગુરુ દ્રોણનો પુત્ર મોહ પણ તેમને નડ્યો છે. ગાંધારી જોકે તટસ્થ રહ્યા હોવા છતાં, પુત્ર મોહ અંતે તેમના પર પણ પ્રભાવી થયો. દુર્યોધન ગુનેગાર હોવા છતાં તેને બચાવવા સમગ્ર જીવનની તપસ્યા તેને માટે ખર્ચી નાખી. સત્તાનો મોહ કંઈ આજકાલના નેતાઓને જ છે એવું પણ ક્યાં છે? દેશના રાજકારણમાં પણ સંતાનોનો મોહ કેટલો હાવી છે તે કહેવાની જરૂર ખરી?

જેમને મોહ ગ્રસી ગયો છે, તેના માટે આપણે શબ્દ વાપરીએ છીએ, મોહાંધ; અર્થાત મોહમાં અંધ થયેલ. આ શબ્દનો અર્થ જ એ છે કે મોહ મનુષ્યની દૃષ્ટિને અવરોધિત કરી નાખે છે. શ્રી કૃષ્ણ મોહથી મુક્તિ માટે નિષ્કામ કર્મની સલાહ આપે છે. મોહના મારથી બચવાનો જ્ઞાનીજનો ઉપાય કહે છે, વૈરાગ્યનો ભાવ કેળવીએ અને સંસારની નશ્વરતાને ઓળખીએ. હું એટલે આ શરીર નહિ પણ આત્મા છે તે જાણીએ. ધર્મ કહે છે, મોહ વિવેક ભુલાવે છે, ન્યાય નકારે છે, મોહ જ રાગનો રસ્તો છે, દ્વેષનો દરવાજો છે, ક્રોધનું કારણ છે, કામની કેડી છે. મોક્ષના માર્ગે જવા માંગતા સાધક માટે મોહ મારક છે, જે મુમુક્ષુ મોહથી મુક્ત થાય તે મહાવીર બની શકે!

### નવા વચગાળાના નેતા તરીકે આયાતોલ્લાહ અલીરેઝા અરાફીની પસંદગી કરાઈ છે.

# ઈરાનના આક્રમક જવાબથી દુનિયામાં વધતો ઉચાટ

## આમ આ ગૂંચવાયેલાં ચિત્રમાં જંગના વધતા જતા વ્યાપને નાથવાનો કોઈ માર્ગ હાલ તુરત તો જણાતો નથી.

અમેરિકા અને ઈઝરાયલે કરેલા સંયુક્ત હુમલાના જવાબમાં મરણિયા બનેલા ઈરાને જવાબી હુમલા કરીને આ જંગને વધુ જટિલ બનાવી દીધો છે. તેલ સમૃદ્ધ આરબ દેશો અને ત્યાં સ્થિત અમેરિકા લશ્કરી થાણાને નિશાન બનાવી રહેલા ઈરાને તેના આક્રમક ઈરાદા છતા કરી દીધા છે. ઈઝરાયલ અને અમેરિકાના દળોના હુમલાથી તારાજ તેહરાનની આ કાર્યવાહીથી દુનિયાનાં અર્થતંત્રની સામે પણ જોખમી પડકાર ઊભો થયો છે. પળેપળ બદલાતાં જતાં ચિત્ર વચ્ચે શાંતિના કોઈ સંકેત જણાતા ન હોવાથી વિશ્વના દેશો ચિંતિત બન્યા છે. અમેરિકાએ પોતાના સૈનિકો ખોયાની કબૂલાત કરી છે. પેન્ટાગોન કહે છે, 'યુદ્ધ અમે શરૂ નથી કર્યું, પણ યુદ્ધ કયારે ખતમ થશે એ નક્કી અમેરિકા જ કરશે... આ નિવેદન દર્શાવે છે કે, નજીકના ભવિષ્યમાં હિંસાનો દાવાનળ શાંત થતો દેખાતો નથી. ઈરાન તેના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખોમેનીનાં મોત અને હુમલાથી સર્જાઈ રહેલી તબાહીથી થથરીને ઘૂંટણિયે પડી જશે એવી અપેક્ષાથી વિપરિત ઈરાન વધુ મરણિયું ને ઘાતક બન્યું છે. અમેરિકા અને ઈઝરાયલના આક્રમણમાં આયાતોલ્લાહ ઉપરાંત ઈરાને તેની ટોચની નેતાગીરી પણ ગુમાવી હોવાના અહેવાલ છે. નવા વચગાળાના નેતા તરીકે આયાતોલ્લાહ અલીરેઝા અરાફીની પસંદગી કરાઈ છે. ઈરાને વળતા હુમલા કરીને આરબ દેશો અને ત્યાં સ્થિતિ અમેરિકન થાણાને નિશાન બનાવ્યા છે. આરબ દેશોની સલામતીના જોખમી બનેલા ગણિત વચ્ચે હિઝબુલ્લાહ



સંગઠને ઈઝરાયલ પર હવાઈ હુમલા કરતાં લેબેનોનમાં વળતા હુમલા થયા છે, તો હુથી બળવાખોરોએ ઈરાનના સમર્થનમાં દરિયાઈ વ્યવહારને નિશાન બનાવવાની ચીમકી આપી છે. આમ આ ગૂંચવાયેલાં ચિત્રમાં જંગના વધતા જતા વ્યાપને નાથવાનો કોઈ માર્ગ હાલ તુરત તો જણાતો નથી. આરબ દેશોને નિશાન બનાવાતાં દુનિયાની સામે આર્થિક જોખમ પણ ઊભું થઈ ચૂક્યું છે. હોર્મુઝની સમુદ્રધૂની બંધ થતાં દરિયાઈ વ્યહાર રુંધાયો છે, પણ ક્રૂડ તેલ અને કુદરતી ગેસના ભાવો પણ ભડકે બળી રહ્યા છે. તેલના ભાવોમાં સોમવારે દસ ટકા જેટલો અને યુરોપમાં કુદરતી ગેસના ભાવોમાં ૨૨ ટકા જેટલો ઉછાળો નોંધાયો છે. દુનિયાના દેશોનાં અર્થતંત્રને ખોરવી નાખે તેવા આ ભાવોમાં હજી વધારાનું વલણ રહેશે તો ભારત સહિતના વિકસતા રાષ્ટ્રો માટે આર્થિક પડકાર ઊભો થઈ શકે તેમ છે. ભારતને સંબંધ છે ત્યાં સુધી આરબ દેશો સાથે સીધો વેપાર અને પ્રવાસન વ્યવહાર ધરાવતા ભારતીયો હવાઈ અને દરિયાઈ માર્ગો બંધ થતા અટવાઈ ગયા છે. દેશના બંદરો પર નિકાસના માલસામાનનો ભરાવો થવા લાગ્યો છે, તો હવાઈ માર્ગો બંધ થતાં યુરોપ સહિતના દેશોની ભારત સાથેની વિમાની સેવાઓ થંભી ગઈ છે. આ લખાય છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયા, બહેરીન, કતારના વડાઓ સાથે ટેલિફોનિક ચર્ચા કરી છે. આરબ દેશોમાં વસવાટ કરીને નોકરી કે રોજગાર કરતા લાખો ભારતીયોની સલામતીની ચિંતા પણ જાગી રહી છે. આવામાં ભારત સરકારે આ ભારતીય નાગરિકોને પરત લાવવાની મથામણ શરૂ તો કરી છે, પણ તેનો કોઈ માર્ગ જણાતો નથી, તો વેપાર માટે ભારતે અન્ય વૈકલ્પિક દરિયાઈ માર્ગ લેવો પડે તો તેનો ખર્ચ વધી જાય તેમ છે. આમ ઈરાન સાથે અમેરિકા અને ઈઝરાયલનો જંગ હવે દુનિયાનો ઉચાટ વધારી રહ્યો છે.



# એસ.એસ.રાજામૌલી ૧૪ મહિનાથી 'વારાણસી' શૂટ કરે છે, હજુ છ મહિના ચાલશે

## પ્રિયંકાની ફિલ્મના લાંબા શીડ્યુલ વિશે નીક જોનાસે પણ સંકેત આપ્યો

પ્રિયંકા ચોપરા હાલમાં પોતાની નવી રિલીઝ ધ બ્લફના પ્રમોશનમાં વ્યસ્ત છે, જે એમેઝોન પ્રાઇમ વીડિયો પર પ્રીમિયર આવી છે. તાજેતરમાં એક અમેરિકન શો પર વાતચીત દરમિયાન પ્રિયંકાએ પોતાની બહુ અપેક્ષિત ભારતીય ફિલ્મ 'વારાણસી' વિશે પણ વાત કરી હતી, જેનું દિગ્દર્શન એસ. એસ. રાજામૌલી કરી રહ્યા છે.

આ ફિલ્મને કેટલાક વર્ષો પછી ભારતીય સિનેમામાં પોતાની વાપસી ગણાવતી પ્રિયંકાએ પ્રોજેક્ટની ભવ્યતા અને લાંબા શીડ્યુલ વિશે પણ વિગતો આપી હતી.

પ્રિયંકાએ કહ્યું, ''મેં લગભગ છ કે સાત વર્ષથી કોઈ ભારતીય ફિલ્મ કરી નથી અને આ ફિલ્મનું નામ 'વારાણસી' છે. તેનું દિગ્દર્શન એસ. એસ. રાજામૌલી કરી રહ્યા છે, જે ભારતના અત્યંત પ્રતિભાશાળી દિગ્દર્શકોમાંના એક છે અને આ એક એડવેન્ચર ફિલ્મ હશે. હું તેના માટે ખૂબ જ ઉત્સાહિત છું. આ ફિલ્મ ૭ એપ્રિલ, ૨૦૨૭ના રોજ રિલીઝ થશે. અમે તેને આઈમૅક્સ ફોર્મેટમાં શૂટ કરી છે. એટલે તે આઈમૅક્સ થિયેટર્સ માટે હશે, આ ફિલ્મ ખૂબ જ ભવ્ય હશે.''

આ ફિલ્મની શૂટિંગ પ્રક્રિયા વિશે પ્રિયંકાએ જવાબ આપ્યો, ''હા. અરે ભગવાન! અમે ૧૪ મહિનાથી શૂટિંગ કરી રહ્યાં છીએ. હજુ છ મહિના સુધી શૂટિંગ ચાલુ રહેશે.''

થોડા અઠવાડિયા પહેલાં પ્રિયંકાના પતિ નિક જોનાસે પણ એક શો પર પોતાનાં આલ્બમ 'સન્ડે બેસ્ટ'ના પ્રમોશન દરમિયાન ફિલ્મ અંગે વાત કરી હતી. તેણે કહ્યું હતું, ''પ્રિયંકા છેલ્લા ૧૪ મહિનાથી વચ્ચે-વચ્ચે શૂટિંગ કરી રહી છે. આ એસ. એસ. રાજામૌલીની દક્ષિણ ભારતીય ફિલ્મ છે, જેમણે આરઆરઆરનું દિગ્દર્શન કર્યું હતું. આ તેમની આગામી મોટી ફિલ્મ છે. તે અદ્ભુત હશે.''

'વારાણસી' પ્રિયંકા માટે મહત્વપૂર્ણ ફિલ્મ છે, કારણ કે લગભગ સાત વર્ષના વિરામ પછી તે ભારતીય સિનેમામાં વાપસી કરી રહી છે. તે છેલ્લે બોલિવૂડમાં ધ સ્કાય ઈઝ પિંકમાં જોવા મળી હતી. તેની છેલ્લી તેલુગુ ફિલ્મ તૂફાન હતી.

દિગ્દર્શક એસ. એસ. રાજામૌલીએ નવેમ્બર ૨૦૨૫માં હૈદરાબાદમાં ગ્લોબટ્રોટર ઈવેન્ટમાં 'વારાણસી'નું સત્તાવાર રીતે નામ જાહેર કરવામાં આવ્યું હતું. ફિલ્મ ૭ એપ્રિલ, ૨૦૨૭ના રોજ રામ નવમીના અવસરે થિયેટરમાં રિલીઝ થવાની છે.

**થોડા અઠવાડિયા પહેલાં પ્રિયંકાના પતિ નિક જોનાસે પણ એક શો પર પોતાનાં આલ્બમ 'સન્ડે બેસ્ટ'ના પ્રમોશન દરમિયાન ફિલ્મ અંગે વાત કરી હતી. તેણે કહ્યું હતું, ''પ્રિયંકા છેલ્લા ૧૪ મહિનાથી વચ્ચે-વચ્ચે શૂટિંગ કરી રહી છે. આ એસ. એસ. રાજામૌલીની દક્ષિણ ભારતીય ફિલ્મ છે, જેમણે આરઆરઆરનું દિગ્દર્શન કર્યું હતું. આ તેમની આગામી મોટી ફિલ્મ છે. તે અદ્ભુત હશે.''**



# ૪૫ વર્ષ પછી પણ અમિતાભ બચ્ચનના આ ગીત વગર હોળી અધૂરી છે!

આ વખતે હોળીને લઈને ખૂબ જ મૂંઝવણભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. કોઈ જગ્યાએ ત્રીજી માર્ચ તો કોઈ જગ્યાએ ચોથી માર્ચના હોળીનો તહેવાર ઉમંગ અને ઉલ્લાસથી ઉજવવામાં આવશે. હોળીમાં રંગ, ગુલાલ અને મીઠાઈની સાથે જો કંઈ સૌથી મહત્વનું હોય તો તે છે ગીતો. બોલીવૂડમાં દર વર્ષે હોળી પર અસંખ્ય ગીતો બને છે, પરંતુ એક ગીત એવું છે જે દાયકાઓ પછી પણ આજે પણ નંબર-૧ પોઝિશન પર છે અને એ ગીત છે મેગા સ્ટાર અમિતાભ બચ્ચન અને એવરગ્રીન એક્ટ્રેસ રેખાની ફિલ્મ 'સિલસિલા'નું રંગ બરસે ભીગે ચુનર વાલી...

આજે પણ હોલી સેલિબ્રેશન રંગ બરસે ભીગે ચુનરવાલી સોન્ગ વિના એકદમ અધૂરું અને સૂનું લાગે છે. આ ગીતની સૌથી ખાસ વાત એ છે કે તેના બોલ અમિતાભ બચ્ચનના પિતા અને ખ્યાતનામ કવિ હરિવંશરાય બચ્ચને લખ્યા હતા. એટલું જ નહીં, આ ગીતને અમિતાભ બચ્ચને પોતે જ અવાજ આપ્યો છે. ૧૪મી ઓગસ્ટ, ૧૯૮૧ના રોજ રિલીઝ થયેલી ફિલ્મનું આ ગીત વાગે છે, ત્યારે આજે ૪૫ વર્ષ બાદ પણ લોકોના પગ થિરકવા લાગે છે.

તમને જાણીને નવાઈ લાગશે કે ફિલ્મ 'સિલસિલા'એ બોલીવૂડના ઈતિહાસની સૌથી યાદગાર ફિલ્મ છે કારણ કે આ જ ફિલ્મમાં બિગ બી અને રેખા છેલ્લી વખત એક સાથે જોવા મળ્યા હતા. બિગ બી અને રેખા સિવાય જયા બચ્ચન અને સંજીવ કુમાર આ ફિલ્મમાં જોવા મળ્યા હતા. રેખા અને બિગ બી વચ્ચે આ ગીતમાં જે કેમિસ્ટ્રી જોવા મળી હતી, તે આજે પણ સિને પ્રેમીઓ ભૂલી શક્યા નથી.

ફિલ્મ સિલસિલાના ગીતો જેમ કે રંગ બરસે, દેખા એક ખ્વાબ એ આજે પણ એટલા જ લોકપ્રિય છે, જેટલા એ સમયે હતા. ડિરેક્ટર યશ ચોપરાએ ખૂબ જ જહેમત બાદ જયા અને રેખાને એક જ ફિલ્મમાં કામ કરવા રાજી કર્યા હતા. ભારતમાં એ સમયે આ ફિલ્મને સ્વીકારવામાં આવી નહોતી, પરંતુ ઈંગ્લેન્ડ અને અમેરિકામાં રહેતા ભારતીયોએ તેને ખૂબ પસંદ કરી હતી.

જોકે, બોલીવૂડના ઈતિહાસમાં ફિલ્મ સિલસિલાના રંગ બરસે સિવાય પણ અનેક એવા ગીતો છે કે જેના વિના હોલી સેલિબ્રેશન અધૂરું છે. આ ગીતોમાં શાહરૂખ ખાન અને ઐશ્વર્યા રાય બચ્ચન સ્ટારર ફિલ્મ મહોબ્બતેંમાં ફિલ્માવવામાં આવેલું હોળીનું ગીત પણ આજે ૨૬ વર્ષ પછી પણ હિટ છે. આ સિવાય સની દેઓલ સ્ટારર ફિલ્મ ડરનું ગીત અંગ સે અંગ લગાના સજના આજે પણ લોકોમાં ખૂબ જ ફેમસ છે.

વર્ષ ૧૯૫૯માં રિલીઝ થયેલી ફિલ્મ 'નવરંગ' આજે પણ તેના સંગીત, કલરફુલ સેટ્સ અને અદભૂત નૃત્ય પ્રદર્શન માટે યાદ કરવામાં આવે છે. આ ફિલ્મનું ગીત 'અરે જા રે હટ નટખટ' હોળીના તહેવાર માટે એવરગ્રીન ગીત બની ગયું છે. આશા ભોંસલે અને મહેન્દ્ર કપૂરના અવાજમાં ગવાયેલું આ ગીત જેટલું સાંભળવામાં મધુર છે, તેને શૂટ કરવામાં નિર્દેશક વી. શાંતારામને એટલી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

**ફિલ્મ સિલસિલાના ગીતો જેમ કે રંગ બરસે, દેખા એક ખ્વાબ એ આજે પણ એટલા જ લોકપ્રિય છે, જેટલા એ સમયે હતા. ડિરેક્ટર યશ ચોપરાએ ખૂબ જ જહેમત બાદ જયા અને રેખાને એક જ ફિલ્મમાં કામ કરવા રાજી કર્યા હતા. ભારતમાં એ સમયે આ ફિલ્મને સ્વીકારવામાં આવી નહોતી, પરંતુ ઈંગ્લેન્ડ અને અમેરિકામાં રહેતા ભારતીયોએ તેને ખૂબ પસંદ કરી હતી.**



# ક્યારેક તો મને પોતાને કલાકાર કહેતાં પણ થોડું અજીબ લાગે છે : કોંકણા

નેશનલ એવોર્ડ વિજેતા એક્ટ્રેસ કોંકણા સેન શર્માની સ્ટ્રીમિંગ ફિલ્મ 'અક્યુઝ્ડ' રિલીઝ થઈ છે, ત્યારે તેણે એક ઇન્ટરવ્યુમાં પોતાની જાત વિશે સતત મનોમંથન કરતાં રહેવાની વાત કરી હતી.ફિલ્મના પ્રમોશન દરમિયાન એક વાતચીતમાં કોંકણાએ જણાવ્યું કે ક્યારેક તેને પોતાને 'આર્ટિસ્ટ' કહેતાં પણ થોડો અચકાટ કે કવિચિત્ર લાગણી થાય છે.તેને જ્યારે સવાલ પૂછવામાં આવ્યો કે એક પ્રતિષ્ઠિત કલાકાર તરીકે તેનાં પર આવતી સામાજિક જવાબદારીઓ અને સત્તા સાથે તેનો સંબંધ કેવો છે અને તે કેવી રીતે તેને સંભાળે છે, ત્યારે તેણે જવાબ આપ્યો, ''હું હકીકતમાં આ રીતે નથી વિચરતી, કારણ કે અંદરથી અનુભવ બહુ અલગ હોય છે. હું મને બહારથી જોઈ શકતી નથી. તેથી હું આ વિશે બહુ વિચારવાનો પ્રયત્ન કરતી નથી. હું વધારે અંતરમુખી છું અને ક્યારેક તો પોતાને 'આર્ટિસ્ટ' કહેતાં પણ મને થોડી અજીબ લાગણી થાય છે.''

જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તે પોતાને લઈને વધુ ટીકાત્મક અભિગમ ધરાવે છે, ત્યારે તેણે કહ્યું, ''ના, મને લાગે છે કે હું એ લોકોમાંની નથી જે કહે કે 'મારું બધું જ પરફેક્ટ છે અને કોઈએ મને કે મારા પરિવારને પ્રશ્ન ન પૂછવો જોઈએ.' આત્મચિંતન કરવું અને પોતાને પરખવું સારું છે. વિચાર બદલવો પણ રસપ્રદ છે અને મારી ફિલ્મનાં પાત્ર ડૉક્ટર ગીતિકાની જેમ બહુ ચિંતિત ન થવું કે દુનિયા તમને કેવી રીતે જોઈ રહી છે.''તેણે આગળ ઉમેર્યું, ''અન્ય લોકો આપણા વિશે શું વિચારે છે અથવા બહારથી કેવી રીતે જુએ છે, તેના પર આપણું ઘણું ઓછું નિયંત્રણ હોય છે. આપણી ઈમેજ પર બહુ નિયંત્રણ નથી. ક્યારેક આ બંદન તોડવું મહત્વનું હોય છે. તેથી તેના પર વધારે ધ્યાન ન આપવું અને પોતાની અંદરની દુનિયાને સમૃદ્ધ રાખવી વધુ સારી છે.''

## 'માલામાલ વિકલી'ની સિક્વલ પર કામ ચાલુ

# ફિલ્મ માટે રિતેશ દેશમુખ, પરેશ રાવલ, રાજપાલ યાદવનો સંપર્ક કરાયો

વર્ષ ૨૦૨૫માં 'સૈયારા', 'એક દીવાને કી દીવાનિયત' અને 'તેરી ઈશ્ક મેં' જેવી ફિલ્મોથી રોમેન્ટિક જોનરની લહેર ફરી જીવંત બની હતી. હવે ૨૦૨૬ અને ૨૦૨૭માં કોમેડી ફિલ્મો બોક્સ ઓફિસ પર રાજ કરે તેવી શક્યતા છે. આગામી બે વર્ષમાં 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ', 'વેલકમ ટુ ધ જંગલ', 'ધમાલ ૪', 'ભાગમ ભાગ ૨', 'હેરા ફેરી ૩' અને 'ગોલમાલ ૫' જેવી રસપ્રદ ફિલ્મો રિલીઝ થવાની છે. આ દરમિયાન હવે વધુ એક લોકપ્રિય ફિલ્મની સિક્વલ તૈયાર થઈ રહી છે – 'મલામાલ વીકલી ૨'.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, 'મલામાલ વીકલી ૨' માટે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ફિલ્મની ટીમે બીજા ભાગ માટે એક મજબૂત અને રસપ્રદ વિચાર પર તૈયારી શરૂ કરી દીધી છે. જોકે, એવા પણ અહેવાલો છે કે





આ સીધી સિક્વલ નહીં હોય. આ વખતે પાત્રો અને પરિસ્થિતિ અલગ રહેશે, પરંતુ પહેલા ભાગની જેમ જ આ ફિલ્મ લાલચી ગામલોકો અને મોટી રકમ મેળવવા માટે તેમણે કરેલી અજીબ હરકતો પર આધારિત રહેશે.

સૂત્રએ વધુમાં જણાવ્યું કે પરેશ રાવલે મૌખિક રીતે સંમતિ આપી દીધી છે, જોકે હજી સત્તાવાર રીતે ફિલ્મ સાઈન કરી નથી. જ્યારે રિતેશ દેશમુખ અને રાજપાલ યાદવ સાથે પણ ચર્ચાઓ ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ ત્રણેય કલાકારો ૨૦૦૬માં રિલીઝ થયેલી 'મલામાલ વીકલી'નો ભાગ હતા. ફિલ્મની કહાની એક ગામના એકમાત્ર શિક્ષિત વ્યક્તિ આસપાસ ફરે છે, જેને ખબર પડે છે કે ગામનો એક વ્યક્તિ ૧ કરોડ રૂપિયાની લોટરી જીતી ગયો છે.

# ધુરંધર ૨ અને ટોક્સિકના ક્લેશ સાથે લંબાઈથી પણ સિનેમાલિકો પરેશાન

## ટોક્સિકનો રનટાઇમ ૩ કલાક ૪૦ મિનિટ અને ધુરંધરનો રનટાઇમ ૩ કલાક ૫૫ મિનિટ

લાંબા સમયથી ઈદની રિલીઝી રાહ જોવાઈ રહી છે, ભારતીય સિનેમાની આ સૌથી મોટી ટક્કર રહેવાની છે, જેમાં રનવીર સિંહની ધુરંધર ૨-ધ રિવેન્જ અને યશની ટોક્સિક રિલીઝ વચ્ચે ટક્કર થવાની છે. ધુરંધર સિરીઝની પહેલી ફિલ્મ પણ લાંબી હતી, તેથી જ આ ફિલ્મને બે ભાગમાં રિલીઝ કરવાનોન નિર્ણય લેવાયો હતો. પરંતુ પહેલી ફિલ્મ સાડા ત્રણ કલાકથી પણ લાંબી હોવાને કારણે એવો અંદાજ હતો કે બીજી ફિલ્મ તેનાથી થોડી ટૂંકી હોઈ શકે છે. પરંતુ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ધુરંધર ૨ – ધ રિવેન્જ પણ ઘણી લાંબી ફિલ્મ છે. સુત્રએ જણાવ્યું, ''આ ફિલ્મ ૨૩૫ મિનિટ લાંબી હશે એટલે કે ત્રણ કલાક અને ૫૫ મિનિટ. જોકે, કેટલાંક લોકો એવું પણ માને છે કે આ ફિલ્મ ૩ કલાક અને ૪૦ મિનિટની જ હશે. બંને સ્થિતિમાં આ બીજો ભાગ પહેલી ફિલ્મથી તો લાંબો જ હશે, કારણ કે પહેલી ફિલ્મ ૨૧૪.૦૧ મિનિટ એટલે કે ૩ કલાક ૩૪ મિનિટ અને એક સેકન્ડની હતી. આ સ્થિતિમાં દર્શકો પણ એવું જ ઇચ્છે છે કારણ કે તેમને ધુરંધર જેટલી લાંબી હોય એટલી લાંબી જોવામાં પણ રસ છે. પહેલો ભાગ દર્શકોને એટલો ગમ્યો કે જાણે તેમને ફિલ્મની લત લાગી ગઈ અને મેકર્સ પણ ઇચ્છે છે કે દર્શકો હજુ લાંબા સમય સુધી ફિલ્મ સાથે ચોંટી રહે.''જો ફિલ્મના બીજા ભાગની લંબાઈ ૩.૫૫ કલાકની હોય, તો તે હિન્દી સિનેમાની સૌથી લાંબી ફિલ્મમાંની એક બની જશે અને બીજા નંબરની સૌથી લાંબી ફિલ્મ ગણાશે, કારણ કે ૨૦૦૩માં આવેલી જે.પી.દત્તાની એલઓસી કાર્ગિલનો રન





ટાઈમ ૩ કલાક અને ૪૪ મિનિટનો હતો. ૧૯ માર્ચે ફિલ્મ રિલીઝ થઈ રહી છે, તો ટૂંક સમયમાં ફિલ્મનો ફાઈનલ રનટાઈમ જાહેર થઈ જશે. તેની સાથે જ ઈદ પર બીજી એક લાંબી ફિલ્મ રિલીઝ થઈ રહી છે, યશની ટોક્સિક. આ મોટી ટક્કરની લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. ટોક્સિક પણ એક લાંબી ફિલ્મ છે, એવી ચર્ચા છે કે આ ફિલ્મ ૩ કલાક અને ૪૦ મિનિટ લાંબી ફિલ્મ છે.

આ અંગે સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''હજુ સુધી ટોક્સિકની લંબાઈ નક્કી થઈ નથી, પરંતુ તે ૨૦૦ મિનિટની આસપાસ હશે, જે લગભગ ૩ કલાક અને ૨૦ મિનિટની હશે. મેકર્સને લાગે છે કે આ ફિલ્મ આમ જનતાને મનોરંજન મળે એવી અને લોકોને પસંદ પડે એવી ફિલ્મ છે, દર્શકો આ ફિલ્મથી કંટાળશે કે બોર નહીં થાય. પહેલાં એવો સમય હતો કે લાંબી ફિલ્મ હોય તો એ બાબત ફિલ્મ માટે નકારાત્મક મનાતી હતી. પરંતુ ૨૦૨૩ની એનિમલ પછી આ દષ્ટિકોણ બદલાયો છે, આ ફિલ્મ ૩ કલાક અને ૨૧ મિનિટની હતી અને છતાં સફળ રહી હતી. તાજેતરમાં રિલીઝ થયેલી બોર્ડર ૨ પણ ૩ કલાક અને ૧૧ મિનિટની ફિલ્મ હતી. સાથે જ ધુરંધરની લંબાઈ પણ ૩ કલાક અને ૩૪ મિનિટની હતી. આ બધી જ ફિલ્મો સફળ રહી છે અને ટોક્સોક પણ એ જ રસ્તે ચાલી રહી છે.''અન્ય પણ એક મુદ્દે એક્ઝિબિટર્સ ચિંતામાં મુકાયા છે. તેઓ પહેલાંથી જ બે મોટી ફિલ્મના ક્લેશ અને તેના કારણે થનારા આર્થિક નુકસાન બાબતે ચિંતામાં હતા, તેમાં હવે બંને ફિલ્મો લાંબી હોવાના અહેવાલો આવતા તેમની મુશ્કેલીમાં વધારો થયો છે. એક સિંગલ સ્ક્રીન સિનેમાના માલિકના જણાવ્યા અનુસાર, ''ડિસ્ટ્રીબ્યુટર્સ પહેલાંથી જ શોની વહેંચણી માટે તૈયાર નહોતા. તેમ છતાં જો બંને ફિલ્મની લંબાઈ વ્યાજબી હોય તો અમે કંઈક કોશિશ પણ કરેત. પણ હવે એની પણ કોઈ શક્યતા નથી. મલ્ટીપ્લેક્સ માટે પણ આ એક મોટો પડકાર જ રહેશે, જેથી તેઓ પુરતા શો ફાળવી શકે.''હવે ૩ માર્ચે ધુરંધર ૨-ધ રિવેન્જનું ટ્રેલર ૩ માર્ચે રિલીઝ થવાનું છે, જ્યારે ટોક્સિકનું ટ્રેલર ૮ માર્ચે રિલીઝ થવાનું છે. આ બંને ટ્રેલરને કેવો પ્રતિસાદ મળે છે, તેના આધારે જ કદાચ શોની વહેંચણી સરળ થઈ શકશે.

# મોટા ભાગના એરપોર્ટ બંધ થતાં વેસ્ટ ઇન્ડીઝ અને ઝિમ્બાબ્વેની ટીમ ભારતમાં અટવાઈ



ઈઝરાયલ-ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બંધ થવાના કારણે ICC મેન્સ T20 વર્લ્ડ કપમાંથી બહાર થયા બાદ વેસ્ટ ઈન્ડીઝ અને ઝિમ્બાબ્વેની ટીમને પોતાના વતન પરત ફરવામાં વિલંબ થયો છે.ઝિમ્બાબ્વેએ રવિવારે દક્ષિણ આફ્રિકા સામે ટુર્નામેન્ટની તેમની છેલ્લી મેચ રમી હતી અને સોમવારે દુબઈ થઈને હરારે પરત ફરવાનું હતું.ઝિમ્બાબ્વે એ દિલ્હીથી દુબઈ અને પછી હરારે માટે અમીરાતની ફ્લાઈટ્સ બુક કરાવી છે, જેમાં ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ સોમવાર સવારથી અલગ-અલગ ગ્રુપ માં તેમની મુસાફરી શરૂ કરી. વધતા તણાવને કારણે બહોળા પ્રમાણમાં હવાઈ ક્ષેત્ર બંધ થઈ ગયું છે, જેના કારણે એરલાઈન્સને ઘણી સેવાઓ સ્થગિત કરવી પડી છે અથવા ડાયવર્ટ કરવી પડી છે, જેના કારણે ટીમ ભારતમાં ફસાઈ ગઈ છે. વૈકલ્પિક રૂટ અને એરલાઈન્સની શોધ ચાલી રહી છે.

# ભારતમાં શ્રેણી રમવાના અનુભવનો લાભ મળશે : મિચેલ



ન્યૂઝીલેન્ડના આક્રમક બેટ્સમેન ડેરિલ મિચેલ એ કહ્યું છે કે, ટીમને ભારતમાં રમવાનો તાજેતરનો અનુભવ તેમને T20 વર્લ્ડ કપ સેમિફાઇનલમાં ફાયદો કરાવશે. બુધવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાનારી પહેલી સેમિફાઇનલમાં ન્યૂઝીલેન્ડનો સામનો ગયા વર્ષના રનર-અપ દક્ષિણ આફ્રિકા સામે થશે.

તેમણે સોમવારે ન્યૂઝીલેન્ડ ક્રિકેટને જણાવ્યું હતું કે, "અમે એક ટીમ તરીકે કેવી રીતે રમવા માંગીએ છીએ તે અંગે અમે ખૂબ જ સ્પષ્ટ છીએ. અમે છેલ્લા બે મહિનામાં ભારતમાં ઘણો સમય વિતાવ્યો છે અને અમને અહીંની પરિસ્થિતિઓનો ખ્યાલ છે.

ખેલાડીઓ છેલ્લા કેટલાક મહિનાઓની તૈયારી પર આધાર રાખશે." ગ્રુપ સ્ટેજમાં ન્યૂઝીલેન્ડ દક્ષિણ આફ્રિકા સામે હારી ગયું હતું.

# ચેમ્પિયન બનવાના મજબૂત દાવેદાર : બાવુમાનો દાવો

## સેમીફાઈનલમાં જીત મળે તો અમદાવાદમાં ફાઇનલ રમવાનું સરળ રહેશે



દક્ષિણ આફ્રિકાના ટેસ્ટ અને વનડે કેપ્ટન ટેમ્બા બાવુમાએ ટીમને ચાલુ ટી૨૦ વર્લ્ડ કપ માટે એક મજબૂત દાવેદાર ગણાવતા કહ્યું છે કે તેણે તેની બધી ખામીઓને દૂર કરી છે અને તેમાં એવા ખેલાડીઓ છે જે દરેક ફોર્મેટમાં મેચ બદલી શકે છે.

ગયા ટી૨૦ વર્લ્ડ કપમાં રનર્સ-અપ દક્ષિણ આફ્રિકા, વર્તમાન ટુર્નામેન્ટમાં એકમાત્ર ટીમ છે જે સુપર-સ્ટેજ સુધી અજેય રહી છે. બાવુમાએ ટીમના નેતૃત્વની પ્રશંસા કરી જેમ કે એડન માર્કરામ, અનુભવી મિડલ-ઓર્ડર બેટ્સમેન ડેવિડ મિલર અને ફાસ્ટ બોલર લુંગી એંગિદી.

દક્ષિણ આફ્રિકાને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ટાઇટલ અપાવીને "ચોકર" ના ટેગને નોંધપાત્ર રીતે ઘટાડનાર આ ખેલાડીએ રવિવારે અહીં અણ જેટલી સ્ટેડિયમમાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "હું આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાના પ્રદર્શનથી રોમાંચિત છું. ટીમ રમતના દરેક પાસામાં ખૂબ જ મજબૂત છે. બેટિંગ અને બોલિંગમાં કોઈ ખામી નથી, અને ખેલાડીઓ ટાઇટલ જીતવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે."

દક્ષિણ આફ્રિકા ૪ માર્ચે કોલકાતામાં રમાનારી સેમિફાઇનલમાં ન્યુઝીલેન્ડનો સામનો કરશે, અને બાવુમા માને છે કે ટીમ એ અમદાવાદમાં અને દિલ્હીમાં રમ્યા પછી, આપણે નવા શહેરની પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવું પડશે."ટીમના 'X' ફેક્ટર વિશે પૂછવામાં આવતા, બાવુમાએ કહ્યું, "ટીમમાં લગભગ દરેક ખેલાડી સારા ફોર્મમાં છે. અમારા કેપ્ટન, માર્કરામ, જવાબદારીપૂર્વક નેતૃત્વ કરી રહ્યા છે અને બેટથી શાનદાર નેતૃત્વ કરી રહ્યા છે. આનો ટીમ પર મોટો પ્રભાવ છે. ન્ગીડી શાનદાર કરી રહ્યો છે."

# હાર પછીનું ડહાપણ, મારે ઝડપી રમત રમવાની જરૂર હતી



વેસ્ટઈન્ડિઝ ના કપ્તાન શાઈ હોપએ ટી ૨૦ વર્લ્ડ કપ સુપર-૮ થી બહાર નીકળી જવાની જવાબદારી લેતાં કહે છે કે તે ટોચના ઓર્ડર પર લય બનાવવા માટે નાકામ રહ્યા જેના કારણે ટીમને ભારત સામે હારનો સામનો કરવો પડ્યો.વેસ્ટઈન્ડિઝની ટીમે પહેલા બેટિંગ કરતા ચાર વિકેટ પર ૧૯૫ રન બનાવ્યા હતા. હોપને ૩૩ બોલમા ૩૨ રન બનાવતા અને સ્ટ્રાઈક રેટ ૯૬.૯૬ રહ્યો હતો.

હોપએ કહ્યું, 'જો તમે એવું કહેવા માંગતા હો, તો હા, હું મારી ભૂલ સ્વીકાં છું. મારે વધુ ઝડપથી બેટિંગ કરવી જોઈતી હતી. જ્યારે તમે કેપ્ટનશીપ કરી રહ્યા હોવ છો, ત્યારે તમારે આગળ જઈને લય બનાવી જોઈએ.

આજે મારા માટે એવું બન્યું નહી. આજે મારું સારું પ્રદર્શન રહ્યું નથી. આવી પરિસ્થિતિઓમાં, દરેકને સંઘર્ષ કરવો પડે છે. પરંતુ મને નથી લાગતું કે હું ખરાબ બેટિંગ કરી રહ્યો હતો,"

# T20 વર્લ્ડ કપમાં ભારત અને ઇંગ્લેન્ડ સતત ત્રીજી વખત સેમિ.માં ટકરાશે

## ૨૦૨૨માં ઇંગ્લેન્ડ જીત્યું અને ૨૦૨૪માં ભારતે જીત મેળવી હતી



ટી-૨૦ વર્લ્ડ કપ તેના અંતિમ ચરણ તરફ આગળ વધી રહ્યો છે. આગામી ચોથી માર્ચથી સેમિફાઇનલ મુકાબલા શરૂ થશે જેમાં ભારતીય ટીમ પાંચમી માર્ચે ઇંગ્લેન્ડ સામે સેમિફાઇનલમાં ટકરાશે. ભારત અને ઇંગ્લેન્ડ ટી-૨૦ વર્લ્ડ કપના ઇતિહાસમાં ત્રીજી વખત સેમિફાઇનલમાં સામ-સામે જોવા મળશે. આ પહેલાં તેઓ ૨૦૨૨ અને ૨૦૨૪ના વર્લ્ડ કપમાં ટકરાઈ ચૂક્યા છે. જેમાં ૨૦૨૨માં ઇંગ્લેન્ડે જીત મેળવી હતી જ્યારે ૨૦૨૪માં ભારતે વિજય મેળવ્યો હતો.

વર્ષ ૨૦૨૨માં એડિલેડ ઓવલ ખાતે રમાયેલી આ સેમિફાઇનલ મેચમાં ઇંગ્લેન્ડે ૧૦ વિકેટથી વિજય મેળવ્યો હતો. હાર્દિક પંડ્યાના ૬૩ અને વિરાટ કોહલીના ૫૦ રનની મદદથી ભારતે ૬ વિકેટે ૧૬૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ઇંગ્લેન્ડે ચાર ઓવર બાકી રહેતા લક્ષ્યનો પીછો કરી વિજય મેળવી લીધો હતો. એલેક્સ હેલ્સે ૪૭ બોલમાં ૮૬ રન બનાવ્યા, જ્યારે જોસ બટલરે ૪૯ બોલમાં ૮૦ રન બનાવ્યા. ઇંગ્લેન્ડે તે ટુર્નામેન્ટ પણ જીતી લીધી હતી. તે પછી ભારત અને ઇંગ્લેન્ડ ૨૦૨૪માં ગયાનાના જ્યોર્જટાઉનમાં સેમિફાઇનલમાં ટકરાયા હતા. આ મેચમાં રોહિત શર્માએ ૫૭ અને સૂર્યકુમાર યાદવે ૪૭ રન બનાવીને ભારતને ૧૭૧ રન સુધી પહોંચાડ્યું હતું. જેના જવાબમાં ઇંગ્લેન્ડની ટીમ ૧૭મી ઓવરમાં ફક્ત ૧૦૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતે આ મેચ ૬૮ રનના મોટા માર્જિનથી જીતી લીધી હતી. કુલદીપ યાદવ અને અક્ષર પટેલે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી જ્યારે જસપ્રીત બુમરાહએ બે વિકેટ લીધી હતી. ભારતીય ટીમે તે વખતે ફાઇનલ જીતી ૨૦૨૪નો T20 વર્લ્ડ કપ પોતાના નામે કર્યો હતો.

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની અગાઉની બંને સેમિફાઇનલ મેચ એકતરફી રહી હતી. આ વખતે મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં છે. ઇંગ્લેન્ડ ફોર્મમાં નથી, પરંતુ તેમ છતાં, તેઓ હજુ પણ મેચ જીતી રહ્યા છે. તેઓ ગ્રુપ સ્ટેજમાં નેપાળ અને ઇટાલી સામે નાના અંતરથી જીત્યા હતા. સુપર ૮માં તેમની બધી મેચો પણ સ્પર્ધાત્મક રહી હતી. ભારતીય ટીમ પણ તેની સામાન્ય ક્રિકેટ શૈલીમાં રમી રહી નથી. ઘણા ખેલાડીઓ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહ્યા હોય તેમ જણાય છે પરંતુ ટીમ પાસે ૮ નંબર સુધી બેટિંગ લાઇન હોવાથી મુકાબલો રસપ્રદ બની રહે તેવી સંભાવના છે.

# સંજુ સેમસનઃ પ્રશ્નચિહ્નોથી પ્રતાપ સુધીની અદભૂત સફર




"Sanju Samson... Remember the name!"

વર્ષોથી એક નામ સતત ચર્ચામાં હતું — પરંતુ વખાણ માટે નહીં, પ્રશ્નો માટે.

કેટલી તક જોઈએ?

ક્યારે ફોર્મમાં આવશે?

ક્યારે પોતાને સાબિત કરશે?

પ્રશ્નો, શંકાઓ અને ટીકા વચ્ચે સંજુ સેમસનનું કરિયર આગળ વધતું રહ્યું. પરંતુ ગઈકાલની ઈનિંગ્સે દરેક પ્રશ્નચિહ્નને પૂર્ણવિરામમાં ફેરવી દીધું.

જ્યારે વિકેટો સતત પડી રહી હતી અને દબાણની ઘડી હતી, ત્યારે સંજુએ એક ક્ષણ માટે પણ ગભરાટ દર્શાવ્યો નહીં. શાંતિ, સંયમ અને ચોક્કસ શોટ સિલેક્શન સાથે તેમણે ગેપ્સ શોધ્યા અને ટીમ ઈન્ડિયાને સેમિફાઇનલ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

આ માત્ર એક નોકઆઉટ મેચ નહોતી.

આ એક દાયકાથી રાહ જોતી લાગણીનો જવાબ હતો.

2016™e ICC Men's T20 Wrold Cup ની સેમિફાઇનલમાં India national cricket team સામે West Indies cricket team જીત્યું હતું, ભલે Virat Kohli એ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. તે હાર ભારતીય ચાહકોના હૃદયમાં આજે પણ તાજી છે.

આજે સંજુની ઈનિંગ્સે એ અધૂરી રહેલી લાગણીને પૂર્ણતા આપી.

આ જીત માત્ર સ્કોરબોર્ડ પરની નહોતી — આ માનસિક મજબૂતી અને આત્મવિશ્વાસની જીત હતી.

સંજુ એકલા નહોતા.

Tilak Varma એ જવાબદારીપૂર્વક સાથ આપ્યો અને મધ્યક્રમને સ્થિરતા આપી.

અને પછી — ભારતીય બોલિંગ સંસ્કૃતિનો આધારસ્તંભ — Jasprit Bumrah.

નોકઆઉટ મેચમાં તેમનો અલગ જ સ્વરૂપ જોવા મળે છે. કસોટી જેવી ચોકસાઈ, દબાણ ઉભું કરવાની ક્ષમતા અને પ્રતિસ્પર્ધીને બાંધી રાખવાની કુશળતા — આ બધાએ મેચને ભારત તરફ ઝુકાવી દીધી.

જો બુમરાહની નિયંત્રિત બોલિંગ ન હોત, તો મેચનો રૂખ બદલાઈ શકતો.

અંતે, ભારત સેમિફાઇનલમાં પ્રવેશ્યું.

આ જીત સંજોગોની નહીં, પરંતુ ચરિત્ર અને વિશ્વાસની જીત હતી. સંજુ સેમસન — હવે માત્ર એક નામ નહીં, પરંતુ એક જવાબ છે. **(નિત્ય નાયક ઉ.વ.૧૬)**

# અમેરિકામાં યોજાનારા ફિફા વર્લ્ડ કપમાંથી ઈરાન ખસે તેવી શક્યતા



આગામી ૧૧ જૂનથી ૧૯ જુલાઈ દરમિયાન અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં યોજાનારા ફિફા વર્લ્ડ કપમાંથી ઈરાનની ટીમ ખસી જાય તેવી શક્યતા છે. ઈરાનને પોતાની ત્રણેય મેચ અમેરિકામાં રમવાની છે. ત્યારે હાલમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ઈરાન ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ મેહદી તાજે કહ્યું કે, યુદ્ધ વચ્ચે અમેરિકામાં ફૂટબોલ રમવું મુશ્કેલ છે. ઈરાનને ૧૫મી જૂને કેલિફોર્નિયામાં ન્યૂઝીલેન્ડ સામે, ૨૧ જૂને કેલિફોર્નિયામાં બેલ્જિયમ સામે અને ૨૬મી જૂને સિએટલમાં ઈજિપ્ત સામે મેચ રમવાની છે.

વર્લ્ડ કપ શરૂ થવાને ૧૦૦ દિવસ જેટલો સમય છે ત્યારે મેંહદી તાજના મતે વર્તમાન પરિસ્થિતિમાં નેશનલ ટીમનું અમેરિકા જઈને ફૂટબોલ રમવું અત્યંત મુશ્કેલ છે. તેમણે કહ્યું કે, અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓમાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ માર્યા ગયા.

આનાથી સમગ્ર મધ્ય પૂર્વમાં તણાવનું વાતાવરણ સર્જાયુ છે. સાથે જ ૪૦ દિવસનો શોક હોવાથી આ સમયગાળા દરમિયાન કોઈ મેચ રમી શકાશે નહીં. જેને કારણે વર્લ્ડ કપની તૈયારીઓને પણ અસર પડશે. આ ઉપરાંત અમેરિકાની ટ્રમ્પ સરકારે ઈરાની ચાહકોને દેશમાં પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો છે. આવી સ્થિતિમાં ઈરાનની ટીમનું અમેરિકા જઈને રમી શકવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે.

# અફઘાનિસ્તાનની ટીમ ભારતમાં ૧ ટેસ્ટ અને ૩ વન-ડે સિરિઝ રમશે

## મુલ્લાનપુર, ધર્મશાલા, લખનૌ અને ચેન્નઈમાં ૬થી ૨૦ જૂન વચ્ચે મેચ

ભારતીય ક્રિકેટ ટીમ આઈપીએલની ૧૯મી સિઝન પૂર્ણ થયા બાદ જૂન મહિનામાં અફઘાનિસ્તાન સામે એક ટેસ્ટ અને ત્રણ વન-ડે મેચની સિરીઝની યજમાની કરશે. BCCIએ શિડ્યૂલ જાહેર કરતાં જણાવ્યું કે મુલ્લાનપુરમાં ટેસ્ટ મેચથી સિરીઝ શરૂ થશે. પછી ધર્મશાલા, લખનૌ અને ચેન્નઈમાં ૩ વન-ડે રમાશે. BCCIએ મીડિયા રિલીઝમાં જણાવ્યું કે મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ૬થી ૧૦ જૂન સુધી ટેસ્ટ મેચ રમાશે. પછી ૧૪ જૂને ધર્મશાલાના HPCA સ્ટેડિયમમાં પ્રથમ વન-ડે, ૧૭ જૂને લખનૌના એકાના સ્ટેડિયમમાં બીજી વન-ડે અને ૨૦ જૂને ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં ત્રીજી વન-ડે રમાશે. તમામ વન-ડે બપોરે ૧.૩૦ વાગ્યાથી શરૂ થશે. જેમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા વન-ડે સિરિઝમાં રમતા જોવા મળશે.



બંનેએ આ વર્ષે જાન્યુઆરીમાં ન્યૂઝીલેન્ડ સામે છેલ્લી વન-ડે સિરીઝ રમી હતી.અફઘાનિસ્તાને પોતાની ટેસ્ટ કારકિર્દીની શરૂઆત જ ટીમ ઈન્ડિયા સામેની મેચથી કરી હતી. ૨૦૧૮માં બેંગલુરુના મેદાન પર ભારતે એક ઈનિંગ્સ અને ૨૬૨ રનથી મેચ જીતી લીધી હતી. ત્યારથી અફઘાનિસ્તાને ૧૩ ટેસ્ટ રમી છે, જેમાં ૪ જીતી છે અને ૭ ગુમાવી છે. જ્યારે ૨ ડ્રો રહી છે.જ્યારે અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે ૪ વન-ડે રમાયા છે. બધા મલ્ટિનેશનલ ટુર્નામેન્ટમાં જ હતા. એશિયા કપમાં બંનેએ ૨ મેચ રમી, ૧માં ભારતને જીત મળી, જ્યારે ૨૦૧૮માં એક મેચ ટાઈ પણ રહી. ૨૦૧૯ અને ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં પણ બંને વચ્ચે ૨ મેચ રમાઈ હતી અને બંને મેચ ભારત જીત્યું હતું. બંને ટીમ વચ્ચે પહેલીવાર વન-ડે ફોર્મેટની સિરીઝ યોજાવા જઈ રહી છે. T20 ઈન્ટરનેશનલમાં બંને ટીમ વચ્ચે ૯ મેચ રમાઈ. ૮માં ભારતને જીત મળી, જ્યારે એશિયન ગેમ્સમાં એક મેચ અનિર્ણિત પણ રહી. બંને ટીમે આ ફોર્મેટની એકમાત્ર સિરીઝ ૨૦૨૪માં રમી હતી, ત્યારે ભારત ૩-૦થી જીત્યું હતું.





# કૃભકો નગર ખાતે આંતર-ઔદ્યોગિક બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન

## સાયન્સ ડે નિમિત્તે કૃભકો અને હેવી વોટર બોર્ડ દ્વારા ટુર્નામેન્ટ યોજાઈ

સુરત, તા.૩

૩૮મા હેવી વોટર ડે અને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના અવસરે ૨૮ ફેબ્રુઆરી અને ૧ માર્ચ ૨૦૨૬ના રોજકૃભકોનગર, સુરત ખાતે ઈન્ડસ્ટ્રિયલ બેડમિન્ટન ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. પરમાણુ ઉર્જા વિભાગ – હેવી વોટર બોર્ડ (HAEP) અનેકૃભકોદ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કાર્યક્રમમાં અગ્રણી ઔદ્યોગિક સંસ્થાઓ રમતગમત અને ભાઈચારાની ભાવના સાથે એકમંચ પર આવી હતી.

આ ટુર્નામેન્ટમાં ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC), ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ (GNFC), નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (NTPC), આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AMNS), HAEP અને કૃષક ભારતી કો-ઓપરેટિવ લિમિટેડ (KRIBHCO) ની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બે દિવસીય રમતગમત સ્પર્ધાનો ઉદ્દેશ્ય સુરત અને તેની આસપાસના મુખ્ય ઔદ્યોગિક એકમોના કર્મચારીઓમાં શારીરિક તંદુરસ્તી, ટીમ વર્ક અને સ્વસ્થ સ્પર્ધાને પ્રોત્સાહન આપવાનો હતો.

સમાપન સમારોહમાં સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને ફાઈનલ મેચો નિહાળી હતી. તેમણે ઔદ્યોગિક વ્યાવસાયિકોમાં એકતા કેળવવા અને સ્વાસ્થ્ય તેમજ રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા માટે આયોજકો દ્વારા લેવામાં આવેલી પહેલની પ્રશંસા કરી હતી.

કૃભકોના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર (ઓપરેશન્સ) શ્રી ચંદ્રમોહન અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તમામ ટીમોની ઉત્સાહપૂર્ણ ભાગીદારીના વખાણ કર્યા હતા. આ પ્રસંગે જીએમ (પ્રોડક્શન) શ્રી બી.કે. શિશોદિયા, જીએમ (કોમર્શિયલ) શ્રી એસ.ટી. મકવાણા, જીએમ (HAEP, હજીરા) શ્રી એસ. થિરૂવલ્લુવન, જેજીએમ (એચઆર) શ્રી સુનિલ ગૌર અને એસીપી શ્રી એમ.કે. રાણા સહિતના અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું ચોકસાઈપૂર્વક આયોજન અને સંચાલન HAEP, હજીરાના જીએમ શ્રી એસ. થિરૂવલ્લુવનના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. તેમના સમર્પિત પ્રયાસોએ મેચોનું સુવ્યવસ્થિત સંચાલન, શિસ્તબદ્ધ આયોજન અને ટુર્નામેન્ટની એકંદર સફળતા સુનિશ્ચિત કરી હતી. સમાપન સમારોહ દરમિયાન મુખ્ય અતિથિ અને અન્ય મહાનુભાવો દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. વિજેતાઓ અને રનર્સ-અપને ટ્રોફી અને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા, જ્યારે તમામ ખેલાડીઓને સહભાગિતાના પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. સહભાગીઓ માટે અલ્પાહાર અને ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેણે ઉત્સવના વાતાવરણમાં ઉમેરો કર્યો હતો. આ ટુર્નામેન્ટ રમતગમતની ભાવના, સહકાર અને સહભાગી સંસ્થાઓ વચ્ચે પરસ્પર સન્માનના સંદેશ સાથે સંપન્ન થઈ હતી. આ કાર્યક્રમે માત્ર હેવી વોટર ડે અને વિજ્ઞાન દિવસની સ્મૃતિ જ તાજી કરી નથી, પરંતુ રમતગમતની સાર્વત્રિક ભાષા દ્વારા આંતર-ઉદ્યોગ સંબંધોને પણ મજબૂત બનાવ્યા છે.

# ગુજરાત શહેરી વિકાસ મિશનને મળશે બેસ્ટ કમ્યુનિટી ઇમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ

## અત્યાધુનિક કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર અને ટેક્નોલોજીના ઉપયોગથી શહેરી વિકાસની નોંધ લેવામાં આવી

સુરત, તા.૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના શહેરોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી છે. તેના માટે ગુજરાત શહેરી વિકાસ મિશન (GUDM) દ્વારા મોટા શહેરોની સાથે રાજ્યના નગરપાલિકા ક્ષેત્રોમાં પણ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યોગ્ય આયોજનથી નાગરિકોની સુખાકારીમાં વધારો કરવામાં આવી રહ્યો છે. શહેરી વિકાસ માટે રાજ્ય સરકારના આયોજનની નોંધ લઈને ઈન્ડિયા વોટર ફાઉન્ડેશન (IWF) દ્વારા ગુજરાતની ૧૫૬ નગરપાલિકાઓમાં ગટર નેટવર્કની સફાઈ કામગીરીના નિરીક્ષણ માટે બનાવવામાં આવેલા ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર માટે 'બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ' આપવાની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના દિશાનિર્દેશનમાં અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટરનું નિર્માણ કરીને ટેક્નોલોજીના ઉપયોગથી કામગીરીને વધુ સુદ્દઢ બનાવવામાં આવી છે. રાજ્યની નગરપાલિકાઓમાં ગટર નેટવર્કનું મેન્ટેનન્સ વધુ સારી રીતે થઈ રહ્યું છે અને પાણીના પુનઃઉપયોગના લીધે લાખો લીટર પાણીને બચાવવામાં પણ સફળતા મળી છે. ટેક્નોલોજીના સમન્વયથી વધુ સારી રીતે કામગીરીનું નિરીક્ષણ શક્ય બન્યું છે અને પર્યાવરણને અનુકૂળ શહેરી વિકાસના વિઝનને સાર્થક બનાવવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારની આ કામગીરીની નોંધ લઈને બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ માટેનો જ્યુરી એવોર્ડ આપવામાં આવ્યો છે. ઈન્ડિયા વોટર ફાઉન્ડેશન દ્વારા ૬ અને ૭ માર્ચના રોજ નવી દિલ્હી ખાતે વોટર ટ્રાન્સવર્સાલિટી ગ્લોબલ એવોર્ડ્સ અને કોન્ક્લેવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ક્લેવ દરમિયાન GUDMને 'બેસ્ટ કમ્યુનિટી ઈમ્પેક્ટ પ્રોજેક્ટ એવોર્ડ' આપવામાં આવશે.

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ તિલક હોળી કાર્યક્રમ યોજાશે



સુરત, તા.૩

સુરતના આંગણે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા 'તિલક હોળી ૨૦૨૬'નું ભવ્ય આયોજન, ૩૦૦થી વધુ ભૂદેવો ઉત્સાહભેર જોડાશે સુરત -શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, સુરત દ્વારા પરંપરાગત મૂલ્યોની જાળવણી અને સામાજિક એકતાના ઉમદા હેતુ સાથે આ વર્ષે 'તિલક હોળી ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સુરતના પાલ વિસ્તારમાં આવેલા સોમેશ્વર ફાર્મ ખાતે આગામી ૪ માર્ચના રોજ હોળીના પર્વ નિમિત્તે આ મંગલમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત દ્વારા દર વર્ષે હોળીના તહેવારની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવે છે. આ વર્ષે પણ તિલક હોળી મહોત્સવ ૨૦૨૬ માટેની વિશેષ આયોજન અને તૈયારીઓ કરવામાં આવી છે. આ વર્ષે તિલક હોળી ૨૦૨૬ પાલ વિસ્તારમાં આવેલા સોમેશ્વરા ફાર્મમાં ઉજવવાનું નક્કી કર્યું છે.જેમાં આ કાર્યક્રમ ૪ માર્ચ ને ધૂળેટીના દિવસે સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન યોજવામાં આવ્યો છે. આ મહોત્સવમાં સુરત શહેરમાં વસતા બ્રહ્મ સમાજના અગ્રણીઓ, વડીલો, યુવા શક્તિ અને પરિવારજનો સહિત ૩૦૦થી વધુ લોકો એકત્રિત થઈને હોળીના પર્વની અનોખી ઉજવણી કરશે. કાર્યક્રમને સુવ્યવસ્થિત બનાવવા માટે બ્રહ્મ બંધુઓની પૂર્વ નોંધણી પ્રક્રિયા પણ કરવા આવી છે. આ આયોજનને સફળ બનાવવાના ભાગરૂપે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, સુરતની મહિલા પાંખની રવિવારે વિશેષ બેઠક મળી હતી. આ બેઠકમાં મહિલા સભ્યોએ કાર્યક્રમમાં એકરૂપતા જળવાય તે માટે ખાસ ડ્રેસ કોડ નક્કી કર્યો છે. જે મુજબ, તમામ મહિલાઓ સફેદ ડ્રેસ અને બાંધણી અથવા પ્લેન દુપટ્ટામાં સજ્જ થઈને કાર્યક્રમની શોભા વધારશે. આ કાર્યક્રમમાં હાસ્ય, સંગીત અને પરંપરાનો ત્રિવેણી સંગમ જોવા મળશે.'તિલક હોળી'ની વિશેષતા એ છે કે અહીં પાણી કે કેમિકલયુક્ત રંગોના બદલે માત્ર તિલક કરીને મર્યાદાપૂર્વક હોળી એક બીજા સાથે રમવામાં આવશે. કાર્યક્રમમાં મનોરંજન માટે જાણીતા હાસ્ય કલાકારો ઉપસ્થિત રહી શ્રોતાઓને ખડખડાટ હસાવશે.ત્યાર બાદ હોળીના પરંપરાગત ગીતો પર સૌ કોઈ ઝૂમશે અને સમાજના પ્રતિભાળી લોકો માટે કરાવકે પર હોળીના ગીતો ગાઈને પોતાની કલા રજૂ કરવાની તક પણ આપવામાં આવી છે. આ ઉત્સવના રંગમાં સ્વાદનો તડકો ઉમેરવા માટે તમામ મહેમાનો માટે ઠંડાઈ અને ગરમાગરમ ભજીયાની જયાફત રાખવામાં આવી છે, જે હોળીના પર્વના આનંદને બેવડાવશે. આયોજનમાં કોઈ વ્યવસ્થા ઊભી ન થાય તે માટે દરેક બ્રહ્મબંધુઓએ પૂર્વ નોંધણી કરાવવી જરૂરી છે. જેથી આ આયોજનને સફળ બનાવવા માટે યુવા પ્રમુખ રવિ જાની અને તેમની ટીમ દ્વારા ખાસ નોંધણી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે કોઈ બ્રહ્મ બંધુઓ આ તિલક હોળી મહોત્સવ ૨૦૨૬માં જોડાવા ઈચ્છતા હોય, તેઓએ યુવા પ્રમુખ રવિ જાની ૯૯૭૯૪ ૨૮૨૨૦નો સંપર્ક કરી વહેલી તકે પોતાનું નામ નોંધાવવા વિનંતી કરવામાં આવી છે.

# સાવરકુંડલામાં ધારાસભ્ય કસવાલા દ્વારા સીસી રોડના કામનું ખાતમૂહુર્ત



## સાવરકુંડલા શહેરને મળશે આધુનિક અને ટકાઉ માર્ગ સુવિધા

સુરત, તા.૩

સાવરકુંડલા શહેરમાં નાગરિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના હેતુસર ૧૧૪ લાખના ખર્ચે પોલીસ સ્ટેશનથી જુના બસ સ્ટેન્ડથી નાવલી બ્રિજ સુધીના માર્ગના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ માર્ગ કાર્ય હેઠળ અંદાજિત ૫૦૦ મીટર લંબાઈ અને ૧૧ મીટર પહોળાઈ ધરાવતા મજબૂત સી.સી. રોડનું નિર્માણ કરવામાં આવશે. માર્ગની બંને બાજુ બ્લોક પેવિંગ કામ પણ હાથ ધરાશે, જેના કારણે માર્ગ વધુ સુવ્યવસ્થિત અને સલામત બનશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં શહેરના મુખ્ય માર્ગ પર ટ્રાફિક વ્યવસ્થા વધુ સરળ બનશે, વાહનચાલકોને સુગમ, સલામત અને ટકાઉ માર્ગ સુવિધા પ્રાપ્ત થશે. ધારાસભ્યશ્રીએ આ અવસરે જણાવ્યું કે નાગરિકોની સુવિધા અને શહેરના વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને આવનારા સમયમાં પણ આવાં વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ ખાતમુહરત નગરપાલિકા હોદેદારવ્શ્રીઓ,સગઠનના હોદેદાશ્રીઓ,સ્થાનિક આગેવાનો, અધિકારીઓ તથા નાગરિકોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કાર્યક્રમ સંપન્ન થયો.

### યુએઈમાં ફસાયેલા લોકો
પહેલા પાનાનું ચાલુ

ફ્લાઈટ્સ ઈસ્લામાબાદ, પેરિસ, એમ્સ્ટરડેમ, મુંબઈ, કૈરો, લંડન માટે રવાના થઈ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સમુદાયના લોકોની સુરક્ષાને લઈને છેલ્લા ૪૮ કલાકમાં ખાડી દેશોના અનેક પ્રમુખો સાથે વાત કરી. સૌથી પહેલા તેમણે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથે વાત કરી. હવાઈ હુમલાઓ અને ભારતીય સમુદાયની સુરક્ષા પર ચર્ચા કરી.આ ઉપરાંત બહેરીનના કિંગ હમાદ બિન અલ ખલીફા, સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને જોર્ડનના કિંગ અબ્દુલ્લા બિન અલ-હુસૈન સાથે ફોન પર વાત કરી. પીએમએ આ તમામ દેશોના નેતાઓ સાથે મુશ્કેલ સમયમાં સાથ આપવાની વાત કરી.

### યુદ્ધના કારણે ભારતની
પહેલા પાનાનું ચાલુ

એલ એન્ડ જી ની ૬૦% આયાત કરવી પડે છે. જે ખાસ કરીને ગલ્ફના દેશો તરફથી આવતા પુરવઠા પર મોટી અસર થઈ રહી છે તો ઉત્પાદનના ૫.૯% પેટ્રો ઉત્પાદનોનો નિકાસ થાય છે. જેમાં અનેક દેશોને આ પુરવઠો મોકલાશે. ભારત પેટ્રોલિયમ ગેસ પણ નેપાળ-ચીન અને મ્યાનમારમાં નિકાસ કરે છે. રિલાયન્સ રિફાઈનરી સૌથી મોટી નિકાસકાર છે. હવે હોર્મુજ જળમાર્ગની ચિંતા હતી ત્યાં જ કતારે તેના વિશ્વના સૌથી મોટા ગેસ યુનિટને બંધ કરવા નિર્ણય લઈ નિકાસ થંભાવી છે. તે તાત્કાલીક અસર કરી શકે છે તો લાંબા ગાળે સુએઝ કેનાલ મારફત પુરવઠો મેળવી શકશે.

### રીયાધમાં અમેરિકી
પહેલા પાનાનું ચાલુ

કરવી પડી હતી. ઈરાનના અબ્બાસ કોનાર્ક પોર્ટ સહિતના નૌ સેના મથકો પર અમેરિકાએ ભારે હુમલા કર્યા હતા અને અનેક ઈરાનીયન જહાજોમાં આગ લાગી છે. ઈરાને વળતા જવાબમાં બહેરીન જ્યાં અમેરિકાનું સૌથી મોટુ સૈન્ય મથક છે. તેના પર ભીષણ હુમલા કર્યા છે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન યાહુએ હવેના હુમલા ઝડપી અને વધુ તેજ હશે તે જાહેર કર્યુ છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં હવે ઈરાન સીધો અમેરિકા પર પણ મીસાઈલ હુમલો કરેતેવી શક્યતા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક વાતચીતમાં સ્વીકાર્યુ કે ઈરાન પાસે અમેરિકા પર હુમલો કરી શકે તેવી મિસાઈલો છે અને તે શક્ય છે કે આ પ્રકારે હુમલો કરે યુદ્ધમાં આવી શક્યતા રહેલી જ છે. બીજી તરફ યુદ્ધે ઈરાનમાંસેના ઉતારવાની શક્યતા પણ દર્શાવી છે. ઈરાને અમારી ચેતવણી માંગી નથી તેથી અમારા તમામ વિકલ્પ ખુલ્લા છે.

### ચીન અંડરસી નેવિગેશન બંધ
પહેલા પાનાનું ચાલુ

વધુ ટકી રહેવા યોગ્ય લશ્કરી સાધનો રહે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે શોધ્યા વિના કામ કરવાની તેમની ક્ષમતા કટોકટીમાં અમેરિકાના વિશ્વસનીય પ્રતિભાવ વિકલ્પોનો પાયો છે.

રિચાર્ડ સેઈફે ચેતવણી આપી હતી કે ચીનની શાંત સિસ્ટમો, સેન્સર અને શસ્ત્રોમાં સામાન્ય સુધારો પણ વિવાદિત પાણીમાં સંતુલનને ખોરવી શકે છે. અમેરિકાના ફાયદાને જાળવી રાખવા માટે, તેમણે સબમરીનની તૈયારીને પ્રાથમિકતા આપવા, ઔદ્યોગિક આધારને મજબૂત કરવા, જાળવણીને વેગ આપવા, માનવરહિત સિસ્ટમોમાં રોકાણ કરવા અને સાથીઓ સાથે આંતર-કાર્યક્ષમતા વધારવાનો આગ્રહ કર્યો. રિચાર્ડ સેઈફે જણાવ્યું હતું કે શ્રેષ્ઠ સબમરીન એવી છે જે તૈયાર, માનવસહિત અને જરૂર પડ્યે જવા માટે તૈયાર હોય. ઓફિસ ઓફ નેવલ ઈન્ટેલિજન્સના કમાન્ડર રીઅર એડમિરલ માઈક બ્રુક્સે આ ચેતવણીનો પડઘો પાડ્યો. બ્રુક્સે જણાવ્યું હતું કે ચીનનું સબમરીન આધુનિકીકરણ યુએસ દરિયાઈ શ્રેષ્ઠતાને પડકારવાના મોટા પ્રયાસનો એક ભાગ છે. બ્રુક્સે જુબાની આપી હતી કે ચીન "વિશ્વના સૌથી મોટા સબમરીન કાફલાઓમાંના એક"નું સંચાલન કરે છે, જેમાં ૬૦ થી વધુ સબમરીનનો સમાવેશ થાય છે, જેમાં પરમાણુ સંચાલિત હુમલો સબમરીન, બેલિસ્ટિક મિસાઈલ સબમરીન અને અદ્યતન ડીઝલ-ઈલેક્ટ્રિક પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે બેઈજિંગ પરમાણુ સંચાલિત કાફલા તરફ આગળ વધી રહ્યું છે અને ૨૦૩૦ સુધીમાં તે વૃદ્ધિને ટેકો આપવા માટે ઉત્પાદન ક્ષમતાનો વિસ્તાર કરી રહ્યું છે. બ્રુક્સે ચીનના "પ્રણાલીગત મુકાબલો" અભિગમ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા, જે સબમરીન, વિમાન, સમુદ્રતળ સેન્સર અને માનવરહિત પ્લેટફોર્મને નેટવર્ક એન્ટી-સબમરીન માળખામાં એકીકૃત કરે છે.

### ભારત રશિયા પાસેથી
પહેલા પાનાનું ચાલુ

૪૦૦ના કુલ ૧૦ સ્કવોડ્રન હશે, જે કોઈપણ ડ્રોન કે મિસાઈલ હુમલાને નિષ્ફળ બનાવીને દેશની સુરક્ષાને અભેદ્ય બનાવશે. S-૪૦૦ સિસ્ટમ રશિયાએ બનાવી છે. પરંતુ ભારતે કૌશલ્યપૂર્વક તેનો ઉપયોગ કરતાં રશિયા પણ દંગ બન્યું હતું. આ સિસ્ટમમાં ચાર જાતની મિસાઈલનો સમાવેશ કરવામાં આવે છે. આ સિસ્ટમ દ્વારા લોન્ગ રેન્જની મિસાઈલ ૪૦૦ કિમીની રેન્જ ધરાવે છે.મિડિયમ રેન્જની મિસાઈલ હોય તો ૨૫૦ કિલોમીટરની રેન્જ અને શોર્ટ રેન્જ હોય તો ૧૨૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે.ત્રણેય મિસાઈલ સાથે ક્લોઝ રેન્જની મિસાઈલ પણ આવે છે.આ મિસાઈલ ૪૦ કિલોમીટરની અંદરના ટાર્ગેટને દૂર કરવા માટે સક્ષમ છે. આ સિસ્ટમમાં એડ્વાન્સ રડાર સિસ્ટમ છે. ૯૨N6E ગ્રેવસ્ટોન ટ્રેકિંગ રડાર અને ૯૬ક૬ ચીઝબોર્ડ એક્વિઝિશન રડારની મદદથી ૩૬૦ ડિગ્રીનું પ્રોટેક્શન મળે છે. આ સિસ્ટમ ૬૦૦ કિલોમીટર દૂરથી ટાર્ગેટને શોધી કાઢે છે.આ સિસ્ટમ એક સમયે ૩૦૦ ટાર્ગેટને શોધી કાઢે છે અને ૩૬ ટાર્ગેટનો એક સાથે ખાતમો કરી શકે છે.

આ સિસ્ટમને દરેક સંજોગોમાં કામ કરી શકે એ રીતે બનાવવામાં આવી છે.ઈલેક્ટ્રોનિક સિગ્નલ માટે જેમર લગાવવામાં આવ્યા હોય તો પણ આ સિસ્ટમ એ તોડીને કામ કરી શકે છે.આ સિસ્ટમને ટ્રક પર લગાવવામાં આવી છે અને એ રોડ પર ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે અને ઓફ-રોડ ૨૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચાલી શકે છે.

### જરૂર પડશે તો
પહેલા પાનાનું ચાલુ

ઈરાન પરના હુમલાને ટેકો આપ્યો, ૪૩ ટકા લોકોએ નિર્ણય સાથે અસંમત હતા, અને ૧૩ ટકા લોકોએ ખાતરી નહોતી.ટ્રમ્પે આ વાતને ફગાવી દીધી અને કહ્યું, "મને મતદાનની કોઈ પરવા નથી. હું યોગ્ય કાર્ય કરવા માંગુ છું. મને લાગે છે કે લોકો ખરેખર શું થઈ રહ્યું છે તેનાથી ખૂબ પ્રભાવિત થયા છે."

### મોદીની યુટયુબ ચેનલના
પહેલા પાનાનું ચાલુ

વૈશ્વિક સ્તરે નેતાઓમાં સૌથી વધુ સબ્સ્ક્રાઈબ કરાયેલ ચેનલ બની ગઈ છે, જે ડિજિટલ કોમ્યુનિકેશન ક્ષેત્રમાં તેમના સતત પ્રભાવને દર્શાવે છે. આ સિદ્ધિ એવા સમયે આવી છે જ્યારે પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ પર ૧૦ કરોડ ફોલોઅર્સના સીમાચિહ્નને પણ વટાવી દીધો છે. આ સાથે, તેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ સીમાચિહ્ન હાંસલ કરનારા પ્રથમ વિશ્વ નેતા બન્યા છે. ૨૦૧૪ માં ઈન્સ્ટાગ્રામમાં જોડાયા પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લા દાયકામાં તેમના એકાઉન્ટને વિશ્વના નેતાઓમાં સૌથી વધુ સક્રિય અને સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા ડિજિટલ પ્લેટફોર્મમાંનું એક બનાવ્યું છે. પ્લેટફોર્મ પર તેમની હાજરી સતત વધી રહી છે. હાલમાં, જાણીતા વિશ્વ નેતાઓમાં પીએમ મોદીના ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ ફોલોઅર્સ છે. નોંધપાત્ર રીતે, તેમના ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કરતા બમણાથી વધુ છે.

### પ્રાથમિક શિક્ષક સંઘ
પેજ-૨ પાનાનું ચાલુ

નવું મોરપિંચ્છ ઉમેરાયું છે જેનો અમને ગર્વ સાથે આનંદ છે.સમારોહનાં પ્રમુખસ્થાને બિરાજમાન ઓલપાડનાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલે પોતાનાં મનનીય પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો જ નથી,તે હંમેશા પ્રવૃત જ રહે છે તેથી તો તેનાં ચહેરાની ચમક બધાંથી અલગ જ હોય છે.આજે આપણે સૌ કિરીટભાઈને નિવૃત્તિની નહી બલ્કે પુનઃ પ્રવૃત્તિ માટેની શુભેચ્છા પાઠવવા એકત્રિત થયાં છીએ.આ બહુમુખી પ્રતિભાનાં બહુમાનમાં સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ,જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ,ઓલપાડ તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, જિલ્લાઓ પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અરૂણકુમાર અગ્રવાલ,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય હિરેનભાઈ વ્યાસ,ગુજરાત રાજ્ય કર્મચારી મહા મંડળનાં પ્રમુખ સતીષભાઈ પટેલ,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી જૈમિનભાઈ પટેલ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી અરવિંદભાઈ ચૌધરી ઉત્સાહપૂર્વક સહભાગી થયાં હતાં.પોતાનાં પ્રતિભાવમાં ભીની આંખે કિરીટભાઈએ તેમની સમગ્ર પ્રગતિનો શ્રેય તેમની સ્વર્ગસ્થ ધર્મપત્ની શિલ્પાબેનને સમર્પિત કર્યો હતો. અંતમાં સેવામૂર્તિની સ્વૈચ્છિક નિવૃત્તિને યાદગાર બનાવવા તાલુકાનાં શિક્ષણ આલમે ડીજેનાં તાલ સાથે વાજતગાજતે કિરીટભાઈને બગીમાં સવાર કરી તેમનાં માદરેવતન સ્યાદલા સુધી ભાવભીની વિદાય આપી હતી. એમ જિલ્લાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### હજીરાના ઉદ્યોગમાં
પેજ-૨ પાનાનું ચાલુ

નથી. જેના તાજા ઉદાહરણ તરીકે હજીરાના કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ દ્વારા કરાયેલ આંદોલનને જોઈ શકાય છે.

અમોને સમાચાર પત્રો અને સ્થાનિક નગરોકો પાસેથી મળેલ માહિતી મુજબ હજીરાની અને L & T ના કોન્ટ્રાકર પર કામ કરતાં કામદારો પાસે ૮ કલાકની જગ્યાએ ૧૨ કલાક કામ લઈ પગાર ૮ કલાકનો જ ચૂકવવામાં આવતો હોવાની અને વધરાના ૪ કલાકનો જે ઓવર ટાઈમ અપવાનો હોય છે,તે આ કોન્ટ્રાકર પર કામ કરતાં કામદારોને આપવામાં આવતો ન હોવાની તેમજ સરકારી નિયમ મુજબ ૧ થઈ ૭ તારીખ સુધીમાં પગાર ચૂકવી દેવાનો હોય છે તે પણ આ કામદારોને સમયસર ચૂકવામાં આવી રહ્યો ન હોવાની તેમજ સરકારના નિયમ મુજબ કંપનીમાં કામ કરતાં કામદારોને લઘુત્તમ વેતનનો લાભ ન આપતો હોવાની તેમજ PF અને ગ્રેડયુઈટીનો લાભ પણ આપવામાં આવી રહ્યો ન હોવાની તેમજ કામદારોને કંપનીના નિયમો મુજબ જે સુરક્ષા તથા આરોગ્યની જે ટ્રેનિંગ અને સવલત આપવાની હોય છે તે પણ યોગ્ય રીતે ન આપતા હોવાની તથા બહાર ના રાજ્યો માંથી જે કામદારો રોજગારી માટે આવે છે તેમની કોલોની રહેવાની યોગ્ય અને પૂરતી વ્યવસ્થા કરી આપવામાં આવતી ન હોવાની ફરિયાદ આંદોલન કરતાં કામદારો દ્વારા કરવામાં આવી રહી છે. વધુમાં હજીરા વિસ્તારમાં આવેલ ઔધ્યોગિક એકમોમાં છેલ્લા ૨૦થી ૨૫ વર્ષ થી કામદારો સતત કોન્ટ્રાક્ટ ઉપર કામ કરી કર્યા છે . તેમ છતાં આવ્યા કોન્ટ્રાક્ટ ઉપર કામ કરતાં કામદારોને કાયમી નોકળીનો લાભ આપવામાં આવી રહ્યો નથી તેમજ હજીરા વિસ્તારમાં આવેલ તમામ ઔધ્યોગિક એકમોમાં સમાન કામ - સમાન વેતનનું ઉલંઘ્ઘન કરવામાં આવી રહ્યું છે તેમજ અનેક કોન્ટ્રાકટર દ્વારા કામદારોને ગ્રેડજ્યુઈટી નો લાભ પણ આપવામાં આવી રહ્યો નથી. વધુમાં જણાવવાનું કે હજીરા વિસ્તારમાં આવેલ ઔધ્યોગિક એકમોમાં કોન્ટ્રરકટર દ્વારા કામદારોનું જે આર્થિક,માનસિક અને શારીરિક શોષણનું કરવામાં આવે છે તે બાબતે કંપની અને સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ જેવાકે Factroy Inspectro, Labour Officer, PF Inspectro, ESI Inspectro દ્વારા સુરક્ષા - સલામતી,લઘુત્તમ વેતન,બોનસ સહિતના કાયદાનઆ પાલન બાબતે પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. PF વિભાગના અધિકારીઓ કામદારોનું PF નિયમોનુસાર કપાય છે કે કેમ તેની પૂરતી તપાસ કરાવતા નથી જેથી મોટા ભાગના કોન્ટ્રાક્ટરો દ્વારા કામદારોને PFના અધિકારથી વંચિત રાખવામાં આવે છે. હજીરા વિસ્તારના તમામ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા નિયમિત સ્થળ નિરીક્ષણ યોગ્ય રીતે કરવામાં આવી રહ્યું નથી અને કંપની અને કોન્ટ્રાક્ટરના મેલાપીપણા ખૂબ જ મોટી રકમનો વહીવટ કરવામાં આવી રહ્યો હોય એવું લાગી રહ્યું છે.

### માતોશ્રી ચેરિટેબલ
પેજ-૨ પાનાનું ચાલુ

પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન ધર્મેશ મિસ્ત્રી,અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા, પાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ ભાવેશ કાયસ્થ, ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવા, ઉદ્યોગકાર એન.કે. નાવડિયા સહિત આગેવાનો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે પ્રોત્સાહન અને શારીરિક વિકાસને પ્રોત્સાહિત કરવાનો રહ્યો હતો.

### બાલાનંદ
પેજ-૨ પાનાનું ચાલુ

ગ્રંથનું નિર્માણ કરવા માટે સિદ્ધરાજ જયસિંહે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યએ તેનું નિર્માણ કર્યું હતું.''વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા અને તેમને સંતોષકારક ઉત્તર આપવામાં આવ્યા હતા. વર્ષ દરમિયાન શાળામાં યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા બનેલ વિદ્યાર્થીઓને ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

### નવી સિવિલ
પેજ-૨ પાનાનું ચાલુ

ઓફિસ, સેનેટરી ઈન્સ્પેક્ટર વિભાગ, ઈલેક્ટ્રિક અને રેડિયોલોજી વિભાગ, મેડિકલ કોલેજ અને મેડિકલ ટીમ, નર્સિંગ ટીમ મળીને વિવિધ વિભાગની ૧૨ ટીમો વચ્ચે મેચ રમાઈ હતી.

વિજેતા ટીમને નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલાના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિરેન પટેલ, પ્રમોદ પટેલ, કર્ણિકભાઈ પટેલ અને સંજય પરમાર વિશેષ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર ટુર્નામેન્ટનું સફળ આયોજન રાજુ પટેલ, લોકેશ સિંગ અને શિવરાજ સિંગ દ્વારા કરવામાં આવ્યું હતું.

### નક્સલ પ્રભાવિત
પેજ-૨ પાનાનું ચાલુ

પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

માય ભારત સુરતના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી સચિન શર્મા અને ભાવનગરના જિલ્લા યુવા અધિકારી શ્રી ભૂપેન્દ્રસિંહ ગિલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં સ્વયંસેવકો ગૌરવ પડાયા, જૈવિક રૈયાણી, ઉજ્જવલ પરમાર, આયુષ સુરતી, નિમેષ ગદ્દામ અને કમલ સોલંકીએ વ્યવસ્થાપન સંભાળ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પડકારજનક વિસ્તારોના તેજસ્વી યુવાનોમાં વહીવટી તંત્ર પ્રત્યે વિશ્વાસ સ્થાપિત કરવાનો અને તેમને દેશના વિકાસ મોડેલથી પરિચિત કરાવી હકારાત્મક પરિવર્તનના દૂત બનાવવાનો છે.

### સેનામાંથી
પેજ-૨ પાનાનું ચાલુ

મિત્રમંડળ દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. સ્વાગતની સાથે વાજતે ગાજતે શોભા યાત્રા પણ કાઢવામાં આવી હતી.

શોભાયાત્રા બિરસા મુંડા સર્કલ ખાતે આવી પહોંચતા સુબેદાર કિશન ગાવિત અને તેના પરિવારજનો સાથે રાજ્યમંત્રી જયરામ ગામીતે પણ ભગવાન બિરસા મુંડાની પુષ્પહાર પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી શોભાયાત્રાને આગળ ધપાવી હતી.

સોલ્જર જનરલ ડ્યુટી તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર કિશનભાઈ ગાવિતને પ્રથમ લાંસ નાયક, બીજું નાયક, ત્રીજું હવાલદાર,ચોથું નાયબ સુબેદાર,અને સુબેદાર નું પ્રમોશન ઉચ્ચ કારકિર્દી બનાવી હતી. સેનામાંથી સુબેદાર જેવા ઉચ્ચ પદ પર પહોંચી કિશન ગાવિતે ગામ તેમજ વિસ્તારનું નામ રોશન કર્યું છે. તેમની આ ગૌરવાન્વિત કારકિર્દી માટે તેમને સામાન્ય સેવા મેડલ, ૯ વર્ષ લાંબી સેવા માટે લોંગ સર્વિસ મેડલ, ૨૦ વર્ષની સેવા માટે ૨૦ વર્ષ લાંબી સેવા મેડલ અને ૭૫માં સ્વાતંત્ર્ય પર્વે એનિવર્સરી મેડલ એમ ચાર પદકોથી નવાજવામાં આવ્યા હતા. સુબેદાર જેવા ઉચ્ચ પદ પરથી સેવા નિવૃત થવા બદલ કિશન ગાવિતને ચોમેરથી નિવૃત જીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૦૩ માર્ચ ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫








સુરતની વિવિધ કોલેજોમાં આજે ધૂળેટી પર્વની રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. યુવકો તથા યુવતીઓએ એક બીજાને વિવિધ કલરથી રંગીને ધૂળેટી પર્વ હર્ષોલ્લાસ સાથે મનાવ્યું હતું જ્યારે શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત પરિવાર સાથે અડાજણ ખાતેના જીવન વિકાસ ટ્રસ્ટના હોળીનો તહેવાર મનાવવા પહોંચ્યા હતા. પો.કમિ. અનુપસિંહ ગેહલોત એ દિવ્યાંગ બાળકો સાથે રંગ પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

## આજે ફાગણ સુદ પૂનમે ચંદ્રગ્રહણ ભારતમાં ત્રણ પ્રકારના ગ્રહણ દેખાશે

### ગ્રહણના કારણે સુરતના મંદિરો બંધ કરી દેવાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

અમદાવાદ,તા.૦૩

વિશ્વના અમુક દેશો, પ્રદેશોમાં આજે તા. ૩ જી માર્ચે ખગ્રાસ ચંદ્રગ્રહણ ત્રણ પ્રકારે અદ્દભુત જોવા મળશે. ભારત સહિત પૂર્વીય યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, પેસિફિક, ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં અવકાશી નજારો જોવા મળશે. આ ગ્રહણ ૫ કલાક ૩૯ મિનિટ જયારે ગ્રહણની મધ્ય સ્થિરતા ૫૮ મિનિટ રહેવાની છે. ગ્રહણ નરી આંખે ઉપરાંત દૂરબીન, ટેલીસ્કોપથી આહલાદક જોઈ શકાશે. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની કચેરી ગ્રહણની વૈજ્ઞાનિક સમજ આપશે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે સંવત ૨૦૮૨ ફાગણ સુદ પુનમ ને મંગળવાર તા. ૩ જી માર્ચ, ૨૦૨૬ નું ગ્રહણ સિંહ રાશિ પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં થનારૂ ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં ત્રણ પ્રકારે જોવા મળશે જયારે ગ્રહણ પુર્વીય યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, પેસિફિક, ઉત્તર અને દક્ષિણ અમેરિકા અને એટલાન્ટિકમાં અદ્દભુત જોવા મળશે. ગુજરાતમાં ગ્રસ્તોદિત દેખાશે. ગ્રહણ સમયે વૈજ્ઞાનિકો માનવ કલ્યાણકારી સંશોધનો કરશે. ભારતમાં ફળકથનો કરવાવાળા જ્યોતિષીઓ લોકોને પાછલી સદીમાં લઈ જવાનો નિમ્ન પ્રયાસ કરશે.

ભારતીય સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૧૪ કલાક ૧૪ મિનિટ ૨૫ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૧૬ કલાક ૩૪ મિનિટ ૩૪ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૧૭ કલાક ૦૩ મિનિટ ૪૬ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૧૮ કલાક ૪૭ મિનિટ ૧૫ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૧૯ કલાક ૫૩ મિનિટ ૦૬ સેકન્ડ, પરમ ગ્રાસ : ૧.૧૫૫ ઉપરાંત સાડા પાંચ કલાક ગ્રહણ અવધિમાં ૫૮ મિનિટ મધ્ય સ્થિરતા જોવા મળશે. નરી આંખે ખંડ-ખગ્રાસ ગ્રહણ જોઈ શકાશે. ગ્રસ્તોદિત-માંધ ગ્રહણ જોવું ઓળખવું મુશ્કેલ બને છે. ગ્રહણના કારણે સુરતના મંદિરો બંધ કરી દેવામાં આવ્યા છે.

## કુખ્યાત ચિરાગ ગોટી વિરૂદ્ધ વધુ એક ધમકીનો ગુનો દાખલ

### જગ્યા ખાલી કરવા ચિરાગ ગોટી સહિત ત્રણે વેપારીને ધમકી આપી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

માથાભારે ચિરાગ ગોટી વિરુદ્ધ વધુ ગુનો નોંધાયો હતો. વેપારીની માલિકીના જગ્યા ખાલી કરાવવા વેપારી સામે ખોટો કેસ કરવાની ધમકી આપવામાં આવી હતી.કાપોદ્રા વિસ્તારમાં રહેતા અને મૂળ ભાવનગરના વતની કાનજીભાઈ નાજાભાઈ ભરવાડ (ઉ.વ. ૩૯) એ તેમની માલિકીની જમીન પચાવી પાડવાના ઈરાદે ધાક-ધમકી આપતા ત્રણ શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.ઘટનાની વિગત મુજબ, ગત તા. ૧૦/૦૭/૨૦૨૩ થી ૨૦/૦૭/૨૦૨૩ દરમિયાન આરોપીઓ નવીન બચુભાઈ પટેલ, ચિરાગ રમેશ પટેલ અને ચિરાગ ઘનશ્યામ ગોટીએ ફરિયાદીની માલિકીના પ્લોટ નંબર ૧ થી ૧૧ ખાલી કરાવવા માટે દબાણ કર્યું હતું.આરોપીઓએ ફરિયાદીને ગાળાગાળી કરી ખોટા કેસોમાં ફસાવી દેવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદમાં જણાવાયું છે કે, નવીન પટેલે તેમની જમીન પચાવવા માટે અન્ય આરોપીઓને હવાલો આપી ફરિયાદીને ડરાવવા-ધમકાવવાનું કૃત્ય કર્યું હતું. આ મામલે કાપોદ્રા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કેવડીમાં નવનિર્મિત ૯૩૭ કરોડની સિંચાઈ યોજનાનું શનિવારે લોકાર્પણ

સુરત, તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આગામી તા:૭મી માર્ચના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે ઉમરપાડા તાલુકાના કેવડી ખાતે રૂ.૯૩૭ કરોડના ખર્ચે નિર્માણ થયેલી તાપી-કરજણ લીક પાઈપ લાઈન ઉદ્વહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ થશે. આ કાર્યક્રમના આયોજનના ભાગરૂપે માંડવી પ્રાંત અધિકારી કૌશિક જાદવ તથા ધારાસભ્ય ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને ઉમરપાડા બિરસામુંડા સાંસ્કૃતિક ભવન ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રાંત અધિકારીએ બેઠક વ્યવસ્થા, હેલીપેડ, સ્ટેજની વ્યવસ્થા, પોલિસ બંદોબસ્ત, મંડપ, પાર્કિંગ વ્યવસ્થા, સિચાઈ, આરોગ્ય સહિત તમામ વિભાગોને વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. બેઠકમાં મોટી સંખ્યામાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગઈકાલે હોળી નિમિત્તે સુરત ઠેર ઠેર હોળીકાનું દહન કરવામાં આવ્યું હતું. ધાર્મિક પરંપરા મુજબ પૂજા-વિધિ બાદ હોળી પ્રગટાવવામાં આવી હતી અને અને લોકોએ હોળીમાં શ્રીફળ સહિતની સામગ્રી હોળી હોળીકાના દર્શન કર્યા હતા.

## પાલના વેપારી પર ભાગીદારના દીકરા દ્વારા કરાયેલો હુમલો

### ભાગીદારીના ધંધાના હિસાબ બાબતે થયેલી મારામારી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

પાલ વિસ્તારમાં રહેતા વેપારીને તેમના ભાગીદારના દીકરાએ તેના સાથીદારો સાથે મળી હિસાબ બાબતે રકઝક કરી મારમાર્યો હતો. આ અંગે પાલ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પાલ ખાતે સ્તુતિ રેસીડેન્સીમાં રહેતા પ્રતીક રમેશચંદ્ર ગાંધી અગાઉ ઈશ્વર મહેતા સાથે ભાગીદારીમાં ટ્રેડિંગનો વ્યવસાય કરતા હતા. ઈશ્વરભાઈ બીમાર પડતા તેમના પુત્ર વિતરાગ મહેતાએ વહીવટ સંભાળ્યો હતો. આરોપ છે કે ૩ સપ્ટેમ્બરના રોજ ઈશ્વરભાઈના પુત્ર વિતરાગ અને તેના સાથીઓએ હિસાબ બાબતે રકઝક કરી પ્રતીકભાઈની માતાની માલિકીના ફ્લેટના સાટાખત પર બળજબરીથી માતાની સહી કરાવી હતી.

ત્યારબાદ, ૫ સપ્ટેમ્બરના રોજ અલથાણ સ્થિત ઓફિસ પર બોલાવી વિતરાગ મહેતા, દિનેશ મહેતા અને અન્ય શખ્સોએ પ્રતીકભાઈને ગંદી ગાળો આપી, કાચનું પેપરવેઈટ મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. આટલેથી ન અટકતા, આરોપીઓએ વેપારીની જીઝજિજ કાર અને પત્નીનો ૫૦ હજારનો ચેક પણ બળજબરીથી પડાવી લીધા હતા. તબિયત લથડતા ૧૦૮ બોલાવવી પડી હતી. અંતે જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ અંગે પ્રતિકભાઈએ વિતરાગ ઈશ્વરભાઈ મહેતા, ચંદ્રકાંત અમૃતલાલ મહેતા, દિનેશ અમૃતલાલ મહેતા અને મિતલ બાબુલાલ મહેતા સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## ચકચારીત સંજય ગોલ્ડન હત્યા કેસમાં બે આરોપી નિર્દોષ છૂટયા

### ગોડાદરા હત્યા કેસના બંને આરોપીઓને પુરાવાના અભાવનો લીભે મળ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

ગોડાદરાના માથાભારે સંજય ગોલ્ડનની હત્યા કેસમાં ફરિયાદ પક્ષ ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ જતા બે આરોપીને પુરતા પુરાવાના અભાવે કોર્ટે નિર્દોષ છોડી મુક્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, ગોડાદરા ખાતે માથાભારે તરીકેની છાપ ધરાવતા સંજય ઉર્ફે સંજય ગોલ્ડન અભિમાન્યુ સીરસાટે ગોડાદરા મહાદેવનગરમાં કનુ ગોબર રબારી(રહે.દેવધગામ)ની સંબંધી માસીની જગ્યા ઉપર ચાઈનીઝની લારી મુકાવી હતી અને તેનું ભાડું પણ સંજય સીરસાટ વસુલતો હતો. તદુપરાંત સંજય સીરસાટે કનુ રબારીની માસીનું મકાન ચાઈનીઝની લારી ચલાવતા યુવકને ભાડેથી અપાવ્યુ હતું. આ મકાન પણ સંજયે ચાઈનીઝવાળાને ખાલી ન કરવા ચઢાવતો હતો. જેથી કનુ રબારીની માસીએ સંજય સાથે ઝગડો કર્યો હતો. પરંતુ સંજય માથાભારે હોય તેના ત્રાસથી કનુ રબારીની માસી ઘર સસ્તામાં વેચીને જતી રહી હતી. ત્યારબાદ સંજયે કનુ રબારીને હેરાન કરવાનુ શરૂ કર્યું હતું. સંજયે કનુને રોકીને ગાળો બોલી જણાવ્યું હતું કે, તારા સગાવાલા મિલકત વેચીને ભાગી ગયા છે તો તમને પણ હું ભગાડી દઈશ. બાદમાં પણ સંજયે કનુને ધમકાવવાનુ શરૂ રાખ્યુ હતુ. જેથી કંટાળી કનુ અને તેના સમાજના મુકેશ અમરત રબારીએ સંજયનુ કાસળ કાઢી નાખવા પ્લાન બનાવી ગત.તા.૨૮.૧૧.૨૦૧૫ના રોજ ગોડાદરા મહર્ષી આસ્તીક સ્કુલ સામે સંજય ઉપર તલવાર વડે હુમલો કરી તેને પતાવી દીધો હતો. લીંબાયત પોલીસે કનુ અને મુકેશ સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો. આ કેસમાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યો હતો. કોર્ટે બંને આરોપીને તહોમતમાંથી નિર્દોષ છોડી મુક્યા હતા. બચાવ પક્ષે સિનિયર વકીલો કેતન રેશમવાલા, કલ્પેશ દેસાઈ અને વકીલ નિરજ દેસાઈએ દલીલો કરી હતી.

## નિલેશ કુંભાણીની ફેક્ટરીની મુલાકાત લેતા કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ

### કોંગ્રેસમાંથી સસ્પેન્ડ થયેલા કુંભાણી ભાજપમાં જોડાશે તેવી ચર્ચા જાગી

**સુરત, તા.૦૩**

ગુજરાતના રાજકારણમાં કહેવાય છે કે અહીં જે દેખાય છે તે હોતું નથી અને જે હોય છે તે દેખાતું નથી. પરંતુ, અમરેલીના રાજુલામાં જે દશ્યો સર્જાયા છે



તે કંઈક અલગ જ વાર્તા કહી રહ્યા છે. સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના સૂપડા સાફ કરી ભાજપને ઈતિહાસની પ્રથમ 'બિનહરીફ' જીતની ભેટ ધરનાર કોંગ્રેસના સસ્પેન્ડેડ નેતા નિલેશ કુંભાણી રાજુલા સ્થિત ફેક્ટરીની મુલાકાતે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ પહોંચતા અનેક તર્કવિતર્ક સર્જાઈ છે.

તાજેતરમાં રાજુલામાં કુંભાણીની ફેક્ટરી પર ગુજરાત ભાજપના 'ચાણક્ય' ગણાતા પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની હાજરી અને તેમની સાથે નિલેશ કુંભાણીનો 'હાથમાં હાથ' નાખીને ફરતો વીડિયો વાઈરલ થતા જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે.

તાજેતરમાં અમરેલીના રાજુલામાં એક ભવ્ય જળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સી.આર. પાટીલ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. જોકે, કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પાટીલનો કાફલો સીધો જ નિલેશ કુંભાણીની ફેક્ટરી પર પહોંચ્યો હતો. નિલેશ કુંભાણીની ફેક્ટરીમાં પહોંચેલા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલનો વીડિયો વાયરલ થતા હવે નિલેશ કુંભાણી ભાજપનો હાથ પકડશે તેવી ચર્ચા જાગી છે.

## ફિનલેન્ડના વર્ક વિઝાના નામે રૂા.૮ લાખ પડાવી છેતરપીંડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

સરથાણા જકાતનાકા પાસે રહેતા ફેનીલ ભનુભાઈ સુહાગીયા (ઉ.વ. ૩૦)ને અંકિત પટેલ નામના યુવકે ફિનલેન્ડના વર્ક વિઝા અપાવવાની ખાતરી આપી હતી. અંકિત પટેલે તેના પરિચિત સુભમ પ્રફુલ રોકડ અને ભવ્ય કમલેશ પટેલના રેફરન્સ આપી તેમના મારફતે કુલ ૮ લાખ રૂપિયા મેળવી લીધા હતા.પૈસા મેળવી લીધા બાદ લાંબો સમય વીતવા છતાં આરોપીઓએ વિઝાની કોઈ કાર્યવાહી કરી ન હતી. ફેનીલભાઈએ જયારે પોતાના પૈસા પરત માંગ્યા ત્યારે આરોપીઓએ રકમ આપવાનો ઈનકાર કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે ફરિયાદીએ અંકિત પટેલ, સુભમ રોકડ અને ભવ્ય પટેલ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ ત્રણેય વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## થાઈલેન્ડ ટૂરનું સસ્તુ પેકેજ આપી મહિલા સાથે છેતરપિંડી

### યશ ટુર એન્ડ ટ્રાવેલ્સના નામે રૂા.૧.૬૬ લાખ પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

વેસુ વિસ્તારમાં રહેતા એક મહિલાએ યશ ટૂર એન્ડ ટ્રાવેલના નામે ઓનલાઈન છેતરપિંડી આચરનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ઠગબાજએ થાઈલેન્ડના સસ્તા ટૂર પેકેજની લાલચ આપી મહિલા પાસેથી કુલ ૧,૬૬,૫૦૦ પડાવી લીધા હતા.

વેસુ શિલ્પ રેસીડેન્સી ખાતે રહેતી ઉર્વશી શાહે જણાવ્યું કે, ગત ઓક્ટોબર માસમાં તેમણે ગૂગલ પર ટૂર સર્ચ કરતા એક વોટ્સએપ નંબર મળ્યો હતો. જેથી યશ ટૂર એન્ડ ટ્રાવેલ સાથે સંપર્ક થયો હતો. આ ટ્રાવેલના નામે ઠગાઈ આચરનાર ઠગે વિશ્વાસ જીતવા માટે ફ્લાઈટ ટિકિટ અને હોટલ બુકિંગના નકલી વાઉચર્સ પણ ઉર્વશીને મોકલ્યા હતા. બાદમાં ઉર્વશીને ભરોસો આવતા તેની પાસેથી ટૂર પેકેજના નામે ૧,૦૨,૦૦૦ પડાવ્યા હતા અને વિદેશી કરન્સી (થાઈ બાટ) અપાવવાના બહાને વધુ ૬૪,૫૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા.જ્યારે દંપતીને કરન્સી ન મળી અને તપાસ કરી ત્યારે ખબર પડી કે તેમની ફ્લાઈટ ટિકિટ કેન્સલ કરી દેવામાં આવી હતી. છેતરપિંડીનો અહેસાસ થતા તેમણે તુરંત સાયબર હેલ્પલાઈન જાણ કરી હતી. પોલીસ અને કોર્ટની કાર્યવાહી દ્વારા હાલ તેમને ૧૯,૦૪૯ પરત મળ્યા છે, જ્યારે બાકીના નાણાં અને આરોપીને પકડવા તપાસ ચાલુ છે.

## ચેક રિટર્ન કેસમાં નવસારીના આરોપીને એક વર્ષ કેદની સજા

### મુળ રકમ રૂા.૮ લાખ ચૂકવી દેવા સુલેહ મારફાનીને આદેશ આપતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

રૂ.૮ લાખના ચેક રિટર્નના કેસમાં નવસારીના સુહેલ મારફાનીને કોર્ટે ૧ વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

શાહપોર વાંકી બોરડી ખાતે રહેતા ૬૨ વર્ષીય સરફરાઝ મહેમુદ પઠાણે પોતાના પુત્રોને કેનેડા મોકલવા માટે વિઝા એજન્ટ તરીકે કામ કરતા સુહેલ સાજીદ મારફાનીને નાણાં ચૂકવ્યા હતા. જોકે સુહેલ મારફાની વિઝા અપાવવામાં નિષ્ફળ જતા સરફરાઝ પઠાણે ચુકવેલ નાણા પરત માગ્યા હતા. જેથી સુહેલે ચુકવણી પેટે કુલ ૮ લાખના બે ચેક આપ્યા હતા. જે ચેકો પરત થતા સરફરાઝ પઠાણે વકીલ ઝકી મુખ્તીયાર શેખ, યાહયા એમ. શેખ અને રીઝવાન સફેદા મારફતે સુહેલ વિરૂદ્ધ ચેક રિર્ટનનો કેસ કર્યો હતો. કોર્ટે આરોપી સુહેલને ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. સાથોસાથ ફરિયાદીને વળતર પેટે ૮ લાખ દિન-૬૦માં ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો.





ફાગણ સુદ પૂનમે ચંદ્રગ્રહણનો યોગ હોવાથી આવતીકાલે રંગપર્વ ધૂળેટી પર્વ ઉજવાશે. દરમિયાન આજે સુરતની શાળાઓ-કોલેજોમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉલ્લાસપૂર્વક રંગપર્વ ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હોવાનું તસ્વીરમાં નજરે પડે છે.